પુસ્તક :

વિપાકસૂત્ર

પ્રકાશક :

પ્રેમ-જિનાગમ-પ્રકાશન સમિતિ

પ્રથમ સંસ્કરણ

મૂલ્ય : ૫) પાંચ રૂપિયા

પ્રાપ્તિસ્થાન :

શ્રમણી વિદ્યાપીઠ,
હીંગવાળા લેન, ઘાટકોપર, મુંબઈ ૪૦૦ ૦૭૭

પ્રત : ૧૦૦૦

સંવત ૨૦૩૧, ઈ. સ. ૧૯૭૫

મુદ્રક :

[illegible] દેસાઈ
[illegible],
[illegible], મુંબઈ ૪૦૦ ૦૦૧

અનુક્રમ

પ્રથમ શ્રુતસ્કંધ – દુઃખવિપાક

દ્વિતીય શ્રુતસ્કંધ – સુખવિપાક



(રાગ :- મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું)

વર્ષ પચીસો પુરા થાતાં વીર પ્રભુ નિર્વાણના
સત્ય સમજાયું વિશ્વને આજે સૌ કોઇ ગુણ ગાતાં

પ્રભુ તમે જોયું, જ્ઞાનમાં દુઃખી થતો સંસાર આ
કરુણા ભાવે વાણી ઉચ્ચારી કરવા છે તારા જેવા

ગણધરોએ કરી ગુંથણી આપ્યા સિદ્ધાન્તોને
માનવ ધરે જીવનમાં તો નક્કી તરે સંસારને


સંતો વાંચે વીરની વાણી કલ્પ વૃક્ષ સાચું છે આ
પંચમ કાળે તરવા માટે શાસન એકજ તારું આ

વિપાક સૂત્ર ચોથું આપીયે સુખ દુઃખને સમજાવે
કર્મોના આ ખેલ છે કેવા પ્રભુ ! કોઇને ના છોડે

અનુવાદ કર્યો ગુજરાતીમાં અંતરમાં ઊર્મિ આણી
વિદ્યાપીઠને રોશન કરી છે તમે ઊર્મિલા સ્વામી

કરુ સમર્પણ 'પ્રાણ' ગુરુને છો અનંત ઉપકારી
અલ્પ ચૂકવીએ ઋણ તમારુ ચરણે શીશ ઝુકાવી

– હરજીવનદાસ રૂગનાથ ગાંધી



करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जाव पज्जुवासइ, पज्जुवासित्ता एवं वयासी-जइ णं भंते! समणेणं भगवया महावीरेणं जाव सपत्तेणं दसमस्स अंगस्स पण्हावागरणाणं अयमट्ठे पण्णत्ते, एक्कारसमस्स णं भते! अंगस्स विवागसुयस्य समणेणं जाव संपत्तेण के अट्ठे पण्णत्ते? । तए णं अज्जसुहम्मे अणगारे जंवू अणगार एवं वयासी-एवं खलु जंवू! समणेणं जाव संपत्तेणं एक्कारसमस्स अंगस्स विवागसुयस्य दो सुयक्खंधा पण्णत्ता, तं जहा-दुहविवागा य, सुहविवागा य ।

અંજલિબદ્ધ હાથ ઘુમાવીને આવર્તનરૂપ પ્રદક્ષિણા કર્યા બાદ વન્દના અને નમસ્કાર કરીને તેમની સેવા કરતા થકા આ પ્રમાણે બોલ્યા :-

હે ભગવન્! પ્રશ્નવ્યાકરણ નામના દશમા અંગનો ભગવન્તે જે અર્થ પ્રરૂપ્યો છે (તે મે સાંભળ્યો) તો હવે મોક્ષ સંપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ 'વિપાક સૂત્ર' નામક અગિયારમા અંગનો શું અર્થ ફરમાવ્યો છે?

ત્યાર પછી આર્ય સુધર્મા અણગારે જમ્બૂ અણગારને આ પ્રમાણે કહ્યું-હે જમ્બૂ! શ્રમણ યાવત્ મોક્ષપ્રાપ્ત ભગવાન્ મહાવીર સ્વામીએ વિપાકસૂત્ર નામક અગિયારમા અંગના બે શ્રુતસ્કધો પ્રતિપાદિત કર્યા છે જેમકે- દુઃખવિપાક અને સુખવિપાક

३- पढमस्स ण भंते ! सुयक्खंधस्स दुहविवागाणं समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते? । तए णं सुहम्मे अणगारे जम्बू-अणगारं एवं वयासी-एव खलु जंवू! समणेण३ आइगरेणं जाव संपत्तेण दुहविवागाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

मियाउत्ते, उज्झियए,
अभग्ग, सगडे वहस्सई, नंदी ।
उंवर, सोरियदत्ते, य,
देवदत्ता य अजू य ।

૩-હે ભગવન્! જો શ્રમણ યાવત્ મોક્ષસંપ્રાપ્ત ભગવાન્ મહાવીરે અગિયારમા વિપાકશ્રુત નામક અંગના બે શ્રુતસ્કધો ફરમાવ્યા છે, જેમકે-દુઃખવિપાક અને સુખવિપાક, તો હે ભગવન્! દુઃખવિપાક નામક પ્રથમ શ્રુતસ્કધમાં શ્રમણ ભગવાન્ મહાવીરે કેટલા અધ્યયનો કહ્યા છે?

ત્યાર પછી તેના ઉત્તરમા આર્ય સુધર્મા અણગાર, જમ્બૂ અણગારને આ પ્રમાણે કહેવા લાગ્યા-હે જમ્બૂ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન્ મહાવીરે દુઃખવિપાક નામક પ્રથમ શ્રુતસ્કધના દશ અધ્યયનો પ્રતિપાદિત કર્યા છે. જેમકે-(૧) મૃગાપુત્ર, (૨) ઉજ્ઝિતક, (૩) અભગ્ન, (૪) શકટ, (૫) બૃહસ્પતિ, (૬) નન્દી, (૭) ઉમ્બર, (૮) શૌરિદત્ત, (૯) દેવદત્તા અને (૧૦) અજૂ

४- जइ णं भंते! समणेणं भगवया महावीरेणं आइगरेणं तित्थयरेणं जाव संपत्तेणं दुहविवागाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-मियाउत्ते य जाव अजू य। पढमस्स णं भंते! अज्झयणस्स दुहविवागाणं

૪-હે ભગવન! શ્રમણ યાવત્ મોક્ષપ્રાપ્ત ભગવાન્ મહાવીરે દુઃખવિપાકના મૃગાપુત્ર આદિક દશ અધ્યયનોમાંથી પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે? ઉત્તરમાં સુધર્મા અણગાર કહેવા લાગ્યા-હે જમ્બૂ! તેનો અર્થ આ પ્રકારે કહ્યો છે:-

६- तेणं कालेणं तेण समएणं समणे भगवं महावीरे जाव समोसरिए। परिसा णिग्गया। तए णं से विजए खत्तिए इमीसे कहाए लद्धट्ठे समाणे जहा कूणिए तहा निग्गए, जाव पज्जुवासइ।

૬- તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી નગરની બહાર ચંદનપાદપ ઉદ્યાનમાં પધાર્યા (તેના પધારવાના સમાચાર મળતાં જ) તેમના દર્શનાર્થે જનતા નગર નીકળી પડી. ત્યાર પછી વિજય નામક ક્ષત્રિય રાજા પણ મહારાજ કુણિકની જેમ ભગવાનના ચરણોમાં ઉપસ્થિત થઈને તેમની પર્યુપાસના કરવા લાગ્યો.

७- तए णं से जाइअंधे पुरिसे तं महाजणसद्द जाव सुणेत्ता तं पुरिसं एवं वयासी-किन्नं देवाणुप्पिया! अज्ज मियागामे णयरे इंदमहेइ वा० जाव निग्गच्छंति ? । तए ण से पुरिसे तं जाइअंध पुरिसं एवं वयासी-नो खलु देवाणुप्पिया! इदमहेइ वा जाव णिग्गच्छंति, एव खलु देवाणुप्पिया! समणे जाव विहरइ। तए ण एए जाव णिग्गच्छति। तए णं से अध-पुरिसे त पुरिस एव वयासी-गच्छामो णं देवाणुप्पिया! अम्हे वि समणं भगवं जाव पज्जुवासामो। तए णं से जाइअधे पुरिसे पुरओ दंडएण पगड्ढिज्जमाणे पगड्ढिज्जमाणे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तिक्खुत्तो आयाहिणपयाहिण करेइ, करित्ता वदइ नमसइ, वदित्ता नमसित्ता जाव पज्जुवासइ। तए ण समणे भगवं महावीरे विजयस्स रन्नो तीसे य महइमहालियाए परिसाए विचित्त धम्म परिकहेइ। जहा जीवा बज्झंति। परिसा जाव पडिगया। विजए वि गए।

૭- નગરના કોલાહલમય વાતાવરણને જાણીને તે જન્માન્ધ પુરુષ, તે પુરુષને કહેવા લાગ્યો- હે દેવાનુપ્રિય! શુ આજે મૃગાગ્રામમા ઇન્દ્ર આદિનો મહોત્સવ છે? જેના કારણે જનતા નગરથી બહાર જઈ રહી છે? તે પુરુષે કહ્યુ- હે દેવાનુપ્રિય! આજે નગરમાં ઇન્દ્રાદિનો મહોત્સવ નથી, પરન્તુ (બહાર ચન્દનપાદપ નામનાં ઉદ્યાનમાં) શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે, ત્યાં આ જનતા તેમના દર્શનાર્થે જઇ રહી છે ત્યારે તે અન્ધ પુરુષે તે પુરુષને કહ્યુ-ચાલો, આપણે પણ જઈએ જઇને ભગવાનની પર્યુપાસના કરીએ

ત્યાર પછી લાકડીદ્વારા આગળ લઇ જવાતો તે પુરુષ શ્રમણ ભગવાન્ મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યો આવીને તે જન્માન્ધ પુરુષે ભગવાનને ત્રણ વાર જમણી બાજુથી શરૂ કરીને પ્રદક્ષિણા કરી, પ્રદક્ષિણા કરીને વન્દના અને નમસ્કાર કર્યા. ત્યાર બાદ તે ભગવાનની પર્યુપાસનામા તત્પર થયો ત્યાર બાદ શ્રમણ ભગવાન્ મહાવીરે વિજયરાજાને અને પરિષદને ધર્મોપદેશ આપ્યો ભગવાનની કથાને સાંભળી રાજા વિજય તથા પરિષદ ચાલી ગઇ

९-तए णं सा मियादेवी भगवं गोयमं एज्जमाणं पासइ, पासित्ता हट्ठ-तुट्ठ जाव एवं वयासी-संदिसंतु णं देवाणुप्पिया ! किमागमणपयोयणं ? । तए णं भगवं गोयमे मियादेवि एवं वयासी-अहण्णं देवाणुप्पिए! तव पुत्तं पासिउं हव्वमागए । तए णं सा मियादेवी मियापुत्तस्स दारयस्स अणुमग्गजायए चत्तारि पुत्ते सव्वालंकारविभूसिए करेइ, करित्ता भगवओ गोयमस्स पाएसु पाडेइ, पाडित्ता एवं वयासी-एए णं भंते ! मम पुत्ते पासह । तए णं से भगवं गोयमे मियादेवि एवं वयासी-नो खलु देवाणुप्पिए ! अहं एए तव पुत्ते पासिउं हव्वमागए, तत्थ णं जे से तव जेट्ठे मियापुत्ते दारए जाइ-अंधे जाइअंधरूवे, जं णं तुमं रहस्सियंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडि-जागरमाणी पडिजागरमाणी विहरसि, तं णं अहं पासिउं हव्वमागए ।

૯—ત્યાર બાદ મૃગાદેવીએ ગૌતમ સ્વામીને આવતા જોયા, જોઇને પ્રસન્ન થઇ અને નતમસ્તક થઇને તેમને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય! આપના આગમનનું શું પ્રયોજન છે? અર્થાત્ આપ કયા કારણે અહીં પધાર્યા છો?
ઉત્તરમાં ભગવાન્ ગૌતમ સ્વામીએ મૃગાદેવીને કહ્યુ–હે દેવાનુપ્રિયે! હું તમારા પુત્રને જોવા માટે આવ્યો છુ. ત્યારે મૃગાદેવીએ મૃગાપુત્ર પછી ઉત્પન્ન થયેલા ચાર પુત્રોને વસ્ત્રાભૂષણાદિથી અલંકૃત કરીને ભગવાન્ ગૌતમના ચરણોમાં માથુ નમાવીને કહ્યું– હે ભગવન્! આ મારા પુત્રો છે, આપ જોઈ લો. આ સાંભળી ભગવાન્ ગૌતમે મૃગાદેવીને કહ્યુ–દેવાનુપ્રિયે! હું તમારા આ પુત્રોને જોવા માટે નથી આવ્યો, પરન્તુ તમારા જ્યેષ્ઠ પુત્ર મૃગાપુત્રને, જે જન્માન્ધ અને જન્માન્ધરૂપ છે, તથા જેને તમે એકાન્ત ભૂમિગૃહમાં રાખ્યો છે, તેમજ જેનુ તમે ગુપ્ત રીતે સાવધાનીપૂર્વક ખાનપાનાદિ દ્વારા પાલણ-પોષણ કરી રહ્યા છો, તેને જોવા માટે હું અહીં આવ્યો છું.

१०-तए णं सा मियादेवी भगवं गोयमं एवं वयासी—से के णं गोयमा ! तहारूवे णाणी वा तवस्सी वा जेणं तव एसमट्ठे मम ताव रहस्सीकए तुब्भं हव्वमक्खाए, जओ णं तुब्भे जाणह ?। तए णं भगवं गोयमे मियादेवि एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! मम धम्मायरिए समणे भगवं महावीरे, जओ णं अहं जाणामि । जावं च णं मियादेवी भगवया गोयमेणं सद्धिं एयमट्ठं संलवइ, तावं च णं मियापुत्तस्स दारगस्स भत्तवेला जाया यावि होत्था ।

૧૦– આ સાંભળી મૃગાદેવીએ (આશ્ચર્યચકિત થઇ) ગૌતમને કહ્યુ–ભગવન! તે એવા જ્ઞાની અને તપસ્વી કોણ છે, જેમણે મારી આ રહસ્યપૂર્ણ વાર્તા આપને કહી? જેની પાસેથી આપે એ ગુપ્ત રહસ્ય જાણ્યું છે? ત્યારે ભગવાન્ ગૌતમસ્વામીએ મૃગાદેવીને કહ્યું–હે દેવાનુપ્રિયે! અર્થાત્ હે ભદ્રે! આ બાળકનો વૃત્તાન્ત મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ મને કહ્યો હતો, તેથી હું જાણું છું.

જે સમયે મૃગાદેવી ભગવાન્ ગૌતમની સાથે વાતચીત કરી રહી હતી, તે જ સમયે મૃગાપુત્ર બાળકના ભોજનનો સમય થઇ ગયો હતો. ત્યારે મૃગાદેવીએ ભગવાન ગૌતમ સ્વામીને કહ્યું–ભગ-

साइमंसि मुच्छिए, तं विउलं असणं४ आसएण आहारेइ, आहारित्ता खिप्पामेव विद्धंसेइ, विद्धंसित्ता तओ पच्छा पूयत्ताए य सोणियत्ताए य परिणामेइ। तंपि य णं पूयं च सोणियं च आहारेइ।

અને સ્વાદિમ પદાર્થોનો મુખથી આહાર કર્યો અને જઠરાગ્નિથી પચાવેલો તે આહાર તરત જ પરુ અને રુધિરના રૂપમાં પરિણત થઇ ગયો અને સાથે જ મૃગાપુત્ર બાળકે પરૂઆદિમાં પરિવર્તિત તે આહારની ઊલટી કરી અને તત્કાળ તે તે વમેલા પરુ અને રુધિરને પણ તે ચાટવા લાગ્યો

१२- तए णं भगवओ गोयमस्स तं मियापुत्तं दारयं पासित्ता अयमेयारूवे अज्झत्थिए चिंतिए कप्पिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था-'अहो णं इमे दारए पुरा-पोराणाणं दुच्चिण्णाणं दुप्पडिकंताणं असुभाणं पावाणं कडाणं कम्माणं पावगं फलवित्तिविसेसं पच्चणुब्भवमाणे विहरइ। ण मे दिट्ठा णरगा वा णेरइया वा, पच्चक्खं खलु अयं पुरिसे णरयपडिरूवियं वेयणं वेएइ'– त्ति कट्टु मियं देविं आपुच्छइ, आपुच्छित्ता मियादेवीए गिहाओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता, मियागामं णयरं मज्झमज्झेणं निग्गच्छइ, निग्गच्छित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, करित्ता वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी–

૧૨–તે મૃગાપુત્ર બાળકને જોઈને ભગવાન ગૌતમના ચિત્તમાં અનેક પ્રકારના સંકલ્પ, વિચાર અને કલ્પનાઓ ઉત્પન્ન થવા લાગી. તેમણે વિચાર્યું કે આ બાળક પૂર્વજન્મોના દુશ્ચીર્ણ (દુષ્ટતાથી કરેલા), દુષ્પ્રતિક્રાન્ત (જેના-વિનાશનો કોઇ ઉપાય કરવામાં નહી આવ્યો) અને અશુભ કર્મોના પાપ રૂપ ફળને ભોગવી રહ્યો છે. નરક તથા નારકી મેં જોયા નથી, પણ આ બાળક (મૃગાપુત્ર) નરક સમાન વેદનાઓનો અનુભવ કરતો થકો પ્રત્યક્ષ જણાય છે આમ વિચાર કરી ભગવાન્ ગૌતમે મૃગાદેવીને પૂછીને અર્થાત્ હવે હું જઇ રહ્યો છું, એમ એને સૂચિત કરીને તેના ઘરેથી પ્રસ્થાન કર્યું. નગરના મધ્ય ભાગથી ચાલીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વિરાજમાન હતા ત્યાં પહોંચી ગયા પહોંચીને શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીની જમણી બાજુથી પ્રદક્ષિણા કરીને તેમને વન્દના તથા નમસ્કાર કર્યા, વન્દના નમસ્કાર કર્યા બાદ તેમણે ભગવાનને આ પ્રમાણે કહ્યું :–

१३- एवं खलु अहं तुब्भेहिं अब्भणुण्णाए समाणे मियागामं णयरं मज्झंमज्झेणं अणुपविसामि० जेणेव मियादेवीए गिहे तेणेव उवागए। तए णं सा मियादेवी ममं एज्जमाणं पासइ, पासित्ता हट्ठ तं चेव सव्वं जाव पूयं च सोणियं च आहारेइ। तए णं मम इमे अज्झत्थिए

૧૩–ભગવન્ ! આપશ્રીની આજ્ઞા પ્રાપ્ત કરીને મેં મૃગાગ્રામ નગરમાં મધ્ય ભાગમાં થઈ પ્રવેશ કર્યો. ત્યાર પછી જ્યાં મૃગાદેવીનું ઘર હતું, ત્યાં હું પહોંચી ગયો. મને જોઈને મૃગાદેવી ઘણી પ્રસન્ન થઈ. યાવત્ પરુ, શોણિતનો આહાર કરતા થકા મૃગાપુત્રની દશાને જોઈને મારા ચિત્તમાં આ વિચાર ઉત્પન્ન થયો કે–

मित्ता विजयवद्धमाणस्स खेडस्स मज्झमज्झेणं जेणेव एक्काइरट्ठकूडस्स गिहे तेणेव उवागच्छंति, उवागच्छित्ता एक्काइसरीरयं परामुसंति, तेसिं रोगाणं नियाणं पुच्छंति। एक्काइरट्ठकूडस्स बहूहि अब्भंगेहि य उव्वट्टणाहि य सिणेहपाणेहि य वमणेहि य विरेयणेहि य सिचणेहि य अवद्दहणेहि य अणुवासणाहि य वत्थिकम्मेहि य निरुहेहि य सिरावे-हेहि य तच्छणेहि य पच्छणेहि य सिरवत्थीहि य तप्पणेहि य पुडपागेहि य छल्लीहि य वल्लीहि य मूलेहि य कंदेहि य पुप्फेहि य पत्तेहि य फलेहि य बीएहि य सिलियाहि य गुलियाहि य ओसहेहि य भेसज्जेहि य इच्छंति तेसिं सोलसण्हं रोगायकाणं एगमवि रोगायंकं उवसामित्तए, णो चेव णं सचाएंति उवसामित्तए।

[illegible] ... રોગાતંકોમાંથી કોઈ એક જ રોગાતંકનો ઉપશાન્ત કરવા માટે અનેક અભ્યંગનો, ઉદ્વર્તનો, સ્નેહપાનો, વમનો, વિરેચનો, સેચનો [illegible], [illegible], [illegible], [illegible], વસ્તિકર્મો, નિરૂહ, (નિરેચન વિશેષ) શિરાવેધ, તક્ષણ, પ્રતક્ષણ, શિરો-બસ્તિ, તર્પણ તથા પુટપાક, ત્વચા, મૂળ, કંદ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ તેમજ કરીઆતું આદિના ઉપયોગથી તથા ગુટિકા, ઔષધ, ભેષજ આદિના પ્રયોગથી પ્રયત્ન કરે છે, અર્થાત્ આ પૂર્વોકત સાધનોનો રોગોની શાન્તિ માટે ઉપયોગ કરે છે, પરન્તુ આ પૂર્વોકત નાનાવિધ ઉપચારોથી તેણે તે ૧૬ રોગોમાંથી કોઇ એક રોગને પણ ઉપશાન્ત કરવામાં સમર્થ ન થઇ શકયા.

तए णं ते बहवे विज्जा य विज्जपुत्ता य० जाहे नो सचाएंति तेसिं सोलसण्हं रोगायंकाणं एगमवि रोगायंकं उवसामित्तए, ताहे संता तंता परितंता जामेव दिसिं पाउब्भूया, तामेव दिसिं पडिगया।

જ્યારે તે વૈદ્ય અને વૈદ્યપુત્રાદિ તે ૧૬ રોગાતં-કોમાથી એક રોગાતકનું પણ ઉપશમન ન કરી શકયા ત્યારે તે વૈદ્ય વૈદ્યપુત્રાદિ શ્રાન્ત, ખિન્ન અને હતાશ થઈને જ્યાંથી આવ્યા હતા ત્યાં ચાલ્યા ગયા.

१८- तए णं एक्काई रट्ठकूडे विज्जेहि य ६ पडियाइक्खिए परियारगपरिच्चत्ते निव्विण्णोसहभेसज्जे सोलसरोगायंकेहि अभिभूए समाणे रज्जे य रट्ठे य जाव अंतेउरे य मुच्छिए, रज्जं च रट्ठं च आसाएमाणे पत्थेमाणे पीहेमाणे अभिल-समाणे अट्टदुहट्टवसट्टे अड्ढाइज्जाइं

૧૮–ત્યાર બાદ તે એકાદિ રાષ્ટ્રકૂટ વૈદ્યો આદિ દ્વારા પ્રત્યાખ્યાત (આ રોગોનો પ્રતીકાર અમારાથી નહિ થાય એમ કહી દેવા પર) તથા સેવકોથી પરિત્યકત થવા પર ઔષધ અને ભેષજથી ઉદાસીન થઈ ગયો. સોળ રોગાતકોથી ઘેરાયેલો રાજ્ય, રાષ્ટ્ર યાવત્ અન્તઃપુરમાં આસકત તેમજ રાજ્ય અને રાષ્ટ્રનુ આસ્વાદન, પ્રાર્થના, ઇચ્છા

वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसेणं सागरोवमट्ठिइएसु नेरइएसु नेरइयत्ताए उववन्ने। से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव मियागामे णयरे विजय-खत्तियस्स मियादेवीए कुच्छिंसि पुत्तत्ताए उववन्ने।

અને અભિલાષા કરતો થકો તે એકાદિ મનો-વ્યથાથી વ્યથિત, શારીરિક પીડાથી પીડિત અને ઇન્દ્રિયોને વશ હોવાથી પરતંત્ર–સ્વાધીનતા રહિત થઈને જીવન વ્યતીત કરીને ૨૫૦ વર્ષના પૂર્ણ આયુષ્યને ભોગવીને કાળને સમયે કાળ કરીને આ રત્નપ્રભા નરકમાં ઉત્કૃષ્ટ એક સાગરોપમની સ્થિતિવાળા નરકોમાં નારકરૂપે ઉત્પન્ન થયો. ત્યાર બાદ તે એકાદિનો જીવ ભવસ્થિતિ પૂરી થવા પર નરકમાંથી નિકળતાં જ આ મૃગાગ્રામ નગરમાં વિજય ક્ષત્રિયની મૃગાવતી નામની દેવીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો

१९- तए णं तीसे मियादेवीए सरीरे वेयणा पाउब्भूया, उज्जला जाव ज्जलंता। जप्पभिइं च णं मियापुत्ते दारए मियादेवीए कुच्छिंसि गब्भत्ताए उववन्ने तप्पभिइं च णं मियादेवी विजयस्स खत्तियस्स अणिट्ठा अकंता अप्पिया अमणुण्णा अमणामा यावि होत्था।

१९–ત્યાર બાદ તે મૃગાદેવીના શરીરમાં ઉજ્જ્વલ યાવત્ ઉત્કટ અને જાજ્વલ્યમાન વેદના ઉત્પન્ન થઇ તીવ્રતર વેદનાનો પ્રાદુર્ભાવ થયો. જ્યારથી મૃગાપુત્ર નામનો બાળક મૃગાદેવીના ઉદરમાં ગર્ભરૂપે ઉત્પન્ન થયો ત્યારથી લઇને તે મૃગા-દેવી વિજય નામક ક્ષત્રિયને અનિષ્ટ, અમનોહર, અપ્રિય, અસુન્દર, મનને ન ગમે તેવી લાગવા લાગી

तए णं तीसे मियादेवीए अण्णया कयाइं पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणीए इमे अज्झत्थिए जाव समुप्पज्जित्था–एवं खलु अहं विजयस्स खत्तियस्स पुव्विं इट्ठा कंता धिज्जा वेसासिया अणुमया आसी, जप्पभिइं च णं मम इमे गब्भे कुच्छिंसि गब्भत्ताए उववन्ने, तप्पभिइं च णं विजयस्स खत्तियस्स अहं अणिट्ठा जाव अमणामा जाया यावि होत्था, नेच्छइ णं विजए खत्तिए मम नामं वा गोत्तं वा गिण्हित्तए, किमंग ! पुण दंसणं वा परिभोगं वा, तं सेयं खलु मम एयं गब्भं बहूहिं साडणाहि य पाडणाहि य गालणाहि

તત્પશ્ચાત્ કોઇ સમયે મધ્યરાત્રિમાં કુટુમ્બ–ચિન્તાથી જાગતી તે મૃગાદેવીના હૃદયમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે હું પહેલાં તો વિજય નરેશને પ્રિય, ચિન્તનીય, વિશ્વાસપાત્ર અને સન્માનનીય હતી પરન્તુ જ્યારથી મારા ઉદરમાં આ ગર્ભસ્થ જીવ ગર્ભ રૂપે આવ્યો છે ત્યારથી વિજય નરેશને હું અનિષ્ટ યાવત્ અપ્રિય લાગવા લાગી છુ. અત્યારે તો વિજય નરેશ મારા નામ તથા ગોત્રનુ પણ સ્મરણ કરવા ઇચ્છતા નથી, તો પછી દર્શન અને ભોગવિલાસની તો આશા જ શું છે? તેથી મારા માટે એ જ ઉપયુક્ત અને કલ્યાણકારી છે કે હું આ ગર્ભને અનેક પ્રકારની શાતના, યાતના, ગાલના અને મારણ દ્વારા પા ઉં. તે વિચાર કરે છે અને [કરી નાં કારણભૂત

य मारणाहि य मारित्तए वा ४, एत सपेहेइ, सपेहित्ता वहूणि खाराणि य कडुयाणि य तूवराणि य गब्भसाडणाणि य खायमाणी य, पीयमाणी य, इच्छइ तं गब्भं साडित्तए वा ४, नो चेव णं से गब्भे सडइ वा ४। तए णं सा मियादेवी जाहे नो संचाएइ तं गब्भं साडित्तए वा ४, ताहे संता तंता परितंता अकामिया अस्सवसा तं गब्भं दुह–दुहेणं परिवहइ ।

तस्स णं दारगस्स गब्भगयस्स चेव अट्ठ नालीओ अब्भितरप्पवहाओ, अट्ठ नालीओ बाहिरप्पवहाओ, अट्ठ पूयप्पवहाओ, अट्ठ सोणियप्पवहाओ, दुवे दुवे कण्णंतरेसु, दुवे दुवे अच्छितरेसु, दुवे दुवे नवकंतरेसु, दुवे दुवे धमणिअंतरेसु, अभिक्खणं अंभिक्खणं पूय च सोणियं च परिस्सवमाणीओ २ चेव चिट्ठंति ।

तस्स णं दारगस्स गब्भगयस्स चेव अग्गिए नामं वाही पाउब्भूए, जेण से दारए जे आहारेइ, से णं खिप्पामेव विद्धंसमागच्छइ, पूयत्ताए य सोणियत्ताए य परिणमइ। तं पि य से पूय च सोणियं च आहारेइ ।

तए णं सा मियादेवी अन्नया कयाइ नवण्ह मासाणं बहुपडिपुण्णाणं दारग पयाया जाइअध जाव आगिइमेत्त ।

२०-तए णं सा मियादेवी तं दारगं हुड अंधरूवं पासइ, पासित्ता भीया तत्था उव्विग्गा संजायभया अम्मधाइं सद्दावेइ, [illegible] एवं वयासी-गच्छ णं देवाणु-

[illegible] ગર્ભને નાશ કરી [illegible] [illegible] ગભાનની તેની આ [illegible] તે ગર્ભને નાશ ન કરી શકી ત્યારે શરીરથી [illegible] મનથી દુઃખી તથા શરીર અને મનથી ખિન્ન થતી [illegible] ન હોવા છતાં [illegible] કારણે [illegible] દુઃખ [illegible] તે ગર્ભને ધારણ કરવા લાગી

ગર્ભમાં રહેલા તે બાળકના શરીરમાં અન્દર તથા બહાર વહેનારી આઠ નાડીઓમાંથી પરૂ અને લોહી વહેતુ હતુ શરીરની અન્દરની આઠ નાડીઓથી રુધિર અને બહારની આઠ નાડીઓમાંથી પરૂ વહ્યા કરતું હતું. આ સોળ નાડીઓમાંથી બબ્બે નાડીઓ કાનના છિદ્રોમાં, એ રીતે બબ્બે નેત્ર વિવરોમાં, બબ્બે નાસિકા વિવરો અને બબ્બે ધમનીઓ પર વારવાર પરૂ અને લોહીનો સ્રાવ કર્યા કરતી હતી અર્થાત્ તેનાથી પરૂ અને લોહી વહી રહ્યુ હતું.

ગર્ભમાંજ તે બાળકના શરીરમાં અગ્નિક–ભસ્મક નામનો રોગ ઉત્પન્ન થઇ ગયો હતો, જેના કારણે તે બાળક જે કાંઇ ખાતો તે તરત જ નષ્ટ થઇ જતુ હતુ અર્થાત્ પચી જતુ હતું. તે ખાધેલો આહાર તરત જ પરૂ અને લોહીના રૂપમાં પરિણત થઇ જતુ હતુ. ત્યારબાદ તે પરુ અને લોહીને પણ ખાઇ જતો હતો ત્યાર બાદ લગભગ નવ માસ પૂર્ણ થવા પર મૃગાદેવીએ જન્માન્ધ યાવત્ અવયવોના આકારમાત્ર રાખનાર બાળકને જન્મ આપ્યો. . . .

૨૦– હુડ તથા આંધળા તે બાળકને જોઇને ભયભીત, ત્રસ્ત, વ્યાકુળ તથા ભયથી કાપતી મૃગાદેવીએ ધાયમાતાને બોલાવીને કહ્યુ કે–દેવાનુપ્રિયે ! તમે જાઓ, આ બાળકને લઇ જઇને એકાન્તમાં કોઇ કૂડા-કચરાના ઢગલા પર ફેંકી

प्पिया! तुमं एयं दारगं एगंते उवकुरुडियाए उज्झाहि। तए णं सा अम्मधाई मियादेवीए तहत्ति एयमट्ठं पडिसुणेइ, पडिसुणित्ता जेणेव विजए खत्तिए तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयलपरिग्गहिय सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी-एवं खलु सामी! मियादेवी नवण्हं मासाणं जाव आगिइमेत्तं। तए णं सा मियादेवी तं हुंडं अंधरूवं पासइ, पासित्ता भीया तत्था उव्विग्गा संजायभया ममं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छह णं तुमं देवाणुप्पिया! एयं दारगं एगंते उवकुरुडियाए उज्झाहि, तं संदिसह णं सामी! तं दारगं अहं एगंते उज्झामि, उदाहु मा?।

આપો ત્યાર બાદ તે ધાયમાતા મૃગાદેવીના આ કથનને 'તથાસ્તુ'-ઘણું સારું, કહીને સ્વીકૃત કરતી થકી જ્યાં વિજય નરેશ હતા ત્યાં આવી અને હાથ જોડીને આ રીતે કહેવા લાગી-હે સ્વામિન! લગભગ નવ માસ પૂર્ણ થઇ જવા પર મૃગાદેવીએ એક જન્માન્ધ યાવત્ અવયવોની આકૃતિમાત્ર રાખનાર બાળકને જન્મ આપ્યો છે. તે હુંડરૂપ જન્માન્ધ બાળકને જોઇને તે ભયભીત થઇ અને તેણે મને બોલાવીને કહ્યું કે-હે દેવાનુપ્રિયે! તુ જા અને આ બાળકને લઇ જઇને એકાન્તમા કોઇ કૂડા-કચરાના ઢગલા પર ફેંકી આવ તેથી હે સ્વામિન્! આપ બતાવો કે હુ તેને એકાન્તમાં લઇ જઇને ફેંકી આવુ કે નહિ?

२१- तए णं से विजए खत्तिए तीसे अम्माधाईए अंतिए एयमट्ठं सोच्चा तहेव संभंते उट्ठाए उट्ठेइ, उट्ठित्ता जेणेव मियादेवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता मियादेविं एवं वयासी-देवाणुप्पिया! तुम्हं पढमे गब्भे, तं जइ णं तुमं एयं एगंते उवकुरुडियाए उज्झासि, तओ णं तुम्हं पया नो थिरा भविस्सइ। तो णं तुमं एयं दारगं रहस्सियगंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडिजागरमाणी २ विहराहि, तो णं तुम्हं पया थिरा भविस्सइ।

તએ णं सा मियादेवी विजयस्स खत्तियस्स तहत्ति एयमट्ठं विणएणं पडिसुणेइ, पडिसुणित्ता तं दारगं रहस्सियंसि भूमिघरंसि रहस्सिएणं भत्तपाणेणं पडिजागरमाणी २ विहरइ। एवं खलु गोयमा! मियापुत्ते दारए पुरा पुराणाणं जाव पच्चणुब्भवमाणे विहरइ।

૨૧- તે ધાયમાતા પાસેથી આ સમ્પૂર્ણ વૃત્તાન્ત સાંભળીને વ્યાકુળ થયેલો વિજય નરેશ જ્યાં બેઠો હતો ત્યાંથી ઊઠયો અને મૃગાદેવી પાસે આવ્યો, આવીને તેને આ પ્રમાણે કહ્યુ-હે ભદ્રે! આ તમારો પ્રથમ ગર્ભ છે, જો તમે તેને કોઇ એકાન્ત સ્થાનમાં-અર્થાત્ કૂડા-કચરાના ઢગલા (ઉકરડા) પર ફેંકાવી દેશો તો તમારી પ્રજા સ્થિર નહી રહે તેથી ફેંકવાને બદલે તમે આ બાળકને ભોંયરામાં રાખીને છૂપી રીતે ભકતપાનાદિ દ્વારા પાલનપોષણ કરો એમ કરવાથી તમારી ભાવી પ્રજા ચિરસ્થાયી રહેશે.

ત્યારબાદ મૃગાદેવીએ વિજય નરેશના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો અને તે બાળકને ભોંયરામાં રાખીને છૂપી રીતે ખાનપાનાદિ દ્વારા તેનુ સંરક્ષણ કરવા લાગી ભગવાન કહે છે-હે ગૌતમ! આ રીતે મૃગાપુત્ર પોતે કરેલા પૂર્વના પાપકર્મોનું પ્રત્યક્ષ ફળ ભોગતો સમય વિતાવી રહ્યો છે.

२२- मियापुत्ते ण भंते! दारए इओ का[illegible] मासे काल किच्चा कहिं गमिहि[illegible], कहिं उववज्जिहिइ?

२२– [illegible]

२३- गोयमा! मियापुत्ते दारए बत्तीसं वासाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा इहेव जंबूद्दीवे दीवे भारहे वासे वेयड्ढगिरिपायमूले सीहकुलंसि सीहत्ताए पच्चायाहिइ, से ण तत्थ सीहो भविस्सइ अहम्मिए जाव साहसिए बहु पाव जाव समज्जिणइ, समज्जिणित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए उक्कोसं सागरोवमट्ठिइएसु जाव उववज्जिहिइ। से णं तओ अणंतर उव्वट्टित्ता सरीसिवेसु उववज्जिहिइ। तत्थ ण काल किच्चा दोच्चाए पुढवीए उक्कोसेण तिन्नि सागरोवमाइं०, से णं तओ अणंतरं उव्वट्टित्ता पक्खीसु उववज्जिहिइ, तत्थ वि कालं किच्चा तच्चाए पुढवीए सत्त सागरोवमाइं०, से णं तओ सीहेसु य०, तयाणंतर चउत्थीए०, उरगो, पंचमीए० इत्थी, छट्ठीए० मणुओ, अहे सत्तमाए०। तओ अणंतरं उव्वट्टित्ता से जाइं इमाइं जलयरपंचिंदियतिरिक्खजोणियाणं मच्छ-कच्छभ-गाह-मगर-सुंसुमाराऽऽदीणं अद्ध-तेरसजाइकुलकोडिजोणिपमुहसयसहस्साइं, तत्थ णं एगमेगंसि जोणिविहाणंसि अणेगसयसहस्सखुत्तो उद्दाइ, उद्दाइत्ता तत्थेव भुज्जो भुज्जो पच्चायाइस्सइ। से णं तओ उव्वट्टित्ता एवं चउप्पएसु उरपरिसप्पेसु भुयपरिसप्पेसु खहयरेसु

૨૩– ગૌતમ [illegible] આપતાં ભગવાને [illegible] ગૌતમ! આ મૃગાપુત્ર [illegible] વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને [illegible] કાળ કરીને આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારત વર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમાં સિંહરૂપે સિંહયોનિમાં જન્મ લેશે અર્થાત્ તે ત્યાં સિંહ બનશે તે ત્યાં મહાઅધર્મી અને સાહસિક બનીને વારંવાર પાપકર્મોનું ઉપાર્જન કરશે, પછી તે સિંહ નામક આત્મા પર કાળ કરીને આ રત્નપ્રભા નામક એક સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પહેલા નરકમાં ઉત્પન્ન થશે પછી તે ત્યાથી નીકળીને સીધો સરીસૃપોમાં અર્થાત્ ભુજાઓના બળથી અથવા પેટના બળથી ચાલનાર જીવોની યોનિમાં ઉત્પન્ન થશે ત્યાંથી કાળ કરીને ત્રણ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાલી બીજી નરકભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સીધો પક્ષી યોનિમાં ઉત્પન્ન થશે ત્યાં કાળ કરીને સાત સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાલી ત્રીજી નરકભૂમિમા ઉત્પન્ન થશે ત્યાથી નીકળીને સિંહની યોનિમાં ઉત્પન્ન થશે પછી કાળ કરીને ચોથી નરકભૂમિમાં ઉત્પન્ન થશે ત્યાથી નીકળીને સર્પ થશે અને ત્યાંથી પાંચમી નરકભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને સ્ત્રી થશે અને કાળ કરીને છઠ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન થશે. ત્યાંથી નીકળીને મનુષ્ય (પુરુષ) બનશે અને કાળ કરીને સાતમી નરકભૂમિમાં ઉત્પન્ન થશે ત્યાથી નીકળીને જલચર પંચેન્દ્રિય તિર્યંચોમાં મત્સ્ય, કચ્છપો, ગ્રાહ, મગર અને સુંસુમાર આદિ જલચર પંચેન્દ્રિય જાતિના જે કુલકોટિઓની સંખ્યા સાડાબાર લાખ છે, તેના એક એક યોનિભેદમાં લાખો

चउरिंदिएसु तेइंदिएसु बेइंदिएसु वणप्फइएसु कडुयरुक्खेसु कडुयदुद्धिएसु वाऊसु तेऊसु आऊसु पुढवीसु अणेगसयसहस्सक्खुत्तो०, से ण तओ अणंतर उव्वट्टित्ता सुपइट्ठपुरे णयरे गोणत्ताए पच्चायाहिइ ।

વાર જન્મ મરણ કરતો એમાં જ વારંવાર ઉત્પન્ન થશે, અર્થાત્ આવાગમન કરશે

તત્પશ્ચાત્ ત્યાંથી નીકળીને ચતુષ્પદોમાં–ચાર પગવાળા જીવોમાં, ઉરપરિસર્પ–છાતીના બળથી ચાલનાર, ભુજ પરિસર્પ–ભુજાના બળથી ચાલનાર તથા ખેચર–આકાશમાં વિચરનાર જીવોમાં તેમ જ ચતુરિન્દ્રિય, ત્રીન્દ્રિય અને દ્વીન્દ્રિય પ્રાણીઓ તથા વનસ્પતિમાં રહેલા કડવા વૃક્ષો અને કડવા દૂધવાળા વૃક્ષોમાં વાયુ, તેજ, જલ અને પૃથ્વીકાયમાં લાખો વાર ઉત્પન્ન થશે. ત્યાર બાદ ત્યાંથી નીકળીને તે સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં બળદ રૂપે ઉત્પન્ન થશે.

२४- से णं तत्थ उम्मुक्कबालभावे जोव्वणगमणुपत्ते अन्नया कयाइं पढमपाउसंसि गंगाए महाणईए खलीणमट्टियं खणमाणे तडीए पल्लिए समाणे कालं गए तत्थेव सुपइट्ठपुरे णयरे सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाइस्सइ ।

૨૪– જ્યારે તે બાળકપણાને છોડીને યુવાવસ્થામાં આવશે ત્યારે ગંગા નામની મહાનદીના કિનારાની માટીને ખોદતાં નદીનો કિનારો પડી જવાથી પીડિત થતો મૃત્યુને પ્રાપ્ત થશે, મૃત્યુને પ્રાપ્ત થયા પછી તે ત્યાંજ સુપ્રતિષ્ઠપુર નામના નગરમાં કોઇ શેઠને ઘરે પુત્રરૂપે ઉત્પન્ન થશે.

२५- से णं तत्थ उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमणुपत्ते तहारूवाण थेराणं अंतिए धम्मं सोच्चा निसम्म मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ। से णं तत्थ अणगारे भविस्सइ–ईरियासमिए जाव गुत्त बंभयारी ।

૨૫–ત્યાં બાળપણને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત કર્યા બાદ તે સાધુજનોચિત સદ્‌ગુણોથી યુક્ત કોઈ સ્થવિર જૈન સાધુઓની પાસે ધર્મ સાંભળશે, સાંભળીને મનન કરશે, ત્યાર પછી મુંડિત થઇને અગારવૃત્તિનો ત્યાગ કરી અણગાર ધર્મને પ્રાપ્ત કરશે અર્થાત્ ગૃહસ્થા–વાસથી નીકળીને સાધુ-ધર્મને અંગીકાર કરશે તે અણગાર ઇર્યા સમિતિ યુક્ત યાવત્ બ્રહ્મચારી થશે.

से णं तत्थ बहूइं वासाइं सामण्णपरियाग पाउणित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे काल किच्चा सोहम्मे कप्पे देवत्ताए उववज्जिहिइ। से णं तओ अणंतरं चयं चइत्ता महाविदेहे वासे जाइं कुलाइं भवंति अड्ढाइं जहा

ત્યા ઘણાં વર્ષો સુધી શ્રામણ્યપર્યાયનું પાલન કરીને આલોચના અને પ્રતિક્રમણથી આત્મશુદ્ધિ કરતો સમાધિભાવને પ્રાપ્ત કરીને સમય આવવા પર કાળ કરીને સૌધર્મ નામક પ્રથમ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થશે. ત્યાર પછી દેવભવની સ્થિતિ પૂર્ણ થઈ જવા પર ત્યાંથી આવીને મહાવિદેહ ક્ષેત્રમાં

[illegible] जाव [illegible]।

एव [illegible] महावीरेण जाव [illegible] पढमस्स अज्झयणस्स [illegible] त्तिबेमि।

[illegible] રીતે [illegible] કહું છું.



દ્વિતીય અધ્યયન

ઉજ્ઝિતક

१- जइ णं भंते ! समणेणं जाव संपत्तेणं दुहविवागाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स दुहविवागाणं समणेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ? तए णं से सुहम्मे अणगारे जंबू-अणगारं एवं वयासी-एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं वाणियग्गामे णामं णयरे होत्था, रिद्धत्थिमियसमिद्धे, तस्स णं वाणियग्गामस्स उत्तरपुरत्थिमे दिसीभाए दूइपलासे णाम उज्जाणे होत्था, तत्थ णं दूइपलासे सुहम्मस्स जक्खस्स जक्खाययणे होत्था, वण्णओ।

૧– હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીએ દુઃખવિપાકના પ્રથમ અધ્યયનનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે તો ભગવન્ ! વિપાકશ્રુતના દ્વિતીય અધ્યયનનો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન્ મહાવીરે શું અર્થ કહ્યો છે ? આ પ્રશ્નના ઉત્તરમાં સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું–હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં વાણિજગ્રામ નામનું એક સમૃદ્ધિશાળી નગર હતું. તે નગરના ઇશાન-ખૂણામાં દૂતિપલાશ નામનું એક ઉદ્યાન હતું. તે ઉદ્યાનમાં 'સુધર્મ' નામના યક્ષનું એક યક્ષાયતન હતું.

२- तत्थ णं वाणियग्गामे मित्ते णामं राया होत्था। तत्थ णं मित्तस्स रन्नो सिरी णामं देवी होत्था। वण्णओ। तत्थ णं वाणियग्गामे कामज्झया णामं गणिया होत्था। अहीण-जाव सुरूवा बावत्तरिकलापंडिया चउसट्ठिगणियागुणोववेया एगूणतीसे विसेसे रममाणी एक्कतीसरइगुणप्पहाणा बत्तीसपुरिसोवयारकुसला णवंगसुत्तपडिबोहिया अट्ठारसदेसीभासाविसारया सिंगारागारचारुवेसा गीयरइगंधव्वणट्टकुसला, संगय--गय--हसिय-भणिय-विहिय--विलास--ललिय--सलाव-

૨– તે નગરમાં મિત્ર નામનો રાજા અને તેની શ્રી નામની રાણી હતી તથા તે નગરમાં અન્યૂન પંચેન્દ્રિય શરીરયુક્ત યાવત્ રૂપવતી, ૭૨ કળાઓમાં પ્રવીણ, ગણિકાના ૬૪ ગુણોથી યુક્ત, ૨૯ પ્રકારના વિષયોના ગુણોમાં રમણ કરનારી, ૩૧ પ્રકારના રતિગુણોમાં પ્રધાન ૩૨ પ્રકારના પુરુષ સમ્બન્ધી ઉપચારોમાં નિપુણ કામધ્વની નામની વેશ્યા હતી તેના પ્રસુપ્ત નવ અંગો જાગૃત હતા. તે ૧૮ દેશી ભાષાઓમાં વિશારદ હતી તે સુન્દર વેષભૂષા અને શ્રૃંગાર રસનું ઘર બનેલી હતી, તેમ જ ગતિ, રતિ અને ગાન્ધર્વ, નાટ્ય તથા નૃત્ય કળામાં પ્રવીણ, સુન્દર ગમન કરનારી, કુચાદિગત સૌન્દર્યથી

निउण-[illegible]
[illegible]
कलिया ऊसियज्झया, सहस्सलंभा विदि-
ण्णछत्तचामरवालवीयणीया, कण्णीरह-
प्पयाया वि होत्था । बहूणं गणियासह-
स्साणं आहेवच्चं पोरेवच्चं सामित्तं
भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं
कारेमाणी पालेमाणी विहरइ ।

तत्थ णं वाणियग्गामे विजयमित्ते णामं सत्थवाहे परिवसइ, अड्ढे । तस्स णं विजयमित्तस्स सुभद्दा णामं भारिया होत्था, अहीण० । तस्स णं विजयमित्तस्स पुत्ते सुभद्दाए भारियाए अत्तए उज्झियए णाम दारए होत्था । अहीण जाव सुरूवे ।

[illegible] (પરિષદ) માં ગમનાગમન કરી રહી હતી. [illegible] કરી રહી હતી અને ત્યાં નિવાસ કરતી હતી.

તે વાણિજ્યગ્રામ નગરમાં વિજય મિત્ર નામનો એક ધનવાન સાર્થવાહ નિવાસ કરતો હતો. તે વિજય મિત્રને સર્વાંગ સંપન્ન સુભદ્રા નામની પત્ની હતી. તે વિજય મિત્રનો પુત્ર અને સુભદ્રાનો આત્મજ ઉજ્ઝિતક નામનો એક સર્વાંગ સંપન્ન અને રૂપવાન બાળક હતો.

३- तेणं कालेणं तेणं समएणं भगवं जाव समोसढे । परिसा निग्गया । रायावि निग्गओ, जहा कूणिओ निग्गओ धम्मो कहिओ । परिसा राया पडिगया ।

૩– તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી વાણિજ્યગ્રામ નગરમા પધાર્યા. જનતા તેમના દર્શનાર્થે નગરમાંથી નીકળી અને ત્યાંનો રાજા પણ કુણિક નરેશની માફક ભગવાનના દર્શન કરવા ચાલ્યો ભગવાને બધાને ધર્મનો ઉપદેશ આપ્યો ઉપદેશ સાંભળીને જનતા અને રાજા બન્ને પાછા ચાલ્યા ગયા.

४- तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई जाव तेउलेस्से छट्ठं-छट्ठेणं जहा पण्णत्तीए पढमाए जाव जेणेव वाणियग्गामे तेणेव उवागच्छइ, उवागच्छित्ता वाणियग्गामे उच्चनीचमज्झिम-कुलाइं अडमाणे जेणेव रायमग्गे तेणेव [illegible] उवागच्छित्ता तत्थ णं बहवे

૪– તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ઇન્દ્રભૂતિ નામના અણગાર કે જે વિપુલ તેજોલેશ્યાને સંક્ષિપ્ત કરીને પોતાની અન્દર ધારણ કરેલી હતી તથા છઠ્ઠ છઠ્ઠના પારણા કરતા હતા એવ ભગવતી સૂત્રમાં વર્ણિત જીવનચર્યા ચલાવનાર હતા તેઓ ભિક્ષા માટે વાણિજ્યગ્રામ નગરમાં ગયા ઊંચ-નીચ અર્થાત્ સાધારણ અને અસાધારણ બધા ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતા રાજમાર્ગ પર પધાર્યા.

हत्थी पासइ, सण्णद्धबद्धवम्मियगुडिए उप्पीलियकच्छे उद्दामियघंटे णाणामणिरयणविविहगेवेज्जे उत्तरकंचुइए परिकप्पियज्झयपडागवरपंचामेले आरूढहत्थारोहे गहियाउहप्पहरणे ।

ત્યાં રાજમાર્ગ પર તેમણે (ગૌતમ સ્વામીએ) અનેક હાથીઓ જોયા કે જે યુદ્ધને માટે તૈયાર હતા. તે હાથીઓને કવચ પહેરાવ્યા હતા અને તે શરીર રક્ષક, ઉપકરણ, ઝૂલ આદિથી યુક્ત હતા, તેઓના પેટ દઢ બંધનથી બાંધેલા હતા તેમના ઝૂલાની બન્ને બાજુ મોટા મોટા ઘંટા લટકી રહ્યા હતા, તેમ જ તે મણિઓ અને રત્નોથી જડેલા, ગ્રૈવેયક (ગળાનું આભૂષણ) પહેરેલા હતા તથા જે ઉત્તર કંચુક નામના તનુત્રાણ વિશેષ એવં અન્ય કવચાદિ સામગ્રીથી યુક્ત હતા. તે ધ્વજા, પતાકા તથા પંચવિધ શિરોભૂષણોથી વિભૂષિત હતા તેમ જ તેઓના પર આયુધ અને પ્રહરણાદિ ધારણ કરનાર મહાવત સવાર થઇ રહ્યા હતા અથવા તેઓ ઉપર આયુધ અને પ્રહરણ લાદેલા હતા

५- अण्णे य तत्थ बहवे आसे पासइ, सण्णद्धबद्धवम्मियगुडिए, आविद्धगुडे, ओसारियपक्खरे उत्तरकंचुइए ओचूलमुहचंडाधरचामरथासकपरिमंडियकडिए, आरूढस्सारोहे गहिआउहप्पहरणे, तेसिं च णं पुरिसाणं मज्झगयं एगं पुरिसं पासइ, अवओडगबंधणं उक्कत्तकण्णणासं णेहतुप्पियगत्तं वज्झकरकडिजुयणियत्थं कंठे पगुणरत्तमल्लदामं चुण्णगुंडियगाय चुण्णयं वज्झपाणप्पिय तिलं२ चेव छिज्जमाण काकणिमंसखाविज्जं णवीखक्खरसएहिं हम्ममाणं अणेगणरणारिसपरिवुडं, चच्चरे चच्चरे खंडपडहएणं उग्घोसिज्जमाणं इमं च णं एयारूवं उग्घोसणं सुणेइ-'णो खलु देवाणुप्पिया ! उज्झियगस्स दारगस्स केइ राया वा रायपुत्तो

૫- શ્રી ગૌતમ સ્વામીએ ત્યાં અનેક અશ્વોને પણ જોયા, તે યુદ્ધને માટે તૈયાર હતા તથા તેમને કવચ પહેરાવેલા હતા અને અશ્વોચિત શારીરિક ઉપકરણો ધારણ કરાવ્યા હતા. તેઓના શરીર પર ઝૂલ પડેલી હતી, મુખમાં લગામ દીધેલી હતી અને તે ક્રોધથી હોઠોને ચાવી રહ્યા હતા અને ચામર તથા સ્થાસક (આભરણ વિશેષ) થી તેમનો કટિભાગ વિભૂષિત થઇ રહ્યો હતો તેના પર બેઠેલા ઘોડેસવારો આયુધ અને પ્રહરણાદિથી યુક્ત હતા અથવા જેના પર આયુધ અને પ્રહરણ લાદેલા હતા.

આ રીતે ગૌતમ સ્વામીએ ત્યાં ઘણાં પુરુષોને પણ જોયા જેઓએ દઢ બંધનોથી બાંધેલા અને લોહમય કસૂલકાદિથી યુક્ત કવચો શરીર પર ધારણ કરેલા હતા તેમની ભુજામાં શરાસન પટ્ટી (ધનુષ્ય ખેંચતી વખતે હાથની રક્ષા માટે બાંધવામાં આવતી ચામડાની પટ્ટી) બાંધેલી હતી ગળામાં આભૂષણ ધારણ કરેલા હતા અને તેમના શરીર પર વિશિષ્ટ પ્રકારની

वा अवरज्झइ, अप्पणो से सयाइं कम्माइं अवरज्झन्ति।

[illegible]

[illegible] અર્થાત્ તેને વધ કરવા યોગ્ય જે [illegible] નિશાન [illegible] કે તે [illegible] જેના બન્ને હાથોમાં હાથકડી હતી તેના ગળામાં કંઠસૂત્રની સમાન લાલ પુષ્પોની માળા હતી અને તેનું શરીર ગેરુના ચૂર્ણથી પોતેલુ હતું જે ભયથી ત્રાસ પામેલો તથા પ્રાણુ ધારણ કરી રાખવાનો ઇચ્છુક હતો, તેના શરીરને તલ તલ જેટલા ટુકડા કરીને કાપી રહ્યા હતા અને શરીરના નાના નાના માંસના ટુકડા કાગડા આદિ પક્ષીઓના લક્ષ્ય થઇ રહ્યા હતા. એવો તે પાપી પુરુષ સેકડો પત્થરો તથા ચાબુકોથી મરાઇ રહ્યો હતો અને અનેક સ્રી પુરૂષોથી ઘેરાયેલો, પ્રત્યેક ચોરા આદિ—પર તેની ઉદ્‌ઘોષણા કરવામા આવતી હતી અર્થાત્ ત્યાં ચાર અથવા તેનાથી પણ અધિક રસ્તાઓ મળતા હોય તેવા સ્થાનો પર ફૂટેલા ઢોલથી તેના સંબન્ધમા ઘોષણા કરવામા આવતી હતી, જે આ પ્રમાણે હતી—

હે મહાનુભાવો! "ઉજ્ઝિતક બાળક પ્રત્યે કોઇ રાજા કે રાજપુત્રે કોઇ અપરાધ નથી કર્યો પરતુ આ તેના પોતાના જ કર્મોનો દોષ છે, જેના કારણે આ ખરાબ અવસ્થાને પ્રાપ્ત થઇ રહ્યો છે"

६- तए णं से भगवओ गोयमस्स तं पुरिसं पासित्ता इमे एयारूवे अज्झत्थिए, चिंतिए कप्पिए, पत्थिए, मणोगए संकप्पे समु-

૬- ત્યાર બાદ તે પુરુષને જોઇને ભગવાન્ ગૌતમના મનમાં એવો વિચાર, કલ્પના કે સંકલ્પ ઉત્પન્ન થયો કે અહો! આ પુરુષ કેવી નરકસમાન વેદનાનો અનુભવ કરી રહ્યો છે! તત્પશ્ચાત

प्पज्जित्था अहो णं इमे पुरिसे जाव णरयपडिरूवियं वेयणं वेएइत्तिकट्टु वाणियग्गामे णयरे उच्चनीयमज्झिमकुलेसु जाव अडमाणे अहापज्जत्तं समुदाणं गिण्हइ, गिण्हित्ता वाणियग्गामस्स मज्झं-मज्झेणं जाव पडिदंसेइ, पडिदंसित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी-एवं खलु अहं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे वाणियग्गाम जाव तहेव निवेएइ । से णं भंते ! पुरिसे पुव्वभवे के आसि ? जाव पच्चणुब्भवमाणे विहरइ ।

વાણિજ્યગ્રામ નગરમાં ઊંચ, નીચ અને મધ્યમ અર્થાત્ ધનિક, નિર્ધન અને મધ્યમ કોટિના ઘરોમાં ભ્રમણ કરતા આવશ્યકતાનુસાર ભિક્ષા લઇને વાણિજ્યગ્રામ નગરની મધ્યમાંથી થઇને શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામીની પાસે આવ્યા અને તેમને લાવેલી ભિક્ષા બતાવી, ત્યાર બાદ ભગવાનને વન્દના, નમસ્કાર કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા– હે ભગવન્ ! આપની આજ્ઞાથી હું ભિક્ષા માટે વાણિજ્યગ્રામ નગરમાં ગયો અને ત્યા મેં નરક-સમાન વેદનાનો અનુભવ કરતા એક પુરુષને જોયો. ભદન્ત ! તે પુરૂષ પૂર્વભવમાં કોણ હતો ? જે યાવત્ નરક સમાન વેદનાનો અનુભવ કરતો સમય વિતાવી રહ્યો છે ?

७- एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे हत्थिणाउरे णामं णयरे होत्था, रिद्ध० । तत्थ णं हत्थिणाउरे णयरे सुणंदे णामं राया होत्था, महयाहिमवंत-मलयमंदर० । तत्थ णं हत्थिणाउरे णयरे बहुमज्झदेसभाए महं एगे गोमंडवे होत्था । अणेगखंभसयसण्णिविट्ठे पासाईए ४ । तत्थ णं बहवे गोरूवा सणाहा य अणाहा य णयरगावीओ य णयरबलीवद्दा य णयरपड्डियाओ य णयरमहिसीओ य णयरमहिसा य णयरवसभा य पउरतणपाणियणिब्भया णिरुव्विग्गा सुहं–सुहेणं परिवसंति ।

૭– ભગવાને ઉત્તર આપ્યો–ગૌતમ ! તે પુરુષના પૂર્વભવનો વૃત્તાન્ત આ પ્રમાણે છે–તે કાળ અને તે સમયમા આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભારત વર્ષમાં હસ્તિનાપુર નામનું એક સમૃદ્ધિશાળી નગર હતું. તે નગરમા સુનન્દ નામનો રાજા હતો. તે મહાહિમવન્ત (હિમાલય) પર્વત સમાન પુરુષોમાં મહાન્ હતો. તે હસ્તિનાપુર નગરના લગભગ મધ્ય પ્રદેશમાં સેંકડો સ્તમ્ભોથી બનાવેલ પ્રાસાદિક, (મનમાં પ્રસન્નતા ઉત્પન્ન કરનાર) દર્શનીય, અભિરૂપ, અને પ્રતિરૂપ એક મહાન ગોમંડપ (ગોશાલા) હતો. ત્યા નગરના સનાથ અને અનાથ પશુ અર્થાત્ નાગરિક ગાયો, નાગરિક બળદો, નગરની નાની વાછરડીઓ, તેમજ સાઢો સુખપૂર્વક રહેતા હતા તેમને ત્યાં ઘાસ અને પાણી આદિ પર્યાપ્ત રૂપમા મળતું અને તે ભય અને ઉપસર્ગ આદિથી રહિત થઇને ઘૂમતા

तत्थ णं हत्थिणाउरे णयरे भीमे णामं कूडग्गाहे होत्था, अहम्मिए जाव दुप्पडियाणंदे । तस्स णं भीमस्स कूडग्गाहस्स उप्पला णामं भारिया होत्था, अहीण ० ।

તે હસ્તિનાપુર નગરમાં મહાન અધર્મી યાવત્ મહામહેનતે પ્રસન્ન થનાર ભીમ નામનો એક કૂટગ્રાહ (દગાથી જીવોને ફસાવનાર) રહેતો હતો તેની ઉત્પલા નામની સ્ત્રી હતી, કે જે સમ્પૂર્ણ પચેન્દ્રિય યુક્ત શરીરવાળી હતી.

[illegible]
[illegible]
[illegible]

११- तए णं सा उप्पला कूडग्गाहिणी अण्णया कयाइं णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारगं पयाया। तए णं तेणं दारएणं जायमेत्तेणं चेव महया २ सद्देणं विघुट्ठे विस्सरे आरसिए। तए णं तस्स दारगस्स आरसियसद्दं सोच्चा णिसम्म हत्थिणाउरे णयरे बहवे णयरगोरूवा जाव वसभा य भीया ४ सव्वओ समंता विप्पलाइत्था। तए णं तस्स दारगस्स अम्मापियरो इमेयारूवं णामधेज्जं करेंति-जम्हा णं अम्हं इमेणं दारएणं जायमेत्तेणं चेव महया २ सद्देणं विघुट्ठे विस्सरे आरसिए, तए णं एयस्स दारगस्स आरसियसद्दं सोच्चा णिसम्म हत्थिणाउरे णयरे बहवे णयरगोरूवा जाव भीया ४ सव्वओ समंता विप्पलाइया, तम्हा णं होउ अम्हं दारए गोत्तासे णामेणं। तए णं से गोत्तासे दारए उम्मुक्कबालभावे जाव जाए यावि होत्था।

१२- तए णं से भीमे कूडग्गाहे अण्णया कयाइं कालधम्मुणा संजुत्ते। तए णं से गोत्तासे दारए बहूणा मित्तणाइणियगसयणसंबंधिपरिजणेणं सद्धिं संपरिवुडे रोयमाणे कंदमाणे विलवमाणे भीमस्स कूडग्गाहस्स णीहरणं करेइ, करित्ता बहूइं लोइयमयकिच्चाइं करेइ।

૧૨–ત્યાર પછી કોઈ સમયે ભીમ કૂટગ્રાહનું મરણ થઈ ગયું. ત્યારે તે ગોત્રાસે પોતાના મિત્ર, જ્ઞાતિ, નિજક, (પુત્રાદિ) સ્વજન (કાકાદિ) સંબન્ધી (શ્વસુરાદિ) અને પરિજનોથી (નોકર વર્ગથી) ઘેરાઈને રુદન, આક્રંદન અને વિલાપ કરતાં કૂટગ્રાહનો દાહ સંસ્કાર કર્યો અને કેટલીક લૌકિક મૃતક ક્રિયાઓ પણ કરી.

१३- तए णं से सुणंदे राया गोत्तास दारयं अण्णया कयाइं सयमेव कूडग्गाहत्ताए ठवेइ। तए णं से गोत्तासे दारए कूडग्गाहे जाए यावि होत्था, अहम्मिए जाव दुप्पडियाणंदे।

तए णं से गोत्तासे दारए कूडग्गाहे कल्लाकल्लिं अद्धरत्तकालसमयंसि एगे अबीए सण्णद्धबद्धकवए जाव गहियाउह-पहरणे साओ गिहाओ णिज्जाइ, णिज्जित्ता जेणेव गोमंडवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता बहूणं णयरगोरूवाणं सणाहाण य जाव वियंगेइ, वियंगित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ। तए णं से गोत्तासे कूडग्गाहे तेहिं बहूहिं गोमंसेहिं सोल्लेहिं सुरं च ६ आसाएमाणे ४ विहरइ।

૧૩– ત્યાર પછી સુનન્દ રાજાએ ગોત્રાસ બાળકને પોતે જ કૂટગ્રાહના પદ પર નિયુક્ત કર્યો. ત્યાર બાદ અધર્મી યાવત્ દુષ્પ્રત્યાનંદી (ઘણી મુશ્કેલથી પ્રસન્ન થનાર)

તે ગોત્રાસ દરરોજ અર્ધ રાત્રિના સમયે સૈનિકની જેમ તૈયાર થઇને કવચ પહેરીને, તેમ જ અસ્ત્ર-શસ્ત્રોને ધારણ કરીને પોતાના ઘરેથી નીકળે છે, નીકળીને ગોમંડપ (ગાયોના વાડામાં) જાય છે અને ત્યાં અનેક ગાય આદિ નાગરિક પશુઓના અંગોપાંગોને કાપીને પોતાના ઘરમાં આવી જાય છે, આવીને તે ગાય આદિ પશુઓના પકાવેલા માંસ સાથે મદિરા આદિનું આસ્વાદન કરતો જીવન વ્યતીત કરે છે.

१४- तए णं से गोत्तासे कूडग्गाहे एयकम्मे एयप्पहाणे एयविज्जे एयसमायारे सुबहुं पावकम्मं समज्जिणित्ता पंचवाससयाइं परमाउं पालइत्ता अट्टदुहट्टोवगए कालमासे कालं किच्चा दोच्चाए पुढवीए उक्कोसं तिसागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे।

૧૪– ત્યાર પછી તે ગોત્રાસ કૂટગ્રાહ આવા પ્રકારના કર્મોવાળો, આવા પ્રકારના કાર્યોમાં પ્રધાનતા રાખવાવાળો, પાપરૂપ વિદ્યાને જાણનારો તથા આવા પ્રકારના આચરણવાળો, વિવિધ પ્રકારના પાપકર્મોનું ઉપાર્જન કરીને પાંચસો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને, ચિન્તાઓ અને દુઃખોથી પીડિત થતો કાળ માસમાં કાળ કરીને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની સ્થિતિવાળા બીજા નરકમાં નારક રૂપે ઉત્પન્ન થયો.

१५- तए णं सा विजयमित्तस्स सत्थवाहस्स सुभद्दा भारिया जाईणिंदुया यावि होत्था तीए जाया २दारगा विणिहायमावज्जंति।

૧૫– ત્યાર બાદ વાણિજગ્રામમાં વિજયમિત્ર નામનો એક સાર્થવાહ હતો તેની સુભદ્રા નામની પત્ની હતી. તે જાત નિન્દુકા (જન્મતાં જ મરી જાય તેવા બાળકને જન્મ આપનારી) હતી, તેથી તેના બાળકો જન્મતાં જ મરી જતા હતા.

१६- तए ण से गोत्तासे कूडग्गाहे दोच्चाओ पुढवीओ अणंतरं उव्वट्टित्ता इहेव वाणियग्गामे णयरे विजयमित्तस्स सत्थवाहस्स सुभद्दाए भारियाए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे। तए णं सा सुभद्दा सत्थवाही अण्णया कयाइ णवण्हं मासाणं बहुपडि-पुण्णाणं दारयं पयाया। तए ण सा सुभद्दा सत्थवाही त दारगं जायमेयं चेव एगंते उक्कुरुडियाए उज्झावेइ, उज्झावित्ता दोच्चंपि गिण्हावेइ, गिण्हावित्ता अणुपुव्वेणं सारक्खेमाणी सगोवेमाणी संवड्ढेइ।

૧૬– [illegible] ગોત્રાસ [illegible] નરકમાંથી નીકળીને [illegible] વાણિજ્યગ્રામ નગરના વિજયમિત્ર સાર્થવાહની સુભદ્રા નામની પત્નીના ઉદરમાં (ગર્ભમાં) પુત્રરૂપે [illegible] માસ પૂર્ણ થતા [illegible] સુભદ્રા સાર્થવાહિનીએ પુત્રને જન્મ આપ્યો. જન્મ થતાં જ તે બાળકને સુભદ્રા સાર્થવાહિનીએ એકાન્તમાં કચરો નાખ-વાની જગ્યાએ ફેંકાવી દીધો અને પાછો તેને ઉઠાવી લીધો, ઉઠાવીને ક્રમશઃ રક્ષણ અને સંગોપન કરતી તેને મોટો કરવા લાગી

१७- तए णं तस्स दारगस्स अम्मापियरो ठिइवडियं च चंदसूरपासणियं च जागरियं च महया इड्ढिसक्कारसमुदएण करेंति। तए णं तस्स दारगस्स अम्मापियरो एक्कारसमे दिवसे णिवत्ते, संपत्ते बारसाहे इयमेयारूवं गोणं गुणणिप्फण्णं णामधेज्जं करेंति, जम्हा णं अम्हे इमे दारए जायमेत्तए चेव एगंते उक्कुरुडियाए उज्झिए, तम्हा णं होउ अम्हं दारए उज्झिए णामेण।

૧૭– ત્યાર બાદ તે બાળકના માતાપિતાએ મહાન્ ઋદ્ધિસત્કાર અને આડંબર સાથે કુળ મર્યાદા પ્રમાણે પુત્રજન્મ યોગ્ય વધામણીરૂપ પુત્રજન્મ-મહોત્સવ કર્યો ત્રીજે દિવસે ચન્દ્ર સૂર્ય દર્શન સમ્બન્ધી ઉત્સવ કર્યો અને છઠ્ઠે દિવસે કુળ પરમ્પરા પ્રમાણે જાગરણ મહોત્સવ કર્યો. અગિ-યારમો દિવસ વીત્યા પછી તે બાળકના માતા-પિતાએ બારમા દિવસે ગુણ નિષ્પન્ન નામકરણ આ પ્રમાણે કર્યું, કેમકે અમારો આ બાળક જન્મતાં જ અશુચિ પ્રદેશમાં ત્યાગી દેવાયો હતો, તેથી અમારા આ બાળકનુ નામ "ઉજ્ઝિતક-કુમાર" એ રાખવામાં આવે છે.

१८- तए ण से उज्झिए दारए पंचधाई-परिग्गहिए। तजहा--खीरधाई १, मज्जणधाई २, मंडणधाई ३, कीलामणधाई ४, अंकधाई ५, जहा दढपइण्णे, जाव णिव्वायणिव्वाघायगिरिकंदरमल्लीणेव चंपगपायवे सुहंसुहेणं संवड्ढेइ।

૧૮– ત્યારબાદ તે ઉજ્ઝિતકકુમાર ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડાપનધાત્રી અને અંકધાત્રી આ પાંચ ધાવમાતાઓથી યુક્ત દઢ-પ્રતિજ્ઞ કુમારની જેમ યાવત્ નિર્વાત (પવન રહિત) અને નિર્વ્યાઘાત (બાધારહિત) પર્વતની કંદરામાં રહેલા ચમ્પકવૃક્ષની જેમ સુખપૂર્વક મોટો થવા લાગ્યો.

१९- तए णं से विजयमित्ते सत्थवाहे अण्णया कयाइं गणिमं च धरिमं च मेज्जं च पारिच्छेज्जं च चउव्विहं भंडगं गहाय लवणसमुद्दं पोयवहणेणं उवगए। तए णं से विजयमित्ते तत्थ लवणसमुद्दे पोयविवत्तीए णिव्वुड्डभंडसारे अत्ताणे असरणे कालधम्मुणा संजुत्ते।

तए णं तं विजयमित्तं सत्थवाहं जे जहा बहवे ईसर--तलवरमाडंबिय--कोडुंबिय--इब्भ--सेट्ठि--सेणावइ--सत्थवाहा लवण-समुद्दे पोयविवत्तीए निव्वुड्डभंडसारं कालधम्मुणा सजुत्तं सुणेंति, ते तहा हत्थणिक्खेवं च बाहिरभंडसारं च गहाय एगंतं अवक्कमंति।

૧૯– તદનન્તર કોઇ વખતે વિજયમિત્ર સાર્થવાહે ગણિમ, (ગણના કરીને વેચાતા) ધરિમ, (તોળીને વેચાતા) મેય, (માપીને વેચાતા) અને પરિચ્છેદ, (પરીક્ષા કરીને વેચાતા) રૂપ ચાર પ્રકારની પણ્ય વસ્તુઓને લઇને લવણ સમુદ્રમાં પ્રસ્થાન કર્યું, પરન્તુ લવણ સમુદ્રમાં વહાણપર વિપત્તિ આવવાથી વિજયમિત્રની ઉક્ત ચારે પ્રકારની મહામૂલ્યવાળી વસ્ત્ર, આભૂષણ આદિ વસ્તુઓ પાણીમાં ડૂબી ગઇ અને તે પોતે પણ ત્રાણરહિત તેમજ શરણરહિત થઇ જવાથી મૃત્યુ પામ્યો. ત્યાર બાદ ઇશ્વર, તલવર, માંડલિક, કૌટુંબિક, ધનવાન, શેઠ અને સાર્થવાહોએ જ્યારે લવણ સમુદ્રમાં વહાણ નષ્ટ થયું તે, તથા મહામૂલ્યવાળું કરિયાણું જલમાં ડૂબી જવાથી ત્રાણ અને શરણથી રહિત વિજયમિત્રના મૃત્યુના સમાચાર સાંભળ્યા, ત્યારે પોતાના હાથે લીધેલી થાપણ અને તેથી અતિરિક્ત બહુમૂલ્ય વસ્ત્ર, આભૂષણ આદિ લઇને એકાન્તસ્થાનમાં ચાલ્યા ગયા.

२०- तए णं सा सुभद्दा सत्थवाही विजयमित्त सत्थवाहं लवणसमुद्दे पोयविवत्तीए णिव्वुड्डभंडसारं कालधम्मुणा संजुत्त सुणेइ, सुणित्ता महया पइसोएणं अप्फुण्णा समाणी परसुनियत्ता विव चंपगलया धसत्ति धरणीतलंसि सव्वंगेहि संणिवडिया।

तए णं सा सुभद्दा मुहुत्तंतरेणं आसत्था समाणी बहूहिं मित्त--जाव परिवुडा रोयमाणी कंदमाणी विलवमाणी विजयमित्तस्स सत्थवाहस्स लोइयाइं मयकिच्चाइं करेइ। तए णं सा सुभद्दा अण्णया कयाइं लवणसमुद्दोतरण च लच्छिविणासं च पोतविणासं च पइमरणं

૨૦– જ્યારે સુભદ્રા સાર્થવાહિનીએ લવણ-સમુદ્રમાં સંકટ આવી પડવાથી કરિયાણું પાણીમાં ડૂબી જવાની સાથોસાથ વિજયમિત્રના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે તે પતિ વિયોગજન્ય મહાન્ શોકથી વ્યાપ્ત થઇ અને કુહાડાથી કાપેલી ચમ્પકવૃક્ષની શાખાની જેમ ધડામ કરતી (ધસ દઇને) પૃથ્વી તળ પર પડી ગઇ.

ત્યારબાદ થોડા સમય પછી તે સુભદ્રા સ્વસ્થ થઇ તથા અનેક મિત્ર, જ્ઞાતિ યાવત્ સમ્બન્ધીજનો સાથે રુદન, ક્રંદન તથા વિલાપ કરતી વિજય-મિત્રની લૌકિક મૃતકક્રિયા કરવામાં તત્પર થઇ. ત્યાર પછી તે સુભદ્રા સાર્થવાહિની થોડા સમય પછી લવણ સમુદ્રમાં પતિનું ગમન, લક્ષ્મીનો વિનાશ, વહાણનું ડૂબવું અને પતિનું મૃત્યુ એ બધાની ચિન્તામાં નિમગ્ન થઇ અને ચિન્તામાં જ મરણ પામી.

च अणुचितेमाणी २ कालगया नंतना। तए ण णयरगुत्तिया नुभद्द न[illegible] कालगय जाणित्ता उज्झियग दारग भाओ गिहाओ णिच्छुभति णिच्छुभित्ता त गिहं अण्णस्स दलयति।

[illegible]

२१- तए ण से उज्झियदारए सयाओ गिहाओ निच्छूढे समाणे वाणियग्गामे णयरे सिंघाडग – जाव – पहेसु जूयखलएसु वेसियाघरएसु पाणागारेसु य सुहंसुहेण विहरइ। तए णं से उज्झियए दारए अणोहट्टए अणिवारए सच्छंदमई, सइरप्पयारे मज्जप्पसंगी चोरजूयवेस-दारप्पसंगी जाए यावि होत्था। तए णं से उज्झिए दारए अण्णया कयाइ कामज्झयाए गणियाए सद्धि संपलग्गे जाए यावि होत्था. कामज्झयाए गणियाए सद्धि उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरइ।

૨૧ પોતાના ઘેરથી કાઢી મૂકવાથી ઉજ્ઝિતક કુમાર વાણિજ્યગ્રામ નગરના શિંઘાડા, ત્રિક, યાવત્ સામાન્ય માર્ગો પર તથા જુગારગૃહો, વેશ્યાગૃહો અને મદિરાપાનના સ્થાનોમાં સુખપૂર્વક પરિભ્રમણ કરવા લાગ્યો. ત્યારબાદ કોઇ જાતની રોકટોક વિનાનો, સ્વચ્છંદ મતિવાળો તેમજ નિરંકુશ બનેલો તે (ઉજ્ઝિતક) કુમાર ચોરી, જુગાર, વેશ્યાગમન અને પરસ્ત્રી ગમનમાં આસક્ત થઇ ગયો. કોઇ વખતે કામધ્વજ નામની વેશ્યા સાથે સ્નેહ, સમ્બન્ધ સ્થાપિત થઇ જવાના કારણે તે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન કામભોગોનો (વેશ્યા સાથે) ઉપભોગ કરતો સમય વ્યતીત કરવા લાગ્યો

२२- तए णं तस्स मित्तस्स रण्णो अण्णाया कयाइं सिरीए देवीए जोणीसूले पाउब्भूए यावि होत्था। णो संचाइए मित्ते राया सिरीए देवीए सद्धि उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए। तए णं से मित्ते राया अण्णया कयाइं उज्झियय दारयं कामज्झयाए गणियाए गिहाओ णिच्छुभावेइ, णिच्छुभावित्ता कामज्झयं गणियं अब्भितरयं ठवेइ, ठवित्ता कामज्झयाए गणियाए सद्धि उरालाइं जाव विहरइ।

૨૨–ત્યારબાદ વિજયમિત્ર નામક રાજાની 'શ્રી' નામની રાણીને યોનિશૂળ રોગ ઉત્પન્ન થયો, તેથી વિજયમિત્ર રાજા રાણી સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન કામભોગોનું સેવન કરવામાં સમર્થ ન રહ્યો. ત્યારે કોઇ સમયે વિજયમિત્ર રાજાએ ઉજ્ઝિતક કુમારને કામધ્વજા ગણિકાના સ્થાનમાથી કાઢી મૂક્યો અને કામધ્વજા વેશ્યાને પોતાના અન્તઃપુરમાં રાખી લીધી અને તેની સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન વિષયભોગોનુ સેવન કરવા લાગ્યો.

तए ण से उज्झिए दारए कामज्झयाए गणियाए गिहाओ णिच्छुभाविए समाणे कामज्झयाए गणियाए मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे अण्णत्थ कत्थइ सुइं च रइं च धिइं च अविदमाणे तच्चित्ते तम्मणे तल्लेसे तदज्झवसाणे तदट्ठोवउत्ते तयप्पियकरणे तब्भावणाभाविए कामज्झयाए गणियाए बहूणि अतराणि य छिद्दाणि य विवराणि य पडिजागरमाणे २ विहरइ ।

ત્યારબાદ કામધ્વજા વેશ્યાનાં ઘરમાંથી કાઢી મૂકવાથી કામધ્વજામાં મૂર્ચ્છિત, તેના ધ્યાનમાં જ પાગલ બનેલો, તેની આકાંક્ષા રાખનારો, તેના સ્નેહપાશમાં જોડાયેલો અને તેનાજ વિચારમાં અત્યંત બેચેન રહેનારો, તે કુમાર બીજા કોઇ પણ સ્થાને સ્મરણ, પ્રેમ અને માનસિક શાન્તિ પ્રાપ્ત ન કરી શક્યો, તેનું ચિત્ત તે વેશ્યામાં જ પરોવાયેલું રહ્યાં કરતુ. તદ્વિષયક પરિણામવાળો, તત્સમ્બન્ધી કામભોગોમાં પ્રયત્નશીલ, તેને મેળવવા માટે આતુર રહેતો તેના મન, વચન અને શરીર એ બધાં તેને માટે અર્પણ થઈ રહ્યા હતાં. તે વેશ્યાની જ ભાવનાથી ભાવિત રહેતો તે કુમાર તે કામધ્વજા વેશ્યાના અંતર (રાજાનું આગમન જે સમયે ન હોય), છિદ્ર (રાજપરિવારની કોઈ પણ વ્યક્તિ જે સમયે ન હોય), અને વિવર (સામાન્ય મનુષ્ય પણ જે સમયે ન હોય) એવા સમયની ગવેષણા કરતો જીવન વિતાવવા લાગ્યો.

२३- तए णं से उज्झियए दारए अण्णया कयाइं कामज्झयाए गणियाए अतरं लभेइ, लभित्ता कामज्झयाए गणियाए गिहं रहस्सियं अणुप्पविसइ, अणुप्पविसित्ता कामज्झयाए सद्धि उरालाइं जाव विहरइ । इमं च णं मित्ते राया ण्हाए जाव कयवलिकम्मे कयकोउयमगलपायच्छित्ते सव्वालंकारविभूसिए मणुस्सवागुराए परिक्खित्ते जेणेव कामज्झयाए गणियाए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तत्थ ण उज्झियं दारयं कामज्झयाए गणियाए सद्धि उरालाइं जाव विहरमाणं पासइ, पासित्ता आसुरुत्ते ४ तिवलि भिउडि णिलाडे स ०८ [illegible]ज्झियं दारयं पुरिसेहिं

૨૩–તત્પશ્ચાત્ તે ઉજ્ઝિતક કુમારે કોઇ વખતે કામધ્વજા ગણિકા પાસે જવાનો અવસર પ્રાપ્ત કરીને ગુપ્ત રીતે તેના ઘરમાં પ્રવેશ કર્યો અને તે કામધ્વજા વેશ્યાની સાથે મનુષ્ય સમ્બન્ધી પ્રધાન વિષયભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

અહિ તે વિજયમિત્ર રાજા સ્નાન યાવત્ દુષ્ટ સ્વપ્નોનાં ફળને નષ્ટ કરવા માટે પ્રાયશ્ચિતરૂપે મસ્તક પર તિલક તેમજ અન્ય માંગલિકો કરીને, સમ્પૂર્ણ અલંકારોથી વિભૂષિત થઇને, મનુષ્યોથી ઘેરાઇને તે કામધ્વજા વેશ્યાને ઘરે ગયો ત્યાં તેણે કામધ્વજા વેશ્યા સાથે મનુષ્ય સમ્બન્ધી વિષયભોગોનો ઉપભોગ કરતાં ઉજ્ઝિતક કુમારને [illegible] ક્રોધથી લાલપીળો થઇ અ[illegible] ત્રણ રેખાઓ વાળી [illegible] અનુચર પુરુષોદ્વારા

गिण्हावेइ. गिण्हाविता [illegible] पवरप्पहारेण सभगग[illegible] कारेइ, कारित्ता [illegible] कारेइ, [illegible] एएणं विहाणेणं वज्झं आणेइ।

एवं खलु गोयमा! उज्झियए दारए पुरा पोराणाणं जाव पच्चणुभवमाणे विहरइ।

[illegible]

२४- उज्झियए णं भंते दारए इओ कालमासे कालं किच्चा कहिं गर्मिहिइ?, कहिं उववज्जिहिइ?।

૨૪- [illegible] ભગવાન ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે ભગવાન! ઉજ્ઝિતકકુમાર અહીંથી કાળમાસમાં કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે?

गोयमा! उज्झियए दारए पणवीसं वासाइं परमाउं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलभिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ। से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबूद्दीवे दीवे भारहे वासे वेयड्ढगिरिपायमूले वाणर-कुलंसि वाणरत्ताए उववज्जिहिइ। से णं तत्थ उम्मुक्कबालभावे तिरियभोएसु मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे, जाए जाए वाणरपोए वहेहिइ। एयकम्मे ४ कालमासे कालं किच्चा इहेव जंबूद्दीवे भारहे वासे इंदपुरे णयरे गणियाकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ। तए णं तं दारगं अम्मापियरो जायमेत्तगं वद्धेहिंति। तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्ते एगारसमे दिवसे संपत्ते बारसाहे इमं एयारूवं णामधेज्जं करेहिंति। होउ णं पियसेणे णपुंसए।

ઉત્તર- ગૌતમ! ઉજ્ઝિતકકુમાર ૨૫ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આજે જ દિવસના ત્રીજા ભાગમા શૂળી દ્વારા ભેદને પ્રાપ્ત થતો કાળમાસમા કાળ કરીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમા નારક રૂપે ઉત્પન્ન થશે ત્યાંથી નીકળીને સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમા વાંદરાઓના કુળમા વાંદરા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપણાને ઓળંગીને યુવાવસ્થાને પ્રાપ્ત થતાં પશુસમ્બન્ધી ભોગોમા આસકત, આકાંક્ષાવાળો, ભોગોના સ્નેહ–પાશમા જકડાયેલો, ભોગોસમ્બન્ધી આસક્તિમાં બંધાયેલો, તેના સેવનમાં ક્ષણે-ક્ષણે ભાવિત અંતઃકરણવાળો થઈને તે વાંદરાઓના બચ્ચાઓનું અવહનન કર્યા કરશે એવા કર્મોમાં તલ્લીન થયેલો તે કાળ માસમાં કાળ કરીને આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષના ઇન્દ્રપુર નામના નગરમા ગણિકાના ઘરમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે. માતાપિતા ઉત્પન્ન થયેલા તે બાળકને નપુંસક કરીને નપુંસક કર્મ શિખડાવશે બાર દિવસ વ્યતીત થઇ જવા પર તેના માતાપિતા તેનુ નામ "પ્રિયસેન" એવું રાખશે. બાળપણાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો, વિશેષ જ્ઞાન ધરાવવાવાળો તેમજ બુદ્ધિ આદિથી પરિપકવ

तए णं से पियसेणे णपुंसए उम्मुक्क-वालभावे जोव्वणगमणुपत्ते विण्णायपरि-णयमित्ते रूवेण य जोवणेण य लावण्णेण य उक्किट्ठे उक्किट्ठसरीरे भविस्सइ।

અવસ્થાને પામેલો તે પ્રિયસેન નપુંસક રૂપ, યૌવન અને લાવણ્ય દ્વારા ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળો થશે.

तए णं से पियसेणे णपुसए इंदपुरे णयरे वहवे राईसर जाव पभिईओ वहूहि य विज्जापओगेहि य मंतचुण्णेहि य उड्डा-वणेहि य णिण्हवणेहि य पण्हवणेहि य, वसीकरणेहि य आभिओगेहि य अभियो गित्ता उरालाइं माणुस्साइं भोगभोगाइं भुंजमाणे विहरिस्सइ।

ત્યાર બાદ તે પ્રિયસેન નપુંસક ઇન્દ્રપુર નગરના રાજા, ઇશ્વર યાવત્ બીજા મનુષ્યોને અનેક પ્રકારના વિદ્યા પ્રયોગોથી, મંત્રો દ્વારા, મન્ત્રેલી ભસ્મ આદિના યોગથી હૃદયને શૂન્ય કરી દેનારા, અદૃશ્ય કરી દેનારા, વશમાં કરી દેનારા તથા પરાધીન કરી દેનારા પ્રયોગોથી બધાને વશીભૂત કરીને મનુષ્ય સમ્બન્ધી પ્રધાનભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરશે.

तए णं से पियसेणे णपुंसए एयकम्मे ४ सुवहुं पावकम्मं समज्जिणित्ता एक्कवीसं वाससयं परमाउं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ।

તે પ્રિયસેન નપુંસક આ પાપપૂર્ણ કાર્યોને જ પોતાનું કર્તવ્ય, મુખ્ય લક્ષ્ય તથા વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ બનાવશે. આ ખરાબ પ્રવૃત્તિઓ દ્વારા તે અત્યાધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને ૧૨૧ વર્ષના પરમ આયુષ્યને ઉપભોગ કરીને કાળ માસે કાળ કરીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે.

तओ सरीसिवेसु, संसारो, तहेव जहा पढमे जाव पुढवीसु से णं तओ अंणंतरं उव्वट्टित्ता इहेव जंवूद्दीवे भारहे वासे चंपाए णयरीए महिसत्ताए पच्चायाहिइ। से णं तत्थ अण्णया कयावि गोट्ठिल्लएहिं जीवियाओ ववरोविए समाणे तत्थेव चंपाए णयरीए सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ।

ત્યાંથી નીકળીને છાતીના બળથી ચાલનાર સર્પ આદિ અથવા ભુજાના બળથી ચાલનાર નોળિઆ આદિ પ્રાણિઓની યોનિમાં જન્મ લેશે. ત્યાંથી તેનું સંસાર ભ્રમણ જે રીતે પ્રથમ અધ્યયનમાં મૃગાપુત્રનું વર્ણન કરવામા આવ્યું છે, તે રીતે થશે. યાવત્ બીજી, ત્રીજી આદિ નરક ભૂમિઓમાં જન્મ લેશે અને સંસાર ભ્રમણ કરશે. ત્યાર પછી તે સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષની ચમ્પા નામની નગરીમાં પાડા રૂપે ઉત્પન્ન થશે ત્યા તે કોઇ સમયે મિત્રમંડળી દ્વારા મારવામા આવશે અને તે જ ચમ્પાનગરીના શ્રેષ્ઠિ કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે.

गिण्हावेइ. गिण्हावित्ता अट्ठिमुट्ठिजाणुकोप्परप्पहारेण संभग्गमहियगत्तं करेइ, करित्ता अवओडगबंधणं करेइ, करित्ता एएण विहाणेण वज्झं आणवेइ।

एवं खलु गोयमा ! उज्झियए दारए पुरा पोराणाण जाव पच्चणुभवमाणे विहरइ।

[illegible]

२४- उज्झियए णं भंते दारए इओ कालमासे काल किच्चा कहिं गमिहिइ ?, कहिं उववज्जिहिइ ?।

૨૪- આ વર્ણન સાંભળી ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો કે ભગવન્ ! ઉજ્ઝિતકકુમાર અહીંથી કાળમાસમાં કાળ કરીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

गोयमा ! उज्झियए दारए पणवीसं वासाइं परमाउं पालइत्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलभिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ। से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबूद्दीवे दीवे भारहे वासे वेयड्ढगिरिपायमूले वाणरकुलंसि वाणरत्ताए उववज्जिहिइ। से णं तत्थ उम्मुक्कबालभावे तिरियभोएसु मुच्छिए गिद्धे गढिए अज्झोववण्णे, जाए जाए वाणरपोए वहेहिइ। एयकम्मे ४ कालमासे कालं किच्चा इहेव जंबूद्दीवे भारहे वासे इंदपुरे णयरे गणियाकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ। तए णं तं दारगं अम्मापियरो जायमेत्तग वद्धेहिंति। तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्ते एगारसमे दिवसे संपत्ते बारसाहे इमं एयारूवं णामधेज्जं करेहिंति। होउ णं पियसेणे णपुंसए।

ઉત્તર- ગૌતમ ! ઉજ્ઝિતકકુમાર ૨૫ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવીને આજે જ દિવસના ત્રીજા પહોરમા શૂળી દ્વારા ભેદને પ્રાપ્ત થતો કાળમાસમા કાળ કરીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે ત્યાંથી નીકળીને સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષના વૈતાઢ્ય પર્વતની તળેટીમા વાંદરાઓના કુળમાં વાંદરા રૂપે ઉત્પન્ન થશે. ત્યાં બાળપણાને ઓળગીને યુવાવસ્થાને પ્રાપ્ત થતા પશુસમ્બન્ધી ભોગોમા આસક્ત, આકાંક્ષાવાળો, ભોગોના સ્નેહ–પાશમાં જકડાયેલો, ભોગોસમ્બન્ધી આસક્તિમા બંધાયેલો, તેના સેવનમાં ક્ષણે-ક્ષણે ભાવિત અંતઃકરણવાળો થઈને તે વાંદરાઓના બચ્ચાઓનું અવહનન કર્યા કરશે એવા કર્મોમાં તલ્લીન થયેલો તે કાળ માસમાં કાળ કરીને આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષના ઇન્દ્રપુર નામના નગરમાં ગણિકાના ઘરમા પુત્ર રૂપે ઉત્પન્ન થશે. માતાપિતા ઉત્પન્ન થયેલા તે બાળકને નપુંસક કરીને નપુંસક કર્મ શિખડાવશે. બાર દિવસ વ્યતીત થઇ જવા પર તેના માતાપિતા તેનું નામ "પ્રિયસેન" એવુ રાખશે. બાળપણાને છોડીને યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો, વિશેષ જ્ઞાન ધરાવવાવાળો તેમજ બુદ્ધિ આદિથી પરિપક્વ

तए णं से पियसेणे णपुंसए उम्मुक्कबालभावे जोव्वणगमणुपत्ते विण्णायपरिणयमित्ते रूवेण य जोवणेण य लावण्णेण य उक्किट्ठे उक्किट्ठसरीरे भविस्सइ। तए णं से पियसेणे णपुंसए इंदपुरे णयरे बहवे राईसर जाव पभिईओ बहूहि य विज्जापओगेहि य मंतचुण्णेहि य उड्डावणेहि य णिण्हवणेहि य पण्हवणेहि य, वसीकरणेहि य आभिओगेहि य अभियोगित्ता उरालाइं माणुस्साइं भोगभोगाइं भुंजमाणे विहरिस्सइ।

तए णं से पियसेणे णपुंसए एयकम्मे ४ सुबहुं पावकम्मं समज्जिणित्ता एक्कवीसं वाससयं परमाउं पालइत्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ।

तओ सरीसिवेसु, संसारो, तहेव जहा पढमे जाव पुढवीसु से णं तओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबूद्दीवे भारहे वासे चंपाए णयरीए महिसत्ताए पच्चायाहिइ। से णं तत्थ अण्णया कयावि गोट्ठिल्लएहि जीवियाओ ववरोविए समाणे तत्थेव चंपाए णयरीए सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ।

અવસ્થાને પામેલો તે પ્રિયસેન નપુંસક રૂપ, યૌવન અને લાવણ્ય દ્વારા ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળો થશે.

ત્યાર બાદ તે પ્રિયસેન નપુંસક ઇન્દ્રપુર નગરના રાજા, ઈશ્વર યાવત્ બીજા મનુષ્યોને અનેક પ્રકારના વિદ્યા પ્રયોગોથી, મંત્રો દ્વારા, મન્ત્રેલી ભસ્મ આદિના યોગથી હૃદયને શૂન્ય કરી દેનારા, અદૃશ્ય કરી દેનારા, વશમાં કરી દેનારા તથા પરાધીન કરી દેનારા પ્રયોગોથી બધાને વશીભૂત કરીને મનુષ્ય સમ્બન્ધી પ્રધાનભોગોનો ઉપભોગ કરતો સમય વ્યતીત કરશે.

તે પ્રિયસેન નપુંસક આ પાપપૂર્ણ કાર્યોને જ પોતાનું કર્ત્તવ્ય, મુખ્ય લક્ષ્ય તથા વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ બનાવશે. આ ખરાબ પ્રવૃત્તિઓ દ્વારા તે અત્યાધિક પાપકર્મોનું ઉપાર્જન કરીને ૧૨૧ વર્ષના પરમ આયુષ્યને ઉપભોગ કરીને કાળ માસે કાળ કરીને રત્નપ્રભા નામની પ્રથમ નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે.

ત્યાથી નીકળીને છાતીના બળથી ચાલનાર સર્પ આદિ અથવા ભુજાના બળથી ચાલનાર નોળિઆ આદિ પ્રાણિઓની યોનિમાં જન્મ લેશે ત્યાથી તેનુ સંસાર ભ્રમણ જે રીને પ્રથમ અધ્યયનમાં મૃગાપુત્રનું વર્ણન કરવામા આવ્યું છે, તે રીતે થશે. યાવત્ બીજી, ત્રીજી આદિ નરક ભૂમિઓમાં જન્મ લેશે અને સંસાર ભ્રમણ કરશે. ત્યાર પછી તે સીધો આ જમ્બૂદ્વીપ નામના દ્વીપની અન્તર્ગત ભારતવર્ષની ચમ્પા નામની નગરીમાં પાડા રૂપે ઉત્પન્ન થશે ત્યા તે કોઇ સમયે મિત્રમંડળી દ્વારા મારવામાં આવશે અને તે જ ચમ્પાનગરીના શ્રેષ્ઠિ કુળમાં પુત્ર રૂપે ઉત્પન્ન થશે

२५- से ण तए उम्म[illegible] [illegible]
येराण अनि[illegible] [illegible] होति [illegible] [illegible] ।
अणगारे०, मो[illegible] [illegible] [illegible] [illegible]
जाव अत करेहि[illegible], नि[illegible] ।



તૃતીય–અધ્યયન

અભગ્નસેન

१- तच्चस्स उक्खेवो। एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं पुरिमताले णामं णयरे होत्था, रिद्ध०। तस्स णं पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमे दिसिभाए एत्थ णं अमोहदंसी उज्जाणे, तत्थ णं अमोहदंसिस्स जक्खस्स जक्खाययणे होत्था। तत्थ णं पुरिमताले महब्बले णामं राया होत्था।

૧– ત્રીજા અધ્યયનની પ્રસ્તાવના પૂર્વવત્ જાણી લેવી જોઈએ. સુધર્મા સ્વામીએ કહ્યુ–હે જંબૂ! તે કાળ અને તે સમયમાં પુરિમતાલ નામનું એક નગર હતું. તે ભવનાદિથી યુક્ત, સ્વચક્ર પરચક્રના ભયથી રહિત અને ધન–ધાન્યાદિથી સમૃદ્ધ હતું. તે નગરના ઇશાન ખૂણામાં અમોઘ-દર્શી નામનું એક ઉદ્યાન હતું તે ઉદ્યાનમાં અમોઘદર્શી નામના યક્ષનું આયતન હતું પુરિ-મતાલ નગરમાં મહાબલ નામનો રાજા રાજ્ય કરતો હતો.

२- तस्स ण पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमे दिसिभाए देसप्पंते एत्थ ण अडवीससिया सालाडवी णामं चोरपल्ली होत्था, विसमगिरिकंदर-कोलंवसण्णिविट्ठा, वंसीकलकपागारप-रिक्खित्ता, छिण्णसेलविसमप्पवायफलि-होवगूढा, अब्भितरपाणिया सुदुल्ल-भजलपेरता अणेगखंडी विइयजणदिण्ण-णिग्गमप्पवेसा सुवहुयस्सवि कुवियस्स जणस्स दुप्पवेस्सा यावि होत्था।

૨– નગરના ઇશાન ખૂણામાં જનપદની સીમાના અંતે રહેલ જંગલમાં શાલાટવી નામની એક ચોર પલ્લી હતી, તે પર્વતની ભયાનક ગુફાઓના કિનારા પર બનાવેલી હતી, વાંસની બનાવેલી વાડ રૂપ કિલ્લાથી ઘેરાયેલી હતી. પોતાના અવ-યવોથી કપાયેલા પર્વતના ઊંચાનીચા ખાડા રૂપ ખાઈવાળી હતી. તેની અન્દર પાણીનો પૂરતો પ્રબન્ધ હતો અને તેની બહાર દૂર–દૂર સુધી પાણી મળતુ ન હતું તેની અન્દર અનેકાનેક ગુપ્ત ચોર દરવાજાઓ હતા અને તે ચોરપલ્લીમાં પરિચિત વ્યક્તિઓનો જ પ્રવેશ અને નિર્ગમન થઇ શકતો હતો. ચોરોની શોધ કરનાર અથવા ચોરોદ્વારા હરાયેલા ધનને પાછું લાવવામાં પ્રયત્નશીલ એવા ઘણાં મનુષ્યો પણ તેમાં પ્રવેશ કરી શકતા ન હતા.

३- तत्थ ण सालाडवीए चोरपल्लीए विजए णामं चोरसेणावई परिवसइ, अहम्मिए जाव लोहियपाणी वहुणयरणिग्गयजसे

૩– તે શાલાટવી નામની ચોર પલ્લીમાં વિજય નામનો ચોરોનો સેનાપતિ રહેતો હતો તે મહાઅધર્મી હતો યાવત્ તેના હાથ લોહીથી ખરડાયેલા રહેતા હતા તેનુ નામ અનેક

सूरे दढप्पहारे साहसिए सद्दवेही असिलट्ठिपढममल्ले। से णं तत्थ सालाडवीए चोरपल्लीए पंचण्हं चोरसयाणं आहेवच्चं जाव विहरइ।

तए णं से विजए चोरसेणावई बहूणं चोराण य पारदारियाण य गंठिभेयगाण य संधिच्छेयगाण य, खंडपट्टाण य अण्णेसिं च बहूणं छिन्नभिन्नबाहिराहियाणं कुडंगे यावि होत्था।

तए णं से विजए चोरसेणावई पुरिमतालस्स णयरस्स उत्तरपुरत्थिमिल्लं जणवयं बहुहिं गामघायएहिं य णयरघायएहिं य गोग्गहणेहिं य बंदिग्गहणेहिं य पंथकोट्टेहिं य खत्तखणणेहिं य उव्वीलेमाणे २ विद्धंसेमाणे २ तज्जेमाणे २ तालेमाणे २ णित्थाणं, णिद्धण, णिक्कण, करेमाणे २ विहरइ। महब्बलस्स रण्णो अभिक्खणं २ कप्पाइं गिण्हइ। तत्थ णं विजयस्स चोरसेणावइस्स खंधसिरी णामं भारिया होत्था। अहीण ० तत्थ णं विजयचोरसेणावइस्स पुत्ते खंधसिरीए भारियाए अत्तए अभग्गसेणे णामं दारए होत्था, अहीण०।

તે વિજયચોર સેનાપતિ પુરિમતાલ નગરના ઇશાન ખૂણામાં આવેલા દેશને અનેક ગામોનો નાશ, નગરોનો નાશ, ગાયોનું અપહરણ, કેદીઓનું ગ્રહણ, મુસાફરોના ધનાદિનું અપહરણ તથા ખાઈ તોડીને ચોરી કરવી આદિથી પીડિત, તર્જિત, તાડિત (સ્થાનરહિત), ધન અને ધાન્યથી રહિત કરતો મહાબલ રાજાના કરને (ટેક્સને) વારવાર પોતે ગ્રહણ કરીને સમય વ્યતીત કરી રહ્યાં હતો

તે વિજયચોર સેનાપતિની સ્કંદશ્રી નામની પાંચ ઇન્દ્રિયોવાળા શરીરથી યુક્ત, પરમ સુન્દરી પત્ની હતી તથા વિજયચોર સેનાપતિનો પુત્ર સ્કંદશ્રીનો આત્મજ અભગ્નસેન નામનો એક બાળક હતો તે સપૂર્ણ અવયવોવાળો તેમજ નિર્દોષ પાંચ ઇન્દ્રિયોથી યુક્ત, સુદૃઢ બાન્ધાયુક્ત શરીરવાળો, વિશિષ્ટ પ્રકારના જ્ઞાનને ધરાવનારો અને બુદ્ધિ આદિની પરિપક્વતાથી યુક્ત તેમજ યુવાવસ્થાને પ્રાપ્ત થયેલો હતો

४- तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे जेणेव पुरिमतालणामं णयरे जेणेव अमोहदंसी उज्जाणे, तेणेव,

૪–તે કાળ અને તે સમયમાં પુરિમતાલ નગરમાં અમોઘદર્શી ઉદ્યાનમાં શ્રમણ ભગવાન્ મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ્ નગરમાથી તેમના દર્શન

समोसढे। परिसा निग्गया। राया निग्गओ। धम्मो कहिओ। परिसा पडिगया। रायाद्वि गओ।

કરવા માટે નીકળી તથા રાજા પણ પ્રભુના દર્શન કરવા ચાલ્યો. ભગવાને ધર્મની પ્રરૂપણા કરી, ધર્મોપદેશ સાંભળીને રાજા તથા પરિષદ્ પાછી પોત પોતાના સ્થાને ચાલી ગઇ.

५- तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी गोयमे जाव रायमग्गं समोगाढे, तत्थ णं वहवे हत्थी जाव पासइ। तए णं तं पुरिसं रायपुरिसा पढमंसि चच्चरंसि णिसियावेति, णिसियावित्ता अट्ठ चुल्ल-पिउए अग्गओ धाएंति, धाइत्ता, कसप्प-हारेहिं, तालेमाणा २ कलुणं काकणि-मंसाइ खावेति, खावित्ता रुहिरपाणं च पाएति।

૫- તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન્ મહાવીરના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમસ્વામી યાવત્ રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેઓએ અનેક હાથીઓ, ઘોડા તથા સૈનિકોની જેમ શસ્ત્રોથી સુસજ્જિત તેમજ કવચ ધારણ કરેલા અનેક પુરુષોને જોયા. તે પુરુષોની વચ્ચે અવકોટક બંધનથી બદ્ધ એવા તે પુરુષને રાજપુરુષોએ ચાર રસ્તાપર બેસાડી દીધો. બેસાડીને તેના પિતાના આઠ ભાઇઓને (કાકાને) તેની સામે મારી નાખ્યા. મારીને પછી કોયડાના પ્રહારથી મારમારીને કરુણ વિલાપ કરતા તે પુરુષને તેઓએ તલતલ જેવડા ટૂકડા કરીને મારેલા પુરુષોનું માંસ ખવડાવ્યું. ખવડાવીને રૂધિરનું પાન કરાવ્યુ

तयाणंतरं च णं दोच्चंसि चच्चरंसि अट्ठ लहुमाउयाओ अग्गओ घाएंति, घाइत्ता० २, एवं तच्चे० अट्ठ महा-पिउए० ३, चउत्थे० अट्ठ महामाउयाओ ४, पंचमे० पुत्ता ५, छट्ठे० सुण्हा ६, सत्तमे० जामाउए० ७, अट्ठमे० धूयाओ ८, णवमे णत्तुए ९, दसमे णत्तुइणीओ १०, एगारसे णत्तुयावई ११, वारसमे णत्तुईओ १२, तेरसमे पिउस्सियावई १३, चउद्दसमे पिउस्सियाओ १४, पण्णरसमे माउस्सियावई १५, सोलसमे माउस्सि-याओ १६, सत्तरसमे माउला १७, अट्ठारसमे माउलियाओ १८, एगूण-वीसइमे अवसेसं मित्तणाइणियगसयण-संवंधिपरियणं अग्गओ घाएंति, घाइत्ता

ત્યાર પછી રાજાના પુરુષોએ તે પુરુષને બીજા ચત્વર (ચાર રસ્તા જ્યાં મળતા હોય) પર બેસાડીને તેની સામે તેના આઠ કાકીઓને મારી આજ રીતે ત્રીજા ચત્વર પર આઠ મહા પિતાઓ (પિતાના મોટા ભાઇઓ)ને, ચોથા ચત્વર પર આઠ મહામાતાઓ (પિતાની ભાભીઓ) ને, પાંચમા ચત્વર પર પુત્રોને, છઠ્ઠા ચત્વર પર પુત્રવધુઓને, સાતમા ચત્વર પર જમાઇઓને, આઠમાં ચત્વર પર પુત્રીઓને, નવમાં ચત્વર પર પૌત્રો તથા દોહિત્રોને, દશમા ચત્વર પર પૌત્રીઓ તથા દોહિત્રીઓને, અગિયારમા ચત્વર પર પૌત્રિઓ અને દોહિત્રીઓના પતિઓને, બારમા ચત્વર પર પૌત્રો અને દોહિત્રોની પત્નીઓને, તેરમા ચત્વર પર ફૂવાઓને, ચૌદમા ચત્વર પર ફેઇબાઓને,

कसप्पहारेहि [illegible]

णिमंताइ [illegible], [illegible] ।

६- तए णं से भगवओ गोयमस्स तं पुरिसं पासित्ता अयमेयारूवे अज्झत्थिए ५ समुप्पण्णे जाव तहेव णिग्गए ०, एवं वयासी–एवं खलु अहं भंते ! ० से णं भंते । पुरिसे पुव्वभवे के आसी जाव विहरइ ।

૬– ત્યાર બાદ ભગવાન ગૌતમના હૃદયમાં તે પુરુષને જોઈને [illegible] યાવત્ તેઓ નગર બહાર નીકળ્યાં અને ભગવાન પાસે આવીને નિવેદન કરવા લાગ્યા–હે ભગવન્! હું આપની આજ્ઞા પ્રાપ્ત કરી નગરમાં ગયો હતો અને ત્યાં મેં એક પુરુષને જોયો, યાવત્ ભગવન્! તે પુરુષ પૂર્વભવમાં કોણ હતો કે જે યાવત્ આ રીતે કર્મોના ફળને ભોગવી રહ્યા છે?

७- एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे पुरिमताले णामं णयरे होत्था, रिद्ध० ३। तत्थ णं पुरिमताले उदये णामं राया होत्था, महया० । तत्थ णं पुरिमताले निन्नए णामं अंडयवाणियए होत्था, अड्ढे० जाव अपरिभूए, अहम्मिए जाव दुप्पडियाणंदे ।

૭– ભગવાને કહ્યું–હે ગૌતમ! તે કાળ તથા તે સમયમાં આ જમ્બૂદ્વીપની અન્તર્ગત ભારતવર્ષમાં પુરિમતાલ નામનું એક વિશાળ, ભવનાદિથી યુક્ત સ્વચક્ર અને પરચક્રના ભયથી રહિત તેમજ સમૃદ્ધિશાળી નગર હતું તે પુરિમતાલ નગરમાં ઉદય નામનો રાજા રાજ્ય કરતો હતો. તે હિમાલયાદિ પર્વતોની સમાન મહાન હતો. તે પુરિમતાલ નગરમા નિર્ણય નામનો એક ઇંડાનો વ્યાપારી નિવાસ કરતો હતો. તે ધનવાન, પરાભવ નહિ પામનાર, અધર્મી યાવત્ પરમ અસંતોષી હતો

८- तस्स णं निण्णयस्स अंडयवाणियस्स बहवे पुरिसा दिण्णभइभत्तवेयणा कल्लाकल्लिं कोद्दालियाओ य पत्थिए य पडिए य गेण्हंति, गेण्हित्ता पुरिमतालस्स णयरस्स परिपेरंते सुबहुए कागिअंडए

૮– નિર્ણય નામના ઇંડાના વેપારીના રૂપિયા, પૈસા અને ભોજનના રૂપમાં વેતન ગ્રહણ કરનાર અનેક પુરૂષો (નોકરો) હંમેશા કોદાળા તથા વાંસના ટોપળાઓ લઇને પુરિમતાલ નગરની ચારે તરફ અનેક કાગડીઓના ઇંડાઓને, ઘુવડીના ઇંડાઓને,

य घूइअंडए य पारेवइअंडए य टिट्टिभिअंडए य वगिअंडए य मऊरिअंडए य कुक्कुडिअंडए य, अण्णेसि चेव वहूणं जलयर–थलयर–खहयरमाईणं अंडाइं गेण्हंति, गेण्हित्ता पत्थियपडिगाइं भरेंति. भरित्ता जेणेव निण्णए अंडवाणियए तेणेव उवागच्छंति, उवागच्छित्ता निण्णयस्स अडवाणियस्स उवणेंति।

કબૂતરીના ઇંડાઓને, ટીટોડીના ઇંડાઓને, બગલીઓના ઇંડાઓને, મોરનીના ઇંડાઓને, મુર્ગીના ઇંડાઓને તથા બીજા પણ અનેક જલચર, સ્થલચર અને ખેચર આદિ જંતુઓના ઇંડાઓને લઇને વાંસના ટોપલાઓમાં ભરતા હતા, ભરીને તે (નિર્ણય) ઇંડાના વ્યાપારી પાસે આવતા હતા, આવીને ઇંડાના વેપારીને ઇંડાઓથી ભરેલા ટોપલાઓ દઇ દેતા હતા

तए णं तस्स निण्णयस्स वहवे पुरिसा कागिअंडए य जाव कुक्कुडिअंडए य अण्णेसि च वहूणं जल–थल–खयरमाईणं अंडए तवएसु य कंडएसु य भज्जणएसु य इंगालेसु य तलंति भज्जंति सोल्लंति, तलित्ता भज्जित्ता सोल्लित्ता य रायमग्गंसि अंतरावणंसि अंडयपणिएणं विर्त्ति कप्पेमाणा विहरंति।

ત્યાર બાદ તે નિર્ણય નામના ઇંડાના વેપારીના અનેક વેતનભોગી પુરૂષો ઘણાં કાગડી યાવત્ મુર્ગીઓના તે ઇંડાઓને તવા–ઉપર, કડાઇઓ ઉપર, હાંડામાં, (લોખંડના પાત્ર વિશેષમાં) અને અંગારા પર તળતા હતા, ભૂંજતા હતા અને પકાવતા હતા. તળતાં ભૂજતાં અને પકાવતાં તેઓ રાજમાર્ગની વચ્ચે રહેલી દુકાનો પર અથવા રાજમાર્ગની દુકાનોમાં ઈંડાઓના વેપારથી આજિવિકા ચલાવતાં સમય પસાર કરી રહ્યા હતા.

अप्पणोवि य णं से निण्णए अंडवाणियए तेहिं वहूहिं काइअंडएहिं य जाव कुक्कुडिअडएहिं य तलिएहिं भज्जिएहिं सोल्लिएहिं सुरं च ५ आसाएमाणे ४ विहरइ।

તે નિર્ણય નામનો ઈંડાનો વેપારી પોતે પણ કાગડી યાવત્ મુર્ગીના પકાવેલા, તળેલા અને ભૂંજેલા ઈંડાઓ સાથે સુરા આદિ પાંચ પ્રકારની મદિરાઓનુ આસ્વાદનાદિ કરતો જીવન વ્યતીત કરી રહ્યો હતો.

९- तए णं से णिण्णए अंडयवाणियए एयकम्मे ४ सुवहु पावं समज्जिणित्ता एगं वाससहस्सं परमाउं पालइत्ता कालमासे कालं किच्चा तच्चाए पुढवीए उक्कोसं सत्तसागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे।

૯– ત્યાર બાદ તે નિર્ણય નામનો ઈંડાનો વેપારી આ પ્રકારના પાપકાર્યોને કરનાર, આ પ્રકારના કર્મોમાં પ્રધાનતા રાખનાર, આવા કર્મોનું જ્ઞાન ધરાવનાર અને આ જ કર્મોને પોતાનું આચરણ બનાવીને ઘણાં ઘણા પાપ કર્મોને ઉપાર્જિત કરીને એક હજાર વર્ષના પરમ આયુષ્યને ભોગવીને મૃત્યુ સમયમાં મરણ પામીને ત્રીજી નરક ભૂમિમાં ઉત્કૃષ્ટ સાત સાગરોપમની સ્થિતિવાળા નરકમાં નારકરૂપે ઉત્પન્ન થયો.

से णं ताओ अणंतरं उव्वट्टित्ता इहेव सालाडवीए चोरपल्लीए विजयस्स चोरसेणावइस्स खंदसिरीए भारियाए कुच्छिंसि पुत्तत्ताए उववण्णे।

તે નિર્ણય નામનો ઈંડાનો વેપારી નરકમાંથી નીકળીને આ શાલાટવી નામની ચોરપલ્લીમાં વિજય નામના ચોર સેનાપતિની સ્કંદશ્રી પત્નીના ઉદરમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો.

१०-तए ण तीसे [illegible] अण्णया [illegible] बहुपडिपुण्णाणं [illegible] पाउब्भूए-धण्णाओ ण [illegible] अम्मयाओ ४ जाओ ण बहूहिं मित्त-णाइणियगसयणसंबंधिपरियणमहिलाहिं अण्णाहि य चोरमहिलाहि सद्धिं संपरिवुडा ण्हाया० जाव पायच्छित्ता सव्वालंकारविभूसिया विउलं असणं पाणं खाइमं साइमं सुरं च ५ आसाएमाणीओ ४ विहरंति ।

जिमियभुत्तुत्तरागयाओ, पुरिसणेवत्था, सण्णद्ध० जाव पहरणा भरिएहि य फलएहिं, णिक्किट्ठाहिं असिहिं, अंसगएहिं तोणेहिं, सजीवेहिं धणुहिं, समुक्खित्तेहि सरेहिं, समुल्लासियाहि य दामाहि, लंबियाहि य ओसारियाहि उरुघंटाहि, छिप्पतूरेणं वज्जमाणेणं २ महया २ उक्किट्ठ–जाव–समुद्दरवभूयं पिव करेमाणीओ सालाडवीए चोरपल्लीए सव्वओ समंता आलोएमाणीओ२ आहिंडमाणीओ२ दोहलं विणेंति । तं सेयं, जइ णं अहमवि बहूहिं मित्तणाइणियगसयणसंबंधिपरियणमहिलाहिं अण्णाहि य जाव सालाडवीए चोरपल्लीए सव्वओ समंता आलोएमाणी२ आहिंडमाणी२ दोहलं विणिज्जामि–त्तिकट्टु तंसि दोहलंसि अविणिज्जमाणंसि जाव झियाइ ।

[illegible] વિભૂષિત [illegible] ખાદિમ અને સ્વાદિમ [illegible] આસ્વાદન, વિસ્વાદન, પરિભાજન અને પરિભોગ કરતી થકી [illegible] કરે છે

તથા ભોજન કર્યા પછી જે પુરુષનો વેષ ધારણ કરીને દઢ બન્ધનોથી બાંધેલા અને લોખંડના કસૂલક આદિથી યુક્ત લોખંડના બખ્તરને ધારણ કરે છે, યાવત આયુધ અને પ્રહરણોથી સજ્જ થાય છે તથા જે ડાબા હાથમા ધારણ કરેલી ઢાલોથી, મ્યાનમાંથી બહાર કાઢેલી તલવારોથી, ખભા પર રાખેલા ભાથાથી, પ્રત્યંચા ચઢાવેલ ધનુષ્યોથી, સારી રીતે ફેંકવામા આવતા બાણોથી, ઊંચા કરેલ શસ્ત્ર વિશેષોથી, ચાલતી જંઘા ઘંટીઓ દ્વારા તથા શીઘ્ર વગાડવામાં આવતા વાજિંત્રોથી અત્યન્ત ઉત્કૃષ્ટ આનન્દમય મહાધ્વનિથી, સમુદ્રની ધ્વનિની જેમ આકાશને શબ્દાયમાન કરતી શાલાટવી નામની ચોરપલ્લીની ચારે તરફ ભ્રમણ કરીને દોહદને પૂર્ણ કરે છે જો હું પણ મારા દોહદને આ રીતે પૂર્ણ કરું તો કેવું સારું થાય? આવો વિચાર સ્કંદશ્રીએ કર્યો પણ દોહદ પૂર્ણ ન થવાથી તે ઉદાસ યાવત ચિન્તાતુર થઈ

११- तए ण से विजए चोरसेणावई खंदसिरिं भारियं ओहय–जाव पासइ, पासित्ता एवं वयासी–किण्हं तुमं देवाणुप्पिया ! ओहय–जाव झियासि, तए णं सा खंदसिरी भारिया विजयं चोरसेणावइं एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! मम तिण्हं मासाणं जाव झियामि ।

તए णं से विजए चोरसेणावई खंदसिरीए भारियाए अंतिए एयमट्ठं सोच्चा णिसम्म खंदसिरिं भारियं एवं वयासी अहासुहं देवाणुप्पिए, एयमट्ठं पडिसुणेइ ।

૧૧– ત્યાર બાદ વિજય ચોર સેનાપતિએ ચિન્તાગ્રસ્ત સ્કંદશ્રીને જોઇને આ રીતે કહ્યુ–હે દેવાનુપ્રિયે ! તુ ઉદાસ થઈ આર્ત્તધ્યાન કેમ કરી રહી છો ? સ્કંદશ્રીએ વિજયના આ પ્રશ્નના ઉત્તરમાં કહ્યુ–હે દેવાનુપ્રિય ! મને ગર્ભ ધારણ કર્યાને ત્રણ મહિના પૂર્ણ થઇ ચૂકયા છે, હવે મને આ દોહદ ઉત્પન્ન થયો છે, તે પૂર્ણ નહિ થવાથી કર્ત્તવ્ય અને અકર્ત્તવ્યના વિવેકથી રહિત થયેલી હું યાવત્ આર્ત્તધ્યાન કરી રહી છુ.

ત્યારે વિજયચોર સેનાપતિએ પોતાની સ્કંદશ્રી પત્નીનુ આ કથન સાંભળી અને તેના પર વિચાર કરીને સ્કંદશ્રીને આ પ્રમાણે કહ્યુ– દેવાનુપ્રિયે ! તુ આ દોહદને તારી ઇચ્છા પ્રમાણે પૂર્ણ કરી શકે છે અને તેને માટે કાંઇ ચિન્તા ન કર.

१२- तयाणंतरं सा खंदसिरी भारिया विजएणं चोरसेणावइणा अब्भणुण्णाया समाणी हट्ठतुट्ठ० बहूहिं मित्त-जाव अण्णाहि य बहूहिं चोरमहिलाहिं सद्धिं संपरिवुडा ण्हाया जाव विभूसिया विउलं असणं पाणं खाइमं साइमं सुरं च५ आसाएमाणी४ विहरइ । जिमियभुत्तुत्तरागया पुरिसणेवत्था सण्णद्धबद्ध–जाव आहिंडमाणी दोहलं विणेइ ।

तए णं सा खंदसिरी भारिया संपुण्णदोहला संमाणियदोहला विणीयदोहला, वोच्छिण्णदोहला सपुण्णदोहला तं गब्भं सुहं–सुहेणं परिवहइ ।

तए णं सा खंदसिरी चोरसेणावइणी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं दारयं पयाया ।

૧૨– પતિના આ વચનને સાંભળીને સ્કંદશ્રીને ઘણી પ્રસન્નતા થઇ, તે હર્ષના અતિરેકથી પોતાની સહેલીઓ અને બીજી ચોર મહિલાઓને સાથે લઇને સ્નાનાદિથી નિવૃત્ત થઇ. સમ્પૂર્ણ અલંકારોથી વિભૂષિત થઇને, પુષ્કળ ખાનપાનાદિ તથા મદિરાનુ આસ્વાદન, વિસ્વાદન કરવા લાગી. આ રીતે બધાની સાથે ભોજન કર્યા પછી પુરુષ વેષ પહેરીને તથા દૃઢ બ ધનોથી બાંધેલા લોખંડના કુસૂનક આદિથી યુકત કવચને શરીર પર ધારણ કરીને યાવત્ ભ્રમણ કરતી પોતાના દોહદને પૂર્ણ કરવા લાગી.

ત્યાર પછી તે સ્કંદશ્રી દોહદ પૂર્ણ થવા પર, દોહદનું સન્માન થવા પર, દોહદની નિવૃત્તિ થવા પર અભિલાષા રહિત થઇને તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરવા લાગી

ત્યાર બાદ તે ચોર સેનાપત્ની સ્કંદશ્રીએ નવ માસ પૂર્ણ થવા પર પુત્રને જન્મ આપ્યો

१३- तए ण से [illegible] दारगस्स इड्डि[illegible] ठिइवडियं करेइ। तए ण से [illegible] चोरसेणावई तस्स दारगस्स [illegible] एक्कारसमे दिवसे [illegible] विउल असण ४ उव[illegible]वेइ, उव[illegible] डावित्ता मित्तणाइ० आमंतेइ, आमं[illegible] जाव तस्सेव मित्तणाइ० पुरओ ए[illegible] वयासी–जम्हा ण अम्हं इमंसि दारगंसि गब्भगयंसि समाणंसि इमेयारूवे दोहले पाउब्भूए, से य, अभग्गे तम्हा णं होउ अम्हं दारए अभग्गसेणे णामेणं।

१४- तए णं से अभग्गसेणे कुमारे पचधाई जाव परिवड्डइ।

तए णं से अभग्गसेणे णाम कुमारे उम्मुक्कबालभावे याविहोत्था। अट्ठ दारियाओ जाव अट्ठओ दाओ, उप्पि पासाय० भुंजमाणे विहरइ।

૧૪–પછી અભગ્નસેન બાળક ક્ષીરધાત્રી આદિ પાંચ ધાવ માતાઓ દ્વારા પાલન પોષણને પામતો યાવત મોટો થવા લાગ્યો.

ત્યાર બાદ કુમાર અભગ્નસેન બાળપણને લાંઘીને યુવાવસ્થામાં પ્રવેશ્યો તથા આઠ કુમારિકાઓ સાથે તેના લગ્ન કરવામાં આવ્યા તે લગ્નમાં આઠ પ્રકારનો દહેજ (દાયજો) મળ્યો અને તે મહેલોમાં રહીને આનન્દપૂર્વક તેનો ઉપભોગ કરવા લાગ્યો.

१५- तए णं से विजए चोरसेणावई अण्णया कयाइं कालधम्मुणा संजुत्ते। तए णं से अभग्गसेणे कुमारे पंचहि चोरसएहि सद्धि संपरिवुडे रोयमाणे कंदमाणे विलवमाणे विजयस्स चोरसेणावइस्स महया इड्डिसक्कारसमुदएणं णीहरणं करेइ, करित्ता बहूइं लोइयाइं मयकिच्चाइं

૧૫–ત્યાર બાદ કોઇ વખતે તે વિજયચોર સેનાપતિ મૃત્યુ પામ્યો તે મૃત્યુ પામ્યો ત્યારે કુમાર અભગ્નસેન પાંચસો ચોરો સાથે રડતાં, આક્રંદન કરતાં અને વિલાપ કરતાં કરતાં અત્યંત વૈભવ તેમ જ સત્કાર અર્થાત્ મોટા સમારોહ સાથે વિજયસેનાપતિના શબને અન્ત્ય કર્મ માટે સ્મશાન ભૂમિમાં પહોંચાડે છે અને લૌકિક મૃતકાર્ય

करेइ, करित्ता कालेणं अप्पसोए जाए यावि होत्था ।

तए णं ते पंचचोरसयाइं अन्नया कयाइ अभग्गसेणं कुमार सालाडवीए चोरपल्लीए महयार इड्ढि० चोरसेणावइत्ताए अभिसिचंति । तए ण से अभग्गसेणे कुमारे चोरसेणावई जाए, अहम्मिए जाव कप्पायं गेण्हइ ।

१६- तए णं ते जाणवया पुरिसा अभग्गसेणचोरसेणावइणा वहुग्गामघायावणाहि ताविया समाणा अण्णमण्णं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–एवं खलु देवाणुप्पिया ! अभग्गसेणचोरसेणावई पुरिमताले णयरे पुरिमतालणयरस्स उत्तरिल्लं जणवयं वहूहिं गामघाएहिं जाव णिद्धणं करेमाणे विहरइ, तं सेयं खलु देवाणुप्पिया ! महव्वलस्स रण्णो एयमट्ठं विण्णवित्तए ।

तए णं जाणवथा पुरिसा एयमट्ठं अण्णमण्णं पडिसुर्णेति, पडिसुणित्ता महत्थं महग्घं महरिहं रायरिहं पाहुडं गिण्हति, गिण्हित्ता जेणेव पुरिमताले णयरे, तेणेव उवागच्छंति, उवागच्छित्ता जेणेव महव्वले राया तेणेव उवागच्छंति, उवागच्छित्ता महव्वलस्स रण्णो तं महत्थं जाव पाहुड उवर्णेति, करयल० अंजलि कट्टु महव्वलं रायं एवंवयासी– एवं खलु सामी ! सालाडवीए चोरपल्लीए अभग्गसेणे चोरसेणावई

અર્થાત્ દાહ–સંસ્કાર આદિથી લઈને પિતાને નિમિત્તે કરવામાં આવતા બધા કાર્યો કરે છે. થોડા સમય પછી અભગ્નસેનનો શોક ઓછો થયો.

ત્યારે પછી પાંચસો ચોરોએ મોટા ઉત્સવ સાથે અભગ્નસેનનો શાલાટવી નામની ચોર પલ્લીમાં ચોર સેનાપતિની પદવી આપી ચોર સેનાપતિના પદ પર નિયુક્ત થયેલો અભગ્નસેન અધર્મનુ આચરણ કરતો યાવત્ તે પ્રાન્તના રાજ્યને આપવા લાયક ટેક્સને પણ પોતે ગ્રહણ કરવા લાગ્યો.

૧૬– ત્યાર બાદ અભગ્નસેન નામના ચોરસેનાપતિએ ઘણાં ગામોનો વિનાશ કર્યો તેથી ત્રાસ પામેલા તે દેશના લોકોએ એક બીજાને બોલાવીને આ પ્રમાણે કહ્યું હે દેવાનુપ્રિયો ! ચોર સેનાપતિ અભગ્નસેન પુરિમતાલ નગરના ઉત્તર પ્રદેશનાં ઘણાં ગામડાંઓને વિનાશ કરીને ત્યાંના લોકોને ધનધાન્યાદિથી રહિત કરી રહ્યો છે. તેથી, હે ભદ્ર પુરુષો ! પુરિમતાલ નગરના મહાબલ રાજાને આ વાતથી સારી રીતે વાકેફ કરવો, એ આપણાં માટે શ્રેયસ્કર છે.

ત્યાર બાદ દેશના તે માણસોએ પરસ્પર આ વાત માની અને મહા પ્રયોજનને સૂચિત કરનાર, મહામૂલ્ય, મહાન્ પુરુષોને યોગ્ય અને રાજાને યોગ્ય ભેટ લઈને જ્યાં પુરિમતાલ નગર હતું અને જ્યા મહાબલ રાજા હતો ત્યા આવ્યા અને બન્ને હાથ જોડી અને મસ્તક પર દશન-ખોવાળી અજલિ રાખીને રાજાને તે ભેટ અર્પણ કર્યા બાદ મહાબલ રાજા સામે આ પ્રમાણે નિવેદન કર્યું–સ્વામિન્ શાલાટવી નામની ચોર પલ્લીનો ચોરસેનાપતિ અભગ્નસેન અનેક ગામોનો વિનાશ કરી યાવત્ અમને નિર્ધન કરી રહ્યો છે માટે સ્વામિન્ ! અમે ઇચ્છીએ છીએ કે અમે આપની ભુજાઓની છાયાથી રક્ષણ પ્રાપ્ત કરી ભય અને

अम्ह बहूहिं [illegible] करेमाणे [illegible] तुब्भं बहू[illegible] निद्धणा [illegible] त्तिकट्टु [illegible] महब्बलस्स एयमट्ठं [illegible]।

१७- तए णं से महब्बले राया तेसिं [illegible] याण पुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा [illegible] णिसम्म आसुरुत्ते जाव मिसमिसेमाणे तिवलियं भिउडिं णिडाले साहट्टु [illegible] सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छणं तुमं देवाणुप्पिया ! सालाडवि चोरपल्लिं विलुंपाहि अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हाहि, गिण्हित्ता मम उवणेहि। तए णं से दंडे तहत्ति एयमट्ठं पडिसुणेइ। तए णं से दंडे बहूहिं पुरिसेहिं सण्णद्ध–जाव–पहरणेहिं सद्धिं संपरिवुडे, मग्गइएहिं फलएहिं जाव छिप्पतूरेणं वज्जमाणेणं २ महया उक्किट्ठसीहणाय० करेमाणे पुरिमताल-णयरस्स मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सालाडवी चोरपल्ली तेणेव पहारेत्थ गमणाए।

૧૭– [illegible] તેમની [illegible] શાલાટવી ચોરપલ્લીને નષ્ટ કરી દો, લૂટી લ્યો અને લૂંટીને તેના ચોર સેનાપતિ અભગ્નસેનને જીવતાં જ પકડીને મારી પાસે ઉપસ્થિત કરો. કોટવાળ મહાબલ રાજાની આ આજ્ઞાને વિનયપૂર્વક સ્વીકાર કરતો દૃઢ બંધનોથી બાંધેલા લોખંડના કુસૂલક આદિથી યુક્ત કવચને ધારણ કરીને યાવત્ અસ્ત્ર–શસ્ત્રો ધારણ કરનારા અનેક પુરુષોને સાથે લઈને હાથમાં ઢાલ બાંધેલા યાવત્ ક્ષિપ્રતૂર્ય વગાડવાથી અને મહાન્ ઉત્કૃષ્ટ આનન્દમય મહાધ્વનિ સિંહનાદ આદિ શબ્દોદ્વારા સમુદ્રની જેમ આકાશને ભરતો પુરિમતાલ નગરની મધ્યમાંથી નીકળીને શાલાટવી ચોરપલ્લી તરફ ગયો.

१८- तए णं तस्स अभग्गसेणस्स चोरसेणावइस्स चोरपुरिसा इमीसे कहाए लद्धट्ठा समाणा जेणेव सालाडवी चोरपल्ली जेणेव अभग्गसेणे चोरसेणावई तेणेव उवागया, करयल-जाव एवंवयासी-'एवं

૧૮– ત્યાર પછી અભગ્નસેન ચોરસેનાપતિના ગુપ્તચર પુરુષોને આ સારીએ વાતનો પત્તો લાગી ગયો, તેથી તે શાલાટવી ચોરપલ્લીમાં જ્યાં અભગ્નસેન ચોરસેનાપતિ હતો ત્યાં ગયા. બે હાથ જોડી, મસ્તકે અંજલિ કરી અભગ્નસેનને

खलु देवाणुप्पिया पुरिमताले णयरे महब्बलेणं रण्णा महया भडचडगरेण परिवारेणं दंडे आणत्ते-गच्छ णं तुमं देवाणुप्पिया! सालाडविं चोरपल्लिं विलुंपाहि, अभग्गसेणचोरसेणावइं जीवग्गाहं गिण्हाहि, गिण्हित्ता मम उवणेहि।' तए णं से दंडे महया भडचडगरेणं जेणेव सालाडवी चोरपल्ली तेणेव पहारेत्थ गमणाए।

કહ્યું હે સ્વામિન્! પુરિમતાલ નગરમાં મહાબલ રાજાએ મહાન્ સુભટોના સમુદાય સાથે કોટવાળને બોલાવીને આજ્ઞા આપી છે કે, તમે લોકો જલદી જાઓ, જઇને શાલાટવી ચોરપલ્લીને લૂટી લ્યો અને તેના સેનાપતિ અભગ્નસેનને જીવતો જ પકડી લ્યો અને મારી સામે ઉપસ્થિત કરો. રાજાની આજ્ઞાને શિરોધાર્ય કરીને યોદ્ધાઓના સમૂહ સાથે કોટવાળ શાલાટવી ચોરપલ્લીમા આવી રહ્યો છે

१९- तए णं से अभग्गसेणे चोरसेणावई तेसिं चोरपुरिसाणं अंतिए एयमट्ठं सोच्चा, णिसम्म, पंचचोरसयाइं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-एवं खलु देवाणुप्पिया! पुरिमताले णयरे महब्बले जाव तेणेव पहारेत्थ गमणाए, तं सेयं खलु देवाणुप्पिया! अम्ह तं दंडं सालाडविं चोरपल्लिं असंपत्तं अंतरा चेव पडिसेहित्तए।

૧૯– ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિએ પોતાના ગુપ્તચરોની વાત સાંભળી તથા વિચાર કરીને પાંચસો ચોરોને બોલાવીને આ પ્રમાણે કહ્યુ–હે દેવાનુપ્રિયો! પુરિમતાલ નગરના રાજા મહાબલે આજ્ઞા આપી છે યાવત્ કોટવાળ શાલાટવી ચોરપલ્લી પર આક્રમણ કરવા તથા મને પકડવા ચોરપલ્લી તરફ આવી રહ્યો છે. તેથી તે કોટવાળ ચોરપલ્લી સુધી પહોંચે તે પહેલાંજ તેને રસ્તામા રોકી દેવા જોઇએ તે જ આપણે માટે યોગ્ય લાગે છે

२०- तए ण ताइं पंचचोरसयाइं अभग्गसेणस्स तहत्ति जाव पडिसुणेति। तए णं से अभग्गसेणे चोरसेणावई विउलं असणं ४ उवक्खडावेइ, उवक्खडावित्ता पर्चाह चोरसएहि सद्धि ण्हाए जाव पायच्छित्ते भोयणमंडवंसि तं विउलं असणं ४ सुरं च ५ आसाएमाणे ४ विहरइ।
जिमियभुत्तुत्तरागए वि य णं समाणे आयते चोक्खे परमसुइभूए पंचहि चोरसएहि सद्धि अल्ल चम्मं दूरुहइ दूरुहित्ता सण्णद्ध जाव पहरणे मग्गइएहि जाव रवेण समुद्दरवभूय पिव करेमाणे पच्छा-

૨૦– અભગ્નસેનની આ વાતને ચોરોએ "એમ જ થવું જોઇએ" એમ કહીને સ્વીકારી, ત્યાર પછી અભગ્નસેન સેનાપતિએ પુષ્કળ અશન, પાન, ખાદિમ અને સ્વાદિય વસ્તુઓને તૈયાર કરાવી તથા પાચસો ચોરો સાથે, સ્નાનાદિથી નિવૃત્ત થઇ, ખરાબ સ્વપ્નાદિના ફળને નિષ્ફળ બનાવવા માટે મસ્તક પર તિલક તથા અન્ય માગલિકો કરીને, ભોજનશાળામાં તે પુષ્કળ અશનાદિ વસ્તુઓ તથા પાંચ પ્રકારની મદિરાઓનુ રુચિ અનુસાર આસ્વાદન, વિસ્વાદન આદિ કરવાનુ શરૂ કર્યું.

ભોજન બાદ ઉચિત સ્થાન પર આવીને આચમન કર્યું અને મુખના લેપાદિને દૂર કરીને

वरण्हुत्तान्नमरगि मानान्नोगे मोर पल्लीओ णिग्गच्छइ, णिग्गच्छित्ता विसमदुग्गगहणट्ठिए गहियभत्तपाणए तं दंडं पडिवालेमाणे २ चिट्ठइ ।

२१- तए णं से दंडे जेणेव अभग्गसेणे चोरसेणावई तेणेव उवागच्छइ, उवागच्छित्ता अभग्गसेणेण चोरसेणावइणा सद्धि संपलग्गे यावि होत्था। तए ण से अभग्गसेणे चोरसेणावई तं दंडं खिप्पामेव हयमहिय-जाव-पडिसेहइ । तए णं से दंडे अभग्गसेणचोरसेणावइणा हय जाव पडिसेहिए समाणे अत्थामे अबले अवीरिए अपुरिसकारपरक्कमे अधारणिज्जमितिकट्टु जेणेव पुरिमताले णयरे जेणेव महब्बले राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल-जाव एवं वयासी-एवं खलु सामी ! अभग्गसेणे चोरसेणावई विसमदुग्गगहणट्ठिए गहियभत्तपाणए, णो खलु से सक्के केणइ सुबहुएणवि आसबलेण वा हत्थिबलेण वा जोहबलेण वा रहबलेण वा चाउरंगिणीबलेणंपि उरं-उरेणं गिण्हित्तए, ताहे सामेण य भेएण य उवप्पदाणेण य वीसंभमाणे उवत्ते या वि होज्जा । तए णं से महब्बले राया जेवि

૨૧– ત્યારબાદ તે કોટવાળ જ્યાં અભગ્નસેન ચોર સેનાપતિ હતો, ત્યાં આવે છે, આવીને તેની સાથે યુદ્ધમાં જોડાઈ જાય છે પરન્તુ અભગ્નસેન ચોર સેનાપતિ દ્વારા મર્દન અને પ્રતિષેધ થવા પર તેજહીન, બળહીન, વીર્યહીન, તેમજ પુરુષાર્થ અને પરાક્રમથી રહિત થયેલો તે કોટવાળ શત્રુસેનાને પરાજિત કરવી અશક્ય સમજીને પાછો પુરિમતાલ નગરમાં મહાબળ રાજા પાસે જાય છે અને બન્ને હાથ જોડી મસ્તક પર અંજલિ કરી આ પ્રમાણે કહે છે–સ્વામિન્! અભગ્નસેન ચોર સેનાપતિ ઊંચા, નીચા, દુર્ગમ અને ગહન વનમાં પર્યાપ્ત ખાદ્ય તથા પેય સામગ્રી સાથે રહેલો છે, તેથી મોટા અશ્વબળ, ગજબળ, યોદ્ધાઓના બળ અને રથબળ, અરે! શુ નિવેદન કરુ! ચતુરંગિણી સેનાના બળથી પણ તે સામે સામેના યુદ્ધમાં જીવતો પકડી શકાશે નહી. તે સામ નીતિ–પ્રિય વચનોથી, ભેદનીતિથી, ઉપપ્રદાન નીતિથી–રુશ્વત આપીને અથવા વિશ્વાસુ બનાવીને પકડી શકાશે.

જ્યારે કોટવાળે આ પ્રમાણે કહ્યું ત્યારે મહાબળ રાજા અભગ્નસેનના જે આભ્યન્તર જનો હતા (સદા નજીકમા રહેનાર, મત્રી આદિ

य से अब्भितरगा सीसगसमा मित्तणाइ-णियगसयणसंबंधिपरियणा, तेवि य णं विउलेणं धणकणगरयणसंतसारसावएज्जेणं भिदइ, अभग्गसेणस्स य चोरसेणावइस्स अभिक्खणं २ महत्थाइं महग्घाइं महरिहाइं रायरिहाइं पाहुडाइं पेसेइ, पेसित्ता अभग्गसेणं चोरसेणावइं वीसंभमाणेइ।

પુરુષો) અને જે અંગ-રક્ષકોને તે મસ્તક અથવા મસ્તકના કવચ સમાન માનતો હતો તેમને તથા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી અને નોકર વર્ગને ધન, સુવર્ણ, રત્ન અને ઉત્તમ સારભૂત દ્રવ્યો તથા રૂપિયા, પૈસાવડે અર્થાત્ લાલચ આપીને તેનાથી (અભગ્નસેનથી) જુદા કરવાનો પ્રયત્ન કરે છે અને અભગ્નસેન ચોર સેનાપતિને પણ વારવાર મહાન્ પ્રયોજન-વાળી, મહામૂલી, મહાન્ પુરુષોને યોગ્ય અને રાજાને યોગ્ય ભેટો મોકલે છે, મોકલીને તે અભગ્નસેન ચોર સેનાપતિને વિશ્વાસુ બનાવે છે.

२२- तए णं से महब्बले राया अण्णया कयाइं पुरिमताले णयरे एगं महं महइमहालयं कूडागारसालं कारेइ, अणेगक्खंभसयसंनिविट्ठं पासाईयं ४। तए णं से महब्बले राया अण्णया कयाइं पुरिमताले णयरे उस्सुक्कं जाव दसरत्तं पमोयं उग्घोसावेइ। उग्घोसावित्ता, कोडुंवियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-गच्छह णं तुम्हे देवाणुप्पिया! सालाडवीए चोरपल्लीए, तत्थ णं तुम्हे अभग्गसेणं चोरसेणावइं करयल जाव एवं वयह-एवं खलु देवाणुप्पिया! पुरिमताले णयरे महब्बलेणं रन्ना उस्सुक्के जाव दसरत्ते पमोए उग्घोसिए तं किण्णं देवाणुप्पिया! विउलं असणं ४, पुप्फवत्थगंधमल्लालंकारे य इहं हव्वमाणेज्जा उदाहु सयमेव गच्छेज्जा?।

૨૨- ત્યાર બાદ મહાબલ રાજાએ પુરિમતાલ નગરમાં પ્રશસ્ત તેમજ વિશાળ અને પ્રાસાદીય-મનમાં પ્રસન્નતા ઉત્પન્ન કરનારી, દર્શનીય-જોવાથી આંખો ન થાકે તેવી, અભિરૂપ-વાર વાર જોવાની ઇચ્છા થાય તેવી અને પ્રતિરૂપ-જ્યારે જોવામાં આવે ત્યારે તેમા નિત્ય નવીનતા લાગે તેવી, સેંકડો સ્તમ્ભવાળી એક કૂટાકારશાલા બનાવરાવી. પછી મહાબલ રાજાએ તેના નિમિત્તે ઉત્શૂલ્ક (મહેસૂલ માફ કરવો) યાવત્ દશ દિવસના ઉત્સવની ઉદ્દઘોષણા કરાવી અને કૌટુમ્બિક પુરુષોને બોલાવીને કહ્યું- હે દેવાનુપ્રિયો! તમે શાલાટવી ચોરપલ્લીમા જાઓ, ત્યાં અભગ્નસેન ચોર સેનાપતિને બે હાથ જોડી મસ્તક પર અંજલિ કરી આ પ્રમાણે નિવેદન કરો-હે દેવાનુપ્રિય! પુરિમતાલ નગરમાં મહાબલ રાજાએ ઉત્શૂલ્ક (મહેસૂલની માફી) યાવત્ દશ દિવસના ઉત્સવ વિશેષની ઉદ્દઘોષણા કરાવી છે, તો આપને માટે પુષ્કળ અશનાદિક અને પુષ્પ, વસ્ત્ર, માળા તથા અલંકાર અહીં જ ઉપસ્થિત કરીએ કે આપ સ્વયં ત્યાં પધારશો?

२४- तए णं से अभग्गसेणे चोरसेणावई वहूहि मित्त-जावपडिवुडे ण्हाए जाव पायच्छित्ते सव्वालंकारविभूसिए सालाडवीओ चोरपल्लीओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव पुरिमतालणयरे, जेणेव महब्बले राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयलपरिग्गहियं० महब्बलं रायं जएणं विजएणं वद्धावेइ, वद्धावित्ता महत्थ जाव पाहुडं उवणेइ । तए णं से महब्बले राया अभग्गसेणस्स चोरसेणावइस्स त महत्थ जाव पडिच्छइ, अभग्गसेणं चोरसेणावइं सक्कारेइ, सम्माणेइ, सक्कारित्ता

૨૪- ત્યાર બાદ મિત્રો આદિથી ઘેરાયેલો તે અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઈ, યાવત્ અશુભ સ્વપ્નાનું ફળ નષ્ટ કરવા માટે પ્રાયશ્ચિતરૂપે મસ્તક પર તિલક અને અન્ય માંગલિકો કરીને સમસ્ત આભૂષણોથી ભૂષિત થઈ, શાલાટવી ચોરપલ્લીથી નીકળીને જ્યાં પુરિમતાલ નગર હતુ અને જ્યાં મહાબલ રાજા હતો ત્યા આવ્યો, આવીને બે હાથ જોડી, મસ્તક પર અંજલિ કરી મહાબલ રાજાને જય, વિજય શબ્દોથી વધામણી આપે છે. વધામણી દઈને મહાર્થ, મહાર્હ યાવત્ રાજાને યોગ્ય ભેટ અર્પણ કરે છે ત્યાર બાદ મહાબલ રાજા અભગ્નસેને આપેલી તે ભેટને સ્વીકારીને તેને

सम्माणित्ता विसज्जेइ, कूडागारसालं च से आवसहं दलयइ । तए ण से अभग्गसेणचोरसेणावई महव्बलेणं रण्णा विसज्जिए समाणे जेणेव कूडागारसाला तेणेव उवागच्छइ ।

સત્કાર, સમ્માનપૂર્વક પોતાની પાસેથી વિદાય કરીને તેને રહેવા માટે કૂટાકારશાળામાં સ્થાન આપે છે. ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિ મહાબલ રાજા દ્વારા સત્કારપૂર્વક જુદા પડીને કૂટાકારશાળામાં જાય છે અને ત્યાં નિવાસ કરે છે.

२५- तए णं से महव्बले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–गच्छह णं तुम्हे देवाणुप्पिया ! विउलं असणं ४ उवक्खडावित्ता तं विउलं असणं ४ सुरं च ५ सुबहु पुप्फगंधमल्लालंकारं च अभग्गसेणस्स चोरसेणावइस्स कूडागारसालाए उवणेह

तए णं ते कोडुंबियपुरिसा करयल जाव उवणेंति। तए णं से अभग्गसेणचोरसेणावई बहूहिं मित्त० सद्धिं संपरिवुडे ण्हाए जाव सव्वालंकारविभूसिए तं विउणं असणं ४ सुरं च ५ आसाएमाणे ४ पमत्ते विहरइ ।

૨૫– અહીં મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યુ કે–તમે લોકો પુષ્કળ અશનાદિક સામગ્રી તૈયાર કરાવો અને તે અશનાદિક સામગ્રી પાંચ પ્રકારની મદિરાઓ, તેમજ અનેક પ્રકારના પુષ્પો, માળાઓ અને અલંકારો કૂટાકારશાળામાં અભગ્નસેન ચોર સેનાપતિની સેવામાં પહોંચાડવાની છે.

કૌટુંબિક પુરુષો એ રાજાની આજ્ઞાનુસાર વિપુલ અશનાદિક સામગ્રી ત્યાં પહોંચાડી દીધી. ત્યાર બાદ અભગ્નસેન ચોર સેનાપતિ સ્નાનાદિથી નિવૃત્ત થઇ, સમસ્ત આભૂષણો પહેરીને પોતાના ઘણાં મિત્રો અને જ્ઞાતિજનો સાથે તે વિપુલ અશનાદિક તથા પાંચ પ્રકારની મદિરા આદિનું સારી રીતે આસ્વાદન, વિસ્વાદન આદિ કરતો પ્રમત્ત થઇને વિચરવા લાગ્યો.

२६- तए णं से महव्बले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-'गच्छह णं तुम्हे देवाणुप्पिया ! पुरिमतालस्स णयरस्स दुवाराइं पिहेह, अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हह, गिण्हित्ता ममं उवणेह'।

तए णं ते कोडुंबियपुरिसा करयल जाव पडिसुणेंति। पडिसुणित्ता पुरिमतालस्स णयरस्स दुवाराइं पिहेंति, अभग्गसेणं चोरसेणावइं जीवग्गाहं गिण्हंति । गिण्हित्ता महव्वलस्स रण्णो उवणेंति । तए णं से महव्बले राया अभग्गसेणं

૨૬– ત્યાર બાદ અભગ્નસેનને સત્કારપૂર્વક કૂટાકારશાળામાં રોકયા બાદ મહાબલ રાજાએ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યુ– હે ભદ્ર પુરુષો! તમે લોકો જાઓ, જઈને, પુરિમતાલ નગરના દરવાજાઓ બંધ કરી દો અને ચોરપલ્લીના ચોર સેનાપતિને જીવતો જ પકડી લ્યો અને પકડીને મારી સામે તેને ઉપસ્થિત કરો.

ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષોએ રાજાની આ આજ્ઞાને હાથ જોડી, મસ્તક પર અંજલિ કરી વિનયપૂર્વક શિરોધાર્ય કરી અને પુરિમતાલ નગરના દ્વારોને બંધ કરી ચોર સેનાપતિને જીવતો જ પકડીને મહાબલ રાજાની સામે ઉપસ્થિત કર્યો. ત્યાર બાદ મહાબલ રાજાએ અભગ્ન-

१०- तए ण तीसे भद्दाए स[illegible] [illegible] कयाइं तिण्हं मासाणं [illegible] [illegible] एयारूवे दोहले पाउब्भूए-[illegible] ताओ अम्मयाओ सपुण्णाओ ण [illegible] णं जाव सुलद्धे तासिं माणुस्सए जम्मजीवियफले जाओ ण बहूणं [illegible] नयरगोरूवाणं पसूण य जलयर-थलयर-खहयरमाईण पक्खीण य बहूहिं मंसेहिं तलिएहिं भज्जिएहिं सोल्लेहिं सद्धिं सुरं च महुं च मेरगं च जाइं च सीहुं च पसन्नं च आसाएमाणीओ विसाएमाणीओ परिभुंजेमाणीओ परिभाएमाणीओ दोहलं विणेति, तं जइ णं अहमवि बहूणं जाव विणिज्जामि-त्ति कट्टु तंसि दोहलंसि अविणिज्जमाणंसि सुक्का भुक्खा जाव झियाइ ।

[illegible] અને ખેચર આદિ પ્રાણીઓના, [illegible] અગ્નિમાં પકાવેલા અને [illegible] પકાવેલા માંસનો તથા સુરા, મધુ, મેરક, જાતિ, સીધુ તથા પ્રસન્ના નામક મદિરાઓનું આસ્વાદન, વિશેષરૂપે આસ્વાદન, પરિભોગ અને વિભાજન કરીને પોતાનો દોહદ પૂર્ણ કરે છે હું પણ મારા આ દોહદને એવી રીતે પૂર્ણ કરું, પણ તે દોહદ પૂર્ણ નહિ થવાથી તે ભદ્રા સાર્થવાહિની સુકાવા લાગી ભૂખી એવં ચિન્તાગ્રસ્ત રહેવા લાગી

११- तए णं से सुभद्दे सत्थवाहे भद्दं भारियं ओहय जाव पासइ एवं वयासी-किं ण तुमं देवाणुप्पिया! ओहय जाव झियासि? तए णं सा भद्दा सत्थवाही सुभद्दं सत्थवाहं एवं वयासी-एवं खलु देवाणुप्पिया! मम तिण्हं मासाणं जाव झियामि ।

૧૧–ત્યારે સુભદ્ર સાર્થવાહે પોતાની ભાર્યા ભદ્રાને ચિન્તિત જોઇને કહ્યુ–દેવાનુપ્રિયે! શા કારણે તુ ચિન્તાગ્રસ્ત રહ્યાં કરે છે? ત્યારે ભદ્રા સાર્થવાહિનીએ સુભદ્ર સાર્થવાહને કહ્યું– દેવાનુપ્રિય! મારા ગર્ભના ત્રણ માસ થઇ ગયા છે અને દોહદની પૂર્તિ નહિ થવાથી હુ ચિન્તિત છું

१२- तए णं से सुभद्दे सत्थवाहे भद्दाए भारियाए एयमट्ठं सोच्चा निसम्म भंद्द भारियं एवं वयासी-एवं खलु देवाणुप्पिया ! तुह गब्भंसि अम्हाण पुव्वकयपावप्पभावेणं केई अहम्मिए जावदुप्पडियाणंदे जीवे ओयरिए तेणं एयारिसे दोहले पाउब्भूए, तं होउ णं एयस्स पसायण-त्ति कट्टु से सुभद्दे सत्थवाहे केणवि उवाएणं तं दोहलं विणेइ । तए णं सा भद्दा सत्थवाही संपुण्णदोहला संमाणियदोहला विणीयदोहला वोच्छिन्नदोहला संपन्नदोहला तं गब्भं सुहं सुहेणं परिवहइ ।

૧૨–ત્યારે સુભદ્ર સાર્થવાહે ભદ્રાભાર્યાની વાત સાભળી અને સમજીને કહ્યુ–દેવાનુપ્રિયે ! આપણાં પૂર્વકૃત પાપના પ્રભાવથી કોઇ અધર્મી યાવત્ બીજાને દુઃખ આપવામાં આનન્દ માનનાર જીવ તારા ગર્ભમાં આવ્યો છે, આ કારણથી તને આવો દોહદ ઉત્પન્ન થયો છે એ જીવનું ભલુ થાઓ ! પછી કોઇ ઉપાયથી તે દોહદ પૂર્ણ કર્યો, ત્યાર પછી ભદ્રા સાર્થવાહિની દોહદ સમ્પૂર્ણ, સમ્માનિત, વિનીત, વિચ્છિન્ન અને સમ્પન્ન હોવાથી સુખે સુખે તે ગર્ભને વહન કરવા લાગી

१३- तए णं सा भद्दा सत्थवाही अण्णया कयाइं णवण्हं मासाणं वहुपडिपुण्णाणं दारगं पयाया, तए णं तस्स दारगस्स अम्मापियरो जायमेत्तं चेव सगडस्स हेट्ठओ ठावेंति, ठावित्ता गिण्हावेंति, गिण्हावित्ता दोच्चंपि ठावेंति, ठावित्ता दोच्चंपि गिण्हावेंति, आणुपुव्वेणं सारक्खेंति सगोवेंति, संवड्ढेंति ।

जहा उज्झियए, जाव जम्हा णं अम्हं इमे दारए जायमेत्ते चेव सगडस्स हेट्ठा ठाविए, तम्हा णं होउ णं अम्हं एस दारए सगडे नामेणं, सेसं जहा उज्झियए।

सुभद्दे लवणसमुद्दे कालगए, माया वि कालगया। से वि सयाओ गिहाओ निच्छूढे ।

૧૩–લગભગ નવ માસ પૂરા થયા ત્યારે સુભદ્રા સાર્થવાહિનીએ બાળકને જન્મ આપ્યો ઉત્પન્ન થતાં જ માતાપિતા તે બાળકને શકટ–છકડા નીચે સ્થાપિત કરે છે અને પાછો ઉઠાવી લે છે, ઉઠાવીને ફરી બીજીવાર ત્યાં રખાવ્યો, રખાવીને ફરીથી બીજીવાર ગ્રહણ કરીને તેનુ યથાવિધિ સરક્ષણ, સગોપન અને સંવર્ધન (સારી રીતે ઉછેર) કરે છે

ઉજ્ઝિતક કુમારની જેમ ઉત્પન્ન થતાં જ 'અમારા આ બાળકને શકટ નીચે સ્થાપિત કરવામાં આવ્યુ હતું તેથી આનુ નામ 'શકટ કુમાર' પાડવામાં આવે છે અર્થાત્ માતાપિતાએ તેનું શકટ કુમાર એવુ નામ પાડયુ. તેનું બાકીનુ જીવન ઉજ્ઝિતક કુમારની સમાન જ જાણી લેવું જોઇએ

જ્યારે સુભદ્ર સાર્થવાહ લવણ સમુદ્રમાં મૃત્યુ પામ્યો તેમજ શકટની માતા ભદ્રા પણ મરણ પામી ત્યારે તે શકટ કુમારને રાજપુરુષો દ્વારા ઘરેથી કાઢી મૂકવામાં આવ્યો

२१- तए णं से सगडे दारए उम्मुक्कबालभावे जोव्वणगमणुप्पत्ते अल भोगसमत्थे यावि भविस्सइ। तए णं सा सुदरिसणा वि दारिया उम्मुक्कबालभावा विण्णाय-परिणयमेत्ता जोव्वणगमणुप्पत्ता रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठा उक्किट्ठसरीरा यावि भविस्सइ। तए णं से सगडे दारए सुदरिसणाए रूवेण य जोव्वणेण य लावण्णेण य मुच्छिए ४ सुदरिसणाए भगिणीए सद्धि उरालाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणे विहरिस्सइ।

૨૧– [illegible] બાલભાવનો [illegible] યૌવનને પ્રાપ્ત [illegible] સુદર્શના [illegible] બાલભાવથી નીકળીને [illegible] જ્ઞાન અને બુદ્ધિ આદિની પરિપક્વતાને પ્રાપ્ત કરી યુવાવસ્થામાં આવશે [illegible] રૂપમાં, યૌવનમાં અને લાવણ્યમાં [illegible] તેમ જ [illegible] શરીરવાળી બનશે ત્યારે સુદર્શના કુમારીના રૂપ, યૌવન અને લાવણ્યમાં મૂર્છિત–તેના ધ્યાનમાં મગ્ન બનેલો, તેની ઇચ્છા રાખનાર, તેના સ્નેહજાળમાં જકડાયેલો અને તેની જ એક માત્ર લગનમાં આસક્ત રહેનારો તે શકટ કુમાર પોતાની બહેન સુદર્શના સાથે મનુષ્યસંબન્ધી પ્રધાન કામભોગનું સેવન કરતો જીવન વ્યતીત કરશે

२२- तए णं से सगडे दारए अण्णया कयाइं सयमेव कूडग्गाहत्तं उवसंपज्जित्ता णं विहरिस्सइ। तए णं से सगडे दारए कूडग्गाहे भविस्सइ, अहम्मिए जाव दुप्पडियाणंदे। एयकम्मे सुबहु पावं समज्जिणित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए णेरइयत्ताए उववज्जिहिइ।

संसारो तहेव जाव पुढवीसु। से णं तओ अणंतरं उवट्टित्ता वाराणसीए णयरीए मच्छत्ताए उववज्जिहि।

से णं तत्थ मच्छे मच्छवधिएहि वहिए। तत्थेव वाणारसीए णयरीए

૨૨– ત્યાર બાદ કોઇ વખતે તે શકટ કુમાર પોતાની મેળેજ કૂટગ્રાહિત્વ (કપટથી બીજા પ્રાણીઓને પોતાના વશમાં કરવાની કળા) ને પ્રાપ્ત કરીને સમય વ્યતીત કરશે ત્યારે કૂટગ્રહ બનેલો તે શકટ મહાઅધર્મી યાવત્ દુષ્પ્રત્યાનન્દ થશે અને આવા કર્મો કરનાર, તેવા કાર્યોને જ મુખ્યરૂપે માનનાર અને તેનાજ જ્ઞાનવાળો તેમજ આજ પાપ કર્મોને પોતાનું સર્વોત્તમ આચરણ માનતો, અધર્મ પ્રધાન કૃત્યોથી તે ઘણાં પાપ કર્મોને ઉપાર્જિત કરીને મૃત્યુ સમયે કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિમાં નારક રૂપે ઉત્પન્ન થશે.

તેનુ સંસારભ્રમણ પૂર્વવત્ જાણી લેવુ યાવત્ પૃથ્વીકાયમાં લાખોવાર તે ઉત્પન્ન થશે. ત્યાર બાદ ત્યાંથી નીકળીને તે સીધો વારાણસી નગરીમાં

सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाहिइ। बोहि बुज्झिहिइ, पव्वज्जा, सोहम्मे कप्पे, महाविदेहे वासे सिज्झिहिइ ५। णिक्खेवो।

મત્સ્યરૂપે જન્મ લેશે. ત્યાં માછીમાર દ્વારા વધને પ્રાપ્ત થયેલો તે ફરી તે જ વારણસી નગરીમાં એક શ્રેષ્ઠિકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે સમ્યક્ત્વને તથા સાધુધર્મને પ્રાપ્ત કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવતા બનશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે. ત્યાં સાધુવૃત્તિનું સમ્યક્રૂપે પાલન કરીને તે સિદ્ધિ પ્રાપ્ત કરશે, કેવળજ્ઞાનથી સમસ્ત પદાર્થોને જાણશે સમ્પૂર્ણ કર્મોથી રહિત થઇ જશે અને સર્વ દુ:ખોનો અન્ત કરશે.

ઉપસંહાર પૂર્વવત્ સમજી લેવો.



पंचमं अज्झयणं

बहस्सइदत्ते

१- जइ णं भंते! पंचमस्स अज्झयणस्स उक्खेवो। एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएणं कोसंबी णामं णयरी होत्था। रिद्धत्थिमियसमिद्धा। बाहिं चंदोत्तरणे उज्जाणे। सेयभद्दे जक्खे। तत्थ णं कोसंबीए णयरीए सयाणीए णामं राया होत्था। महयाहिमवंत०। तस्स णं सयाणीयस्स रण्णो पुत्ते मियावईए देवीए अत्तए उदयणे णामं कुमारे होत्था। अहीण० जाव सव्वंगसुंदरंगे। से णं जुवराया होत्था। तस्स णं उदयणस्स कुमारस्स पउमावई णामं देवी होत्था।

तस्स णं सयाणीयस्स रण्णो सोमदत्ते णामं पुरोहिए होत्था। रिउव्वेयजउव्वेय० ४। तस्स णं सोमदत्तस्स पुरोहियस्स वसुदत्ता णामं भारिया होत्था। तस्स णं सोमदत्तस्स पुत्ते वसुदत्ताए अत्तए बहस्सइदत्ते णामं दारए होत्था अहीण जाव-सुंदरंगे।

ते शतानीकनो सोमदत्त नामनो એક પુરોહિત હતો તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આદિનો સંપૂર્ણ જ્ઞાતા હતો સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામની પત્ની હતી તથા સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ બૃહસ્પતિદત્ત નામનો એક સર્વાંગસંપન્ન અને રૂપવાન બાળક હતો.

२- तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसरिए, तेणं कालेणं तेणं समएणं भगवं गोयमे तहेव जाव रायमग्गं ओगाढे तहेव पासइ हत्थी आसे पुरिसे, तेसिं मज्झे एगं पुरिसं पासइ,

२– તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કૌશાંબી નગરીની બહાર સ્થિત ચન્દ્રાવતરણ ઉદ્યાનમાં પધાર્યા. તે સમયે ભગવન્ ગૌતમ સ્વામી પૂર્વવત્ કૌશાંબી નગરીમાં ભિક્ષા માટે ગયા અને રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને તથા તે

चिता तहेव पुच्छइ पुव्वभवं भगवं। वागरेइ।

પુરુષોની વચ્ચે એક વધ્ય (જેનો વધ કરવાનો છે તે) પુરુષને પણ જોયો, તેને જોઇને મનમાં ચિન્તન કરવા લાગ્યા અને પાછા આવીને ભગવાનને તેના (તે પુરુષના) પૂર્વભવ વિષે પૂછવા લાગ્યા, ત્યારે ભગવાન્ તેના પૂર્વભવનું આ પ્રમાણે વર્ણન કરવા લાગ્યા–

३- एवं खलु गोयमा! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे सव्वओभद्दे णामं णयरे होत्था रिद्ध० तत्थ णं सव्वओभद्दे णयरे जियसत्तू णामं राया होत्था। तत्थ णं जियसत्तुस्स रण्णो महेसरदत्ते णामं पुरोहिए होत्था। रिउव्वेय-जाव-अयव्वणवेयकुसले यावि होत्था।

૩– હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપમાં સ્થિત ભરતવર્ષ નામક ક્ષેત્રમાં સર્વતોભદ્ર નામનું ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતુ તે સર્વતોભદ્ર નામના નગરમાં જિતશત્રુ નામનો એક મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો તે જિતશત્રુ રાજાનો મહેશ્વરદત્ત નામનો એક પુરોહિત હતો, જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચારેય વેદોનો સંપૂર્ણ જ્ઞાતા હતો

तए णं से महेसरदत्ते पुरोहिए जियसत्तुस्स रण्णो रज्जबलविवद्धणट्ठयाए कल्लाकल्लि एगमेगं माहणदारगं, एगमेगं खत्तियदारगं, एगमेगं वइस्सदारगं, एगमेगं सुद्दारगं गिण्हावेइ गिण्हावित्ता तेसिं जीवंतगाणं चेव हियउडए गिण्हावेइ, गिण्हावित्ता जियसत्तुस्स रण्णो संतिहोमं करेइ।

મહેશ્વરદત્ત પુરોહિત જિતશત્રુ રાજાના રાજ્ય અને બળ (સૈન્ય)ની વૃદ્ધિ માટે પ્રતિદિન એક બ્રાહ્મણ બાળક, એક ક્ષત્રિય બાળક, એક વૈશ્ય બાળક અને એક શૂદ્ર બાળકને પકડાવી લેતો હતો અને પકડાવીને જીવતાં જ તેમના હૃદયોના માંસપિંડોને કાઢી લેતો હતો, કાઢીને જિતશત્રુ રાજાના નિમિત્તે શાન્તિહોમ કર્યા કરતો હતો

तए णं से महेसरदत्ते पुरोहिए अट्ठमी-चउद्दसीसु दुवे २ माहणखत्तियवइस्ससुद्दारए, चउण्हं मासाणं चत्तारि २, छण्हं मासाणं अट्ठ २, संवच्छरस्स सोलस २, जाहे २ वि य णं जियसत्तू णं राया परबलेणं अभिजुज्जइ ताहे ताहे वि य णं से महेसरदत्ते पुरोहिए अट्ठसयं माहणदारगाणं, अट्ठसयं खत्तियदारगाणं, अट्ठसयं वइस्सदारगाणं, अट्ठसयं सुद्दारगाणं पुरिसेहि गिण्हावेइ, गिण्हा-

આ સિવાય તે પુરોહિત આઠમ અને ચૌદશના દિવસે બબ્બે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર બાળકો, ચાર મહિનામાં ચાર બાળકોને, છ માસમાં આઠ આઠ બાળકોને અને વર્ષમા સોળ સોળ બાળકોના હૃદયના માંસપિંડોથી શાન્તિ હોમ કરતો તથા જ્યારે જ્યારે જિતશત્રુ રાજાનુ કોઇ બીજા શત્રુ રાજા સાથે યુદ્ધ થતુ ત્યારે ત્યારે તે મહેશ્વરદત્ત પુરોહિત ૧૦૮ બ્રાહ્મણ બાળકો, ૧૦૮ ક્ષત્રિય બાળકો, ૧૦૮ વૈશ્ય બાળકો અને ૧૦૮ શૂદ્ર બાળકોને પોતાના માણસો દ્વારા પકડાવીને તેમની જીવિતાવસ્થામાં જ

४- तए ण से महेसरदत्ते पुरोहिए एयकम्मे ४ सुबहु पावं समज्जिणित्ता तीसं वाससयाइं परमाउ पालित्ता कालमासे कालं किच्चा पंचमाए पुढवीए उक्कोसेणं सत्तरससागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।

से ण ताओ अणतरं उव्वट्टित्ता इहेव कोसंबीए णयरीए सोमदत्तस्स पुरोहियस्स वसुदत्ताए भारियाए पुत्तत्ताए उववण्णे । तए णं तस्स दारगस्स अम्मापियरो णिव्वत्ते एगारसे दिवसे, सपत्ते बारसाहे, इमं एयारूवं णामधिज्जं करेंति--जम्हा णं अम्हं इमे दारए सोमदत्तस्स पुत्ते वसुदत्ताए अत्तए, तम्हा णं होउ णं अम्हं दारए बहस्सइदत्ते णामेणं ।

तए णं से बहस्सइदत्ते दारए पंचधाईपरिग्गहिए जाव परिवड्ढइ । तए णं से बहस्सइदत्ते दारए, उम्मुक्कबालभावे जोव्वणगमणुपत्ते विण्णायपरिणयमेत्ते होत्था । से णं उदयणस्स कुमारस्स पियबालवयंसए यावि होत्था । सहजायए सहवड्ढियए सहपंसुकीलियए ।

[illegible]

ત્યાર બાદ મહેશ્વરદત્ત પુરોહિતનો પાપિષ્ઠ જીવ તે પાંચમી નરકભૂમિમાંથી નીકળીને સીધો આ કૌશાંબી નગરીમાં સોમદત્ત પુરોહિતની વસુદત્તા નામની પત્નીનાં ઉદરમાં ગર્ભરૂપે આવ્યો અને પછી પુત્રરૂપે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થયેલા તે બાળકના માતાપિતાએ જન્મથી બારમા દિવસે નામકરણ કરતા સોમદત્તનો પુત્ર અને વસુદત્તાનો આત્મજ હોવાથી તેનુ નામ બૃહસ્પતિદત્ત રાખ્યું

પછી તે બૃહસ્પતિદત્ત બાળક પાચ ધાવ માતાઓથી પરિગૃહીત યાવત્ વૃદ્ધિને પ્રાપ્ત થતો બાલ્યભાવનો ત્યાગ કરીને યુવાવસ્થાને પ્રાપ્ત થયો પરિપક્વ વિજ્ઞાનને ઉપલબ્ધ કરેલો તે ઉદયનકુમારનો બાળપણથી જ મિત્ર થઇ ગયો કેમ કે તે બન્ને એક સાથે ઉત્પન્ન થયા હતા, એક સાથે મોટા થયા હતા અને એક સાથે જ રમ્યા હતા.

५-तए णं से सयाणीए राया अण्णया कयाइं कालधम्मुणा संजुत्ते । तए णं से उदयणे कुमारे बहूहिं राईसर-जाव-सत्थवाहप्पभिईहिं सद्धिं संपरिवुडे, रोयमाणे कंदमाणे विलवमाणे सयाणीयस्स रण्णो महया इड्ढिसक्कार-समुदएणं णीहरणं करेइ, करित्ता बहुइं लोइयाइं मयकिच्चाइं करेइ ।

૫- ત્યાર બાદ કોઇ વખતે મહારાજા શતાનીકનું મૃત્યુ થયું ત્યારે ઉદયનકુમારે ઘણા રાજાઓ, રાજકુમારો યાવત્ સાર્થવાહ આદિની સાથે રુદન કરતાં, આક્રંદન તથા વિલાપ કરતાં શતાનીક રાજાનુ ઘણાં ભભકા સાથે નિસ્સરણ તથા મૃતક સંબંધી સમ્પૂર્ણ લૌકિક કૃત્યો કર્યા.

६-तए णं ते बहवे राईसर--जाव--सत्थवाहा उदयणं कुमारं महया२ रायाभिसेएणं अभिसिचंति । तए णं से उदयणे कुमारे राया जाए महया० । तए णं से बहस्सइदत्ते दारए उदयणस्स रण्णो पुरोहिए जाए । से णं उदयणस्स रण्णो पुरोहियकम्मं करेमाणे सव्वट्ठाणेसु सव्वभूमियासु अंतेउरे य दिन्नवियारे जाए यावि होत्था ।

તए णं से बहस्सइदत्ते पुरोहिए उदयणस्स रन्नो अंतेउरे वेलासु य अवेलासु य कालेसु य अकालेसु य राओ य वियाले य पविसमाणे, अण्णया कयाइं पउमावईए देवीए सद्धिं संपलग्गे यावि होत्था । पउमाईए देवीए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।

૬- ત્યાર બાદ તે રાજા, રાજકુમાર યાવત્ સાર્થવાહ આદિ લોકોએ મળીને મોટા સમારોહ સાથે ઉદયનકુમારનો રાજ્યાભિષેક કર્યો, ત્યારથી ઉદયનકુમાર હિમાલયાદિ પર્વતની સમાન મોટો અને મહાપ્રતાપી રાજા બની ગયો બૃહસ્પતિદત્ત બાળક ઉદયન રાજાનો પુરોહિત બન્યો અને પુરોહિત સંબંધી કામકાજ કરતો તે સર્વ સ્થાનો, સર્વ ભૂમિકાઓ તથા અન્તઃપુરમાં ઇચ્છાનુસાર, કોઇ પણ જાતની રોક ટોક વિના ગમનાગમન (આવ-જા) કરવા લાગ્યો

ત્યાર બાદ તે બૃહસ્પતિદત્ત પુરોહિતનો, ઉદયન રાજાના અન્તઃપુરમાં સમયે, અસમયે, (ટાણે-કટાણે) કાળે-અકાળે, રાત્રિ અને સંધ્યાકાળમાં સ્વેચ્છાપૂર્વક પ્રવેશ કરતાં કોઇ વખતે પદ્માવતી રાણી સાથે અનુચિત સંબંધ પણ થઇ ગયો તદનુસાર પદ્માવતી રાણી સાથે તે ઉદાર, ઇચ્છા મુજબ, મનુષ્ય સંબંધી કામભોગોનુ સેવન કરતો સમય વીતાવવા લાગ્યો

७-इमं च णं उदयणे राया ण्हाए जाव विभूसिए जेणेव पउमावई देवी तेणेव उवागच्छइ । तए णं से उदयणे राया बहस्सइदत्तं पुरोहियं पउमावईए देवीए सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणं पासइ, पासित्ता आसुरुत्ते तिवलियं

૭- આ બાજુ ઉદયન રાજા સ્નાનાદિથી નિવૃત્ત થઇને અને સમસ્ત આભૂષણોથી અલંકૃત થઇને જ્યા પદ્માવતી રાણી હતી ત્યાં આવ્યો, આવીને તેણે પદ્માવતી રાણી સાથે કામભોગોનું સેવન કરતાં બૃહસ્પતિદત્ત પુરોહિતને જોયો, જોતાં જ તે ક્રોધથી ધમધમી ઊઠયો અને કપાળ પર ત્રણ

मिउहि [illegible]
पुरोहि [illegible]
जाव [illegible]
एवं खलु गोयमा [illegible] पुरोहि[illegible]
पुरा पोराणाण जाव [illegible]।

८- बहस्सइदत्ते ण भंते! [illegible]
कालगए कहिं गच्छिहिइ कहिं उववज्जि[illegible]
हिइ ?

गोयमा! बहस्सइदत्तेण दारए पुरोहिए चउसट्ठिं वासाइं परमाउं पालित्ता अज्जेव तिभागावसेसे दिवसे सूलीभिण्णे कए समाणे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए संसारो तहेव जाव पुढवीसु। तओ हत्थिणाउरे णयरे मियत्ताए पच्चायाइस्सइ। से ण तत्थ वाउरिएहिं वहिए समाणे तत्थेव हत्थिणाउरे नयरे सेट्ठिकुलंसि पुत्तत्ताए० बोहिं। सोहम्मे कप्पे महाविदेहे वासे सिज्झिहिइ णिक्खेवो।

[illegible] ગૌતમ! [illegible] [illegible] ત્યારે [illegible] આયુષ્યમાં કાળ કરીને [illegible] નામક પ્રથમ નરક ભૂમિમાં ઉત્પન્ન [illegible] પ્રથમ અધ્યયનમાં કહેલ મૃગાપુ[illegible] મૃગાપુત્રની જેમ [illegible] પૃથ્વી કાયમાં લાખો વાર ઉત્પન્ન થ[illegible] ત્યાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં મૃગ[illegible] જન્મ લેશે. ત્યાં જાળમાં ફસાવીને માર[illegible] શિકારીઓ દ્વારા મારી નાખતા પછી તે [illegible] હસ્તિનાપુર નગરમાં શ્રેષ્ઠ કુળમાં પુત્રરૂપે જ[illegible] ધારણ કરશે.

ત્યાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરશે અને કાળ કર[illegible] સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થ[illegible] ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થ[illegible] ત્યાં અણગાર વૃત્તિ (સાધુપણા)ને ધારણ કર[illegible] સંયમારાધના દ્વારા કર્મોનો ક્ષય કરીને સિ[illegible] પદને પ્રાપ્ત કરશે મોક્ષે જશે

ઉપસંહાર પૂર્વવત્ જાણી લેવો જોઈએ.



નન્દિસેન

१- जइणं भंते ! छट्ठस्स उक्खेवो। एव खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं महुरा णयरी भंडीरे उज्जाणे सुदरिसणे जक्खे सिरिदामे राया बंधुसिरी भारिया पुत्ते णंदिसेणे णामं कुमारे अहीण जाव जुवराया। तस्स णं सिरिदामस्स रण्णो सुबंधू णामं अम्मच्चे होत्था सामभेयदंड०।

૧– છઠ્ઠા અધ્યયનની પ્રસ્તાવનાની કલ્પના પૂર્વ-વત્ કરી લેવી જોઇએ. સુધર્માસ્વામીએ કહ્યુ– હે જંબૂ! તે કાળ અને તે સમયમાં મથુરા નામની એક નગરી હતી ત્યાં ભડીર નામનુ એક ઉદ્યાન હતું, તેમાં સુદર્શન નામના યક્ષનુ યક્ષાયતન હતુ ત્યા શ્રીદાસ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેની બધુશ્રી નામની રાણી હતી તેમનો સર્વાંગ સપૂર્ણ અને પરમ સુન્દર યુવરાજ પદથી અલકૃત નન્દિવર્ધન નામનો પુત્ર હતો. શ્રીદાસ રાજાને સામ, ભેદ, દડ અને દાનનીતિમાં નિપુણ સુબધુ નામનો મંત્રી હતો.

२- तस्स णं सुबंधुस्स अमच्चस्स बहुमित्तीपुत्ते णामं दारए होत्था। अहीण० तस्स णं सिरिदामस्स रण्णो चित्ते णाम अलंकारिए होत्था। से णं सिरिदामस्स रण्णो चित्तं बहुविहं अलंकारियकम्मं करेमाणे सव्वट्ठाणेसु सव्वभूमियासु अतेउरे य दिण्णवियारे यावि होत्था।

૨– તે મત્રીનો બહુમિત્રીપુત્ર નામનો એક બાળક હતો, જે સર્વાંગ સંપન્ન અને રૂપવાન હતો તથા તે શ્રીદાસ રાજાને ચિત્ર નામનો, અલકારી નાઇ–હજામ હતો. તે રાજાનુ અનેક પ્રકારે અલકારિક કર્મ કરતો હતો. તે રાજાજ્ઞાથી સર્વ સ્થાનોમાં, સર્વ ભૂમિકાઓ તથા અન્ત પુરમા પ્રતિબધ રહિત ગમનાગમન કરતો હતો

३- तेणं कालेणं तेण समएणं सामी समोसढे। परिसा राया य णिग्गओ जाव पडिगया रायावि गओ।

तेणं कालेणं तेण समएणं समणस्स जेट्ठे जाव रायमग्गं ओगाढे तहेव हत्थी आसे पुरिसे पासइ। तेसिं च णं पुरिसाणं मज्झगयं एगं पुरिसं पासइ जाव णरणारीसंपरिवुडं।

૩– તે કાળ અને તે સમયમાં (મથુરા નગરની બહાર–ભડીર નામના ઉદ્યાનમા) શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, પરિષદ્ અને રાજા ભગવાનના દર્શનાર્થે નગરથી નીકળ્યાં યાવત્ પાછા ચાલ્યા ગયા.

તે સમયે ભગવાન મહાવીર સ્વામીના પ્રધાન શિષ્ય ગૌતમસ્વામી ભિક્ષાર્થે ગમન કરતાં યાવત રાજમાર્ગમાં પધાર્યા. ત્યાં તેમણે હાથીઓ, ઘોડાઓ અને પુરુષોને જોયા તથા તે પુરુષોની

तए णं [illegible] पुरिसा [illegible]
तत्तंसि. अयोमयाम [illegible], [illegible]
सणंसि निवेसावेंति। [illegible]
पुरिसाणं मज्झगए [illegible] तहेव [illegible]
कलसेहिं तत्तेहिं समजोइभूएहिं, [illegible]
गइया तंबभरिएहिं, अप्पेगइया [illegible]
रिएहिं, अप्पेगइया सीसगभरिएहिं [illegible]
भरिएहिं, अप्पेगइया खारतेल्लभरिएहिं,
महया २ रायाभिसेगेणं अभिसिंचंति।
तयाणंतरं च णं [illegible] तत्तअयोमयं [illegible]
इभूयं अयोमयसंडासएणं गहाय [illegible]
पिणद्धेंति। तयाणंतरं च णं अद्धहारं जाव
पट्टं मउडं चिंता तहेव जाव वागरेइ।

४- एवं खलु गोयमा तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे सीहपुरे णामं णयरे होत्था रिद्ध० ३। तत्थ णं सीहपुरे णयरे सीहरहे णामं राया। तस्स णं सीहरहस्स रण्णो दुज्जोहणे णामं चारगपालए होत्था, अहम्मिए जाव दुप्पडियाणंदे। तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स इमेयारूवे चारगभंडे होत्था। तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहूओ अयकुंडीओ अप्पेगइयाओ तंबभरियाओ अप्पेगइयाओ तउयभरियाओ अप्पेगइयाओ सीसगभरियाओ अप्पेगइयाओ कलकलभरियाओ अप्पेगइयाओ खारतेल्ल० अगणीकायंसि अद्दहियाओ चिट्ठंति।

૪- હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં સ્થિત ભારતવર્ષ નામના ક્ષેત્રમાં સિંહપુર નામનું એક સમૃદ્ધ નગર હતું. ત્યાં સિંહરથ નામનો રાજા રાજ્ય કરતો હતો તેને દુર્યોધન નામનો એક કારાગૃહ રક્ષક-જેલર હતો, જે અધર્મી યાવત્ મુશ્કેલીઓથી પ્રસન્ન થનાર હતો અને તેની પાસે નીચે પ્રમાણે કારાગારના ઉપકરણો હતા તેને ત્યા અનેક પ્રકારની લોહમય કુંડીઓ હતી જેમાંથી કેટલીક પિગાળેલા ગરમ તામ્રથી પરિપૂર્ણ હતી, કેટલીક જસતના ગરમ રસથી પરિપૂર્ણ હતી, કેટલીક સીસાથી પરિપૂર્ણ હતી કેટલીક ચૂનામિશ્રિત ઊકાળેલા જળથી ભરેલ અને કેટલીક ક્ષારયુક્ત તેલથી ભરેલી હતી કે જે અગ્નિ પર જ મૂકેલી રહેતી હતી.

५- तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे उट्टियाओ आसमुत्तभरियाओ अप्पेगइयाओ हत्थिमुत्तभरियाओ अप्पेगइयाओ उट्टमुत्तभरियाओ अप्पेगइयाओ गोमुत्तभरियाओ· अप्पेगइयाओ एलयमुत्तभरियाओ अप्पेगइयाओ महिसमुत्तभरियाओ बहुपडिपुण्णाओ चिट्ठंति ।

૫– દુર્યોધન નામના તે જેલર પાસે અનેક ઊંટોના પૃષ્ઠભાગ સમાન મોટા મોટા અનેક મટકા (માટલા) હતાં. તેમાંથી કેટલાંક ઘોડાના મૂત્રથી ભરેલા હતા, કેટલાંક હાથીના મૂત્રથી ભરેલાં હતાં, કેટલાંક ઊંટના મૂત્રથી ભરેલા હતાં, કેટલાંક ગાયોના મૂત્રથી ભરેલા હતાં, કેટલાંક ભેંસોના મૂત્રથી, કેટલાંક બકરાંઓના મૂત્રથી તો કેટલાંક ઘેટાંના મૂત્રથી ભરેલા હતા.

६- तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे हत्थंदुयाण य पायंदुयाण य हडीण य णियलाण य संकलाण य पुंजा य णिगरा य संणिखित्ता चिट्ठंति, तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे वेणुलयाण य चिचालयाण य छिवाण य कसाण य वायरस्सीण य पुंजा य णिगरा य चिट्ठंति । तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे सिलाण य लउडाण य मोग्गराण य कणंगराण य पुंजा य णिगरा य चिट्ठंति.

तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे वरत्ताण य वागरज्जूण य वालसुत्तरज्जूण य पुंजा य णिगरा य चिट्ठंति, तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे असिपत्ताण य करपत्ताण य खुरपत्ताण य कलंबचीरपत्ताण य पुंजा य णिगरा य चिट्ठंति । तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे लोहखीलाण य कडसक्कराण य अलिपत्ताण य पुंजा य णिगरा य चिट्ठंति । तस्स णं दुज्जोहणस्स चारगपालगस्स बहवे सुचीण य डंभणाण य कोट्टिलाण

૬– તે દુર્યોધન નામના જેલર પાસે અનેક હસ્તાંદુકો (હાથ કડિઆઓ), પાદાન્દુકો (પગમાં બાધવાનું કાષ્ઠ નિર્મિતબંધન વિશેષ), કાષ્ઠની બેડી, લોખંડની બેડી અને લોખંડની સાંકળના શિખરયુકત અને શિખરરહિત ઢગલાઓ રહેતા હતા, અને દુર્યોધન જેલરની પાસે અનેક ચાબુકો, ચિચાની ચાબુકો, આંબલીની ચાબુકો કોમળ ચામડાની ચાબુકો તથા સામાન્ય ચાબુકો અને વૃક્ષની છાલથી બનાવેલ ચાબુકોના પુંજ (શિખરયુકત ઢગલાઓ) અને નિકર (શિખર રહિત ઢગલાઓ) પણ રાખેલા હતા તે દુર્યોધન જેલરની પાસે અનેક શિલાઓ, લાકડીઓ, મુદ્દગરો અને કનગરો (જળમાં ચાલનાર જહાજ આદિને સ્થિર કરનાર શસ્ત્રવિશેષો) ના પુંજ અને નિકરો પણ હતા.

તે દુર્યોધનની પાસે અનેક પ્રકારની ચામડાની રસ્સીઓ, ઝાડની છાલથી બનાવેલ રસ્સી, વાળની રસ્સીઓ અને સૂતરની રસ્સીઓના પુંજ અને નિકરો રાખેલા હતા, તેમજ તે દુર્યોધન પાસે તલવાર, આરા, અસ્તરા અને કદંબચીરપત્ર નામના શસ્ત્ર વિશેષના પુંજ અને નિકરો પણ રાખેલા હતા

તે દુર્યોધન જેલરની પાસે અનેક પ્રકારની લોખંડની ખીલીઓ, વાંસની શલાકાઓ, ચામડાના પટ્ટાઓ અને ચક્ષપટ્ટ (વીંછીની પૂંછના આકારનું શસ્ત્રવિશેષ) ના પુંજ અને નિકરો હતા.

य पुजा[illegible] य [illegible] ।

दुज्जोह[illegible]

य [illegible]

[illegible]

य निर्टृदि ।

७- तए ण से दुज्जोहणे [illegible] रहस्स रण्णो बहवे चोरे य [illegible] य गंठिभेयए य [illegible] य [illegible] य बालघायए य वीसंभघायए य [illegible] य खंडपट्टे य पुरिसेहि गिण्हावेइ, गिण्हावित्ता उत्ताणए पाडेइ, पाडित्ता लोहदंडेण मुहं विहाडेइ, विहाडित्ता अप्पेगइए तत्तं तंब पेज्जेइ, अप्पेगइए तउय पेज्जेइ, अप्पेगइए सीसगं पेज्जेइ, अप्पेगइए कलकलं पेज्जेइ, अप्पेगइए खारतेल्ल पेज्जेइ, अप्पेगइए तेणं चेव अभिसेग करेइ, अप्पेगइए उत्ताणए पाडेइ पाडित्ता, आसमुत्तं पेज्जेइ, अप्पेगइए हत्थिमुत्त पेज्जेइ जाव महिसमुत्त पेज्जेइ, अप्पेगइए हेट्ठामुहे पाडेइ, पाडित्ता वलस्स वमावेइ, अप्पेगइए तेणं, चेव उवीलं दलयइ, अप्पेगइए हत्थंदुर्याहि बंधावेइ, अप्पेगइए पायंदुयाहि बंधावेइ, अप्पेगइए हडिबंधणे कारेइ, अप्पेगइए णियलबंधणे कारेइ, अप्पेगइए संकोडियमोडिए कारेइ, अप्पेगइए संकलबंधणे कारेइ, अप्पेगइए हत्थछिण्णए कारेइ जाव सत्थो-

[illegible] કેટલાકને [illegible] જાળી [illegible] પકડાવીને [illegible] તોપડવા [illegible] છે. મુખ [illegible] કેટલાકને [illegible] છે, કેટલાકને [illegible] (ત્રિમાનુ) [illegible] અને ક્ષાર- [illegible] કેટલાકને તેનાથી [illegible] કેટલાકને ઊંધે માથે પાડીને ઘોડાનુ [illegible] છે કેટલાકને [illegible] ઘેટાનુ મૂત્ર પીવડાવે છે કેટલાકને ઊંધે માથે પાડીને [illegible] ઊલટી કરાવે છે અને કેટલાંકને તેના દ્વારા પીડા આપે છે, કેટલાકના શરીરને સંકોચે છે અને મરડે છે. કેટલાંકને સાંકળોથી બાંધે છે, કેટલાંકના હાથ કાપે છે, યાવત્ શસ્ત્રોથી શરીરના અવયવોને કાપે છે, કેટલાંકને વાંસની સોટીઓથી યાવત વૃક્ષના છાલની ચાબુકોદ્વારા મરાવે છે.

કેટલાંકને ઊંધે માથે પાડીને તેના વક્ષઃસ્થ પર શિલા અને લાકડાં ગોઠવીને રાજપુરુષો દ્વારા તે શિલા તથા લાકડાંનું કંપન કરાવે છે (હલાવે છે) કેટલાંકના હાથો અને પગો તન્ત્રિઓથી (ચામડાંની રસ્સીઓથી યાવ[illegible]

वाडिए कारेइ, अप्पेगइए वेणुलयाहि य जाव वायरस्सीहि य हणावेइ, अप्पेगइए उत्ताणए कारेइ, कारित्ता उरे सिलं दलावेइ, दलावित्ता लउलं दावेइ, दावित्ता पुरिसेहि उक्कंपावेइ, अप्पेगइए तंतीहि य जाव सुत्तरज्जुहि य हत्थेसु य पादेसु य बंधावेइ, बंधावित्ता अगडंमि ओचूलं पाणगं पेज्जेइ, अप्पेगइए असिपत्तेहि य जाव कलंबचीरपत्तेहि य पच्छोल्लावेइ, पच्छोल्लावित्ता खारतेल्लेणं अब्भंगावेइ, अप्पेगइए णिलाडेसु य अवट्टुसु य कोप्परेसु य जाणुसु य खलुएसु य लोहकीलए य कडसक्काराओ य दलावेइ, अलिए भंजावेइ, अप्पेगइए सूईओ य डंभणाणि य हत्थंगुलियासु य पायंगुलियासु य कोट्टिलएहि आउडावेइ, आउडावित्ता भूमिं कंडूयावेइ, अप्पेगइए सत्थएहि य जाव णहछेयणएहि य अंगं पच्छोल्लावेइ, पच्छोल्लावित्ता दब्भेहि य कुसेहि य उल्लदब्भेहि य वेढावेइ, वेढावित्ता आयवंसि दलयइ, सुक्के समाणे चडचडस्स उप्पाडेइ।

સૂતરની રસ્સીઓથી બંધાવે છે, બંધાવીને કૂવામાં ઊંધો લટકાવે છે, લટકાવીને ગોથા ખવડાવે છે તથા કેટલાકનું અસિપત્ર યાવત્ કદંબચીરપત્રોથી છેદન કરાવે છે અને તેના પર ક્ષારયુક્ત તેલનો માલિશ કરાવે છે કેટલાંકના મસ્તકમાં, કંઠ મણિઓમાં (ગળામાં), કોણિઓમાં, ઘૂંટણોમાં (ગોઠણોમાં) તથા ગુલ્ફોમાં લોઢાના ખીલાઓ તથા વાંસની શલાકાઓ ઠોકાવે છે તથા વીંછીના કાંટાને શરીરમાં પ્રવેશ કરાવે છે. કેટલાંકની હાથની આગળીઓ અને પગની આંગળીઓમાં મુદ્ગરો દ્વારા સોયો અને ડુભાણાઓ (ડામ દેવાનું શસ્ત્રવિશેષ)નો પ્રવેશ કરાવે છે અને ભૂમિ ખોદાવે છે કેટલાંક શસ્ત્રો યાવત્ નેહરણો (નખ કાપવાના શસ્ત્રવિશેષ) થી શરીર છોલાવે અને મૂળસહિત કુશાઓ, મૂળરહિત કુશાઓ તથા ભીના ચામડા દ્વારા બંધાવી દે છે, ત્યાર બાદ તડકામાં ઊભા રાખીને તે સૂકાઇ જવા પર તડતડ શબ્દપૂર્વક તેનુ ઉત્પાટન કરાવે છે. અથાત્ તડતડ શબ્દ થતાં તેને ઉખેડાવતા તેથી ચામડી સહિત તે નીકળવા લાગતો.

८- तएणं से दुज्जोहणे चारगपालए एयकम्मे ४ सुबहुपावं समज्जिणित्ता एगतीसं वाससयाइं परमाउं पालित्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं बावीससागरोवमट्ठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे।

૮- આ રીતે તે દુર્યોધન નામનો જેલર આવી નિર્દયતાપૂર્ણ પ્રવૃત્તિઓને જ પોતાનું કાર્ય બનાવતો, એમા જ પ્રધાનતા માનતો, એજ પ્રવૃત્તિઓને પોતાનુ પ્રધાન કર્તવ્ય માનતો, એ પ્રવૃત્તિઓને જ પોતાનુ જ્ઞાન બનાવતો તથા આ જ દુષ્ટ વૃત્તિઓને પોતાનું સર્વોત્તમ આચરણ બનાવતો અત્યન્ત પાપકર્મોન ઉપાર્જન કરીને ૩૧૦૦ (એકત્રીસ સો) [illegible] મ આયુષ્યને ભોગ[illegible] કાળ માસ[illegible] ને છઠ્ઠી નરકની [illegible] ઉત્કૃષ્ટ [illegible] ની સ્થિતિવાળા [illegible] માં નાર[illegible]

९- से णं तओ [illegible]
महुराए णयरीए [illegible]
बंधुसिरीए देवीए [illegible]
उववन्ने। तए णं तीसे [illegible]
देवीए तिण्हं मासाणं बहुपडिपुण्णाणं [illegible]
एगारूवे दोहले पाउब्भूए [illegible]
ताओ अम्मयाओ जाव [illegible]
पइस्स हियममंसेण जाव [illegible]
जाव दोहलं विणेन्ति, [illegible]
जाव विणिज्जामि--त्तिकट्टु [illegible]
लंसि अविणिज्जमाणंसि जाव [illegible]।
रायपुच्छा, वंधुसिरीभणणं। तए णं से
सिरिदामे राया तीसे बंधुसिरीए देवीए
तं दोहलं केणवि उवाएणं विणेइ। तए
णं सा वंधुसिरी देवी संपुण्णदोहला [illegible]
तं गब्भं सुहसुहेण परिवहइ। तए णं सा
वंधुसिरी देवी नवण्हं मासाणं बहुपडि-
पुण्णाणं जाव दारगं पयाया। तए णं
तस्स दारगस्स अम्मापियरो णिव्वत्ते
एगारसे दिवसे संपत्ते बारसाहे इम
एयारूवं णामधेज्जं करेंति--होउ णं
अम्हं दारगे नंदिसेणे नामेणं। तए णं से
नंदिसेणे कुमारे पंचधाई परिवुडे जाव
परिवड्ढइ। तए णं से नंदिसेणे कुमारे
उम्मुक्कबालभावे जाव विहरइ, जाव
जुवराया जाए यावि होत्था।

१०- तए णं से नंदिसेणे कुमारे रज्जे य जाव अंतेउरे य मुच्छिए ४ इच्छइ सिरिदामं रायं जीवियाओ ववरोवित्ता सयमेव रज्जसिरिं कारेमाणे पालेमाणे विहरित्तए।

૧૦–ત્યાર બાદ રાજ્ય અને અન્ત:પુરમાં અત્યન્ત આસક્ત એવો તે નન્દિષેણકુમાર શ્રીદામ રાજાને મારીને તેના સ્થાન પર પોતે આવીને મન્ત્રી આદિની સાથે રાજ્યલક્ષ્મીને વધારવાની તથા પાલન કરવાની ઇચ્છા કરવા લાગ્યો.

તે માટે (રાજાને મારવા માટે....વગેરેની ઇચ્છાથી) તે નન્દિષેણ કુમાર મહારાજા શ્રીદામના અનેક આન્તરિક છિદ્રો જોવા લાગ્યો અને વિરહની (રાજાને દૂર કરવાની) પ્રતીક્ષા કરતો સમય વ્યતીત કરવા લાગ્યો.

११- तए णं से नंदिसेणे कुमारे सिरिदामस्स रण्णो अंतरं अलभमाणे अण्णया कयाइं चित्तं अलंकारियं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी–तुमं णं देवाणुप्पिया! सिरिदामस्स रण्णो सव्वट्ठाणेसु य सव्वभूमियासु य अंतेउरे य दिण्णवियारे सिरिदामस्स रण्णो अभिक्खणं २ अलंकारियकम्मं करेमाणे विहरसि। तए णं तुमं देवाणुप्पिया! सिरिदामस्स रण्णो अलंकारियकम्मं करेमाणे गीवाए खुरं णिवेसेहि ता णं अहं तुमं अद्धरज्जयं करिस्सामि, तुमं अम्हेहिं सद्धिं उरालाइं भोगभोगाइं भुंजमाणे विहरिस्ससि। तए णं से चित्ते अलंकारिए नंदिसेणस्स कुमारस्स वयणं एयमट्ठं पडिसुणेइ।

૧૧–ત્યાર બાદ તે શ્રીદામ રાજાના વધનો પ્રસંગ પ્રાપ્ત ન થવાથી કુમાર નન્દિષેણે કોઇ વખતે ચિત્ર નામના નાઇ–હજામને બોલાવીને કહ્યું કે–હે દેવાનુપ્રિય! તું શ્રીદામ રાજાના સર્વ સ્થાનો, સર્વ ભૂમિકાઓ જાણે છે તથા અન્તઃપુરમાં સર્વત્ર સ્વેચ્છાપૂર્વક આવી જઇ શકે છે, અને શ્રીદામ રાજાનું વારવાર અલંકાર કર્મ (વાળ કાપવા આદિનું કાર્ય) કરે છે, તેથી હે દેવાનુપ્રિય! જ્યારે તું રાજાના અલંકાર કર્મ કરસો હો તે સમયે રાજાની ગરદનમાં અસ્તરો ખુચાડી દે અર્થાત્ આ રીતે જો રાજાનો વધ થઇ જાય તો હું તને અર્ધું રાજ્ય આપી દઇશ. ત્યારબાદ તું અમારી સાથે ઉત્તમ કામભોગોનો ભોગ કરતો આનંદપૂર્વક સમય વ્યતીત કરજે ત્યારબાદ મિત્ર નામના નાઇએ કુમાર નન્દિષેણના ઉક્ત વચનને સ્વીકારી લીધુ.

१२- तए णं तस्स चित्तस्स अलंकारियस्स इमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था, जइ णं ममं सिरिदामे राया एयमट्ठं आगमेहिइ, तए णं ममं ण णज्जइ केणइ असुभेणं कुमरणेणं मारिस्सइ त्ति कट्टु भीए ४ जेणेव सिरिदामे राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता सिरिदामं रायं रहस्सियगं करयल जाव एवं वयासी।

एवं खलु सामी! नंदिसेणे कुमारे रज्जे य जाव मुच्छिए ४ इच्छइ तुब्भे जीवियाओ ववरोवित्ता सयमेव रज्जसिरिं करेमाणे पालेमाणे विहरित्तए। तए णं से सिरिदामे राया चित्तस्स अलंकारियस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरुत्ते ४ जाव साहट्टु नंदिसेणं कुमारं पुरिसेहिं

૧૨– પરંતુ થોડા સમય પછી તેના મનમાં એ વિચાર ઉત્પન્ન થયો કે જો કોઇપણ રીતે આ વાતનો પત્તો શ્રીદામ રાજાને મળી જાય તો ન જાણે તે મને કેવા કુમોતથી મારે? આ વિચાર આવતાં જ તે ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન તેમજ સંજાતભય થઇ ગયો અને તત્કાળ જ જ્યાં શ્રીદામ રાજા હતા, ત્યાં આવ્યો એકાન્તમાં બન્ને હાથ જોડી મસ્તક પર અંજલિ કરીને અર્થાત્ વિનયપૂર્વક શ્રીદામ રાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો—

હે સ્વામી! ખરેખર, નન્દિષેણ કુમાર રાજ્યમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન થઇને આપનો વધ કરવાનું ઇચ્છી રહ્યો છે તે આપને મારીને પોતે જ રાજ્યલક્ષ્મીને વધારવાની અને ભોગવવાની ઉત્કટ અભિલાષા સેવી રહ્યો છે.

१३- तं एवं खलु गोयमा! नंदिसेणे कुमारे जाव विहरइ।

१४- नंदिसेणे कुमारे इओ चुओ कहिं [illegible] उवव-ज्जिहिइ? गोयमा! नंदिसेणे कुमारे सट्ठि वासाइं परमाउं पालित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए संसारो तहेव।

तओ हत्थिणाउरे नयरे मच्छत्ताए उवव-ज्जिहिइ! से ण तत्थ मच्छिएहिं वहिए समाणे तत्थेव सेट्ठिकुले बोहिं सोहम्मे कप्पे महाविदेहे वासे सिज्झिहिइ बुज्झिहिइ मुच्चिहिइ परिणिव्वाहिइ सव्वदुक्खाण-मंतं करेहिइ। एवं खलु णिक्खेवो छट्ठस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते त्तिबेमि।

[illegible] ગૌતમ [illegible] ભગવાનને [illegible] પૂછ્યું [illegible] ભગવન્! નંદિષેણકુમાર [illegible] અહીંથી [illegible] [illegible] ક્યાં [illegible] થશે? ભગવાને કહ્યું હે ગૌતમ! તે નંદિષેણ કુમાર ૬૦ વર્ષની પરમ આયુને ભોગવીને મૃત્યુના અવસરે કાળ કરીને [illegible] નામની નરકભૂમિમાં ઉત્પન્ન થશે તેનો સંસારભ્રમણ [illegible] પૂર્વવત્ સમજી લેવું, અર્થાત્ પ્રથમ અધ્યયનમાં કહેલા મૃગાપુત્રની જેમ જાણી લેવું, યાવત્ તે પૃથ્વીકાયમાં લાખો વાર ઉત્પન્ન થશે

પૃથ્વીકાયમાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં મત્સ્યરૂપે ઉત્પન્ન થશે, ત્યાં માછીમારો દ્વારા વધને પ્રાપ્ત થતાં ફરી તે જ હસ્તિનાપુર નગરમાં એ શ્રેષ્ઠિકુળમાં ઉત્પન્ન થશે ત્યાં તે સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, ત્યાંથી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લેશે ત્યાં ચારિત્ર ગ્રહણ કરશે અને ચારિત્રનું યથાવિધિ પાલન કરીને તેના પ્રભાવથી સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે અને પરમ નિર્વાણ પદને પ્રાપ્ત કરીને સર્વ પ્રકારના દુઃખોનો અન્ત કરશે

નિક્ષેપની કલ્પના પૂર્વવત્ કરી લેવી જોઈએ.

સપ્તમ અધ્યયન

ઉદુમ્બરદત્ત

१- जइ णं भंते ! उक्खेवो सत्तमस्स । एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं पाडलिसंडे नयरे वणसंडे उज्जाणे उंबरदत्ते जक्खे । तत्थ णं पाडलिसंडे नयरे सिद्धत्थे राया । तत्थ णं पाडलिसंडे नयरे सागरदत्ते सत्थवाहे होत्था । अड्ढे जाव अपरिभूए। तस्स णं गंगदत्ता भारिया । तस्स णं सागरदत्तस्स पुत्ते गंगदत्ताए भारियाए अत्तए उंबरदत्ते णामं दारए होत्था अहीण० ।

૧– સાતમા અધ્યયનના ઉત્ક્ષેપની ભાવના પૂર્વ અધ્યયનોની જેમ કરી લેવી જોઈએ જેમ કે–જબૂ સ્વામીએ પ્રશ્ન કર્યો–જો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ છઠ્ઠા અધ્યયનનો આ ભાવ કહ્યો છે, જે મે સાંભળ્યો, તો સાતમા અધ્યયનનો શો ભાવ કહ્યો છે ? સુધર્મા સ્વામીએ ઉત્તરમાં કહ્યુ–હે જંબૂ ! તે કાળ અને તે સમયમાં 'પાટલિષડ' નામનું એક નગર હતું, ત્યાં 'વનષડ' નામનું એક ઉદ્યાન હતું તે ઉદ્યાનમાં ઉદુમ્બરદત્ત નામના યક્ષનું યક્ષાયતન હતું, તે નગરમાં મહારાજા સિદ્ધાર્થ રાજ્ય કરતા હતા પાટલિખંડ નગરમાં સાગરદત્ત નામનો એક ધનાઢ્ય સાર્થવાહ રહેતો હતો, તેને નગરનો ઘણો પ્રતિષ્ઠિત વ્યક્તિ માનવામાં આવતો હતો. તેની ગંગાદત્તા નામની પત્ની હતી તેને સંપૂર્ણ અને નિર્દોષ પાંચઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળો 'ઉદુમ્બરદત્ત' નામનો એક પુત્ર હતો.

२- तेणं कालेणं तेणं समएणं समोसरणं जाव परिसा गया ।

तेणं कालेणं तेणं समएणं भगवं गोयमे तहेव जेणेव पाडलिसंडे नयरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पाडलिसंडे नयरे पुरत्थिमेणं दुवारेणं अणुप्पविसइ । तत्थ णं पासइ एगं पुरिसं कच्छुल्लं कोढियं दोउयरियं भगंदलियं अरिसिल्लं कासिल्लं सासिल्लं सोफिल्लं सूयमुहं सूयपायं सडियहत्थं-

૨– તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વનષંડ ઉદ્યાનમાં પધાર્યા. નગરના લોકો તથા રાજા તેમના દર્શનાર્થે નગરથી નીકળ્યાં અને ધર્મોપદેશ સાંભળીને પાછા ચાલ્યા ગયા.

તે કાળ અને તે સમયમાં ભગવાન ગૌતમ સ્વામી છઠ્ઠના પારણાના નિમિત્તે ભિક્ષા માટે પાટલિખંડ નગરમાં ગયા તેઓએ પાટલિખંડ નગરમાં પૂર્વ દિશા તરફના દરવાજાથી પ્રવેશ કર્યો, ત્યાં એક પુરુષને જોયો, જેની દશાનુ વર્ણન આ પ્રમાણે છે—

गुणि [illegible]
णाणि [illegible]
गिवि [illegible]
रहिर [illegible]
अभि[illegible] २ [illegible]
किमि[illegible]
वीमराः [illegible]
गरेण [illegible]
दं[illegible]
गिहे २ [illegible]
पासइ ।

३- तयाणंतरं भगवं गोयमे उच्चणीय जाव अडइ अहापज्जत्तं गिण्हइ, गिण्हित्ता पाडलीसंडाओ नयराओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता भत्तपाण पडिदसेइ, पडिदंसित्ता समणेणं ३ अब्भणुण्णाए समाणे जाव विलमिव पण्णगभूएणं अप्पाणेणं आहारमाहारेइ, आहारमाहारित्ता संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

૩- ત્યારે ભગવાન ગૌતમ સ્વામી ઊંચ, નીચ અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે ભ્રમણ કરતાં આવશ્યકતા પ્રમાણે ભિક્ષા લઈને પાટલિખંડ નગરમાંથી નીકળી જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા ત્યા આવ્યા, આવીને ભોજન પાણી સમ્બન્ધી આલોચના કરી (ઇરિયાવહી કરી) અને લાવેલા આહાર-પાણી ભગવાનને બતાવ્યા, બતાવીને તેમની આજ્ઞા મળી જવા પર બિલમાં પ્રવેશ કરતા સર્પની જેમ ચાખ્યા વિના અર્થાત્ રસસ્વાદન કર્યા વિનાજ આહાર કર્યો અને સંયમ તથા તપથી પોતાના આત્માને ભાવિત કરતા સમય વ્યતીત કરવા લાગ્યા.

४- तए णं से भगवं गोयमे दोच्चंपि छट्ठक्खमणपारणगंसि पढमाए पोरिसीए सज्झायं करेइ जाव पाडलिसंडं नयरं दाहिणिल्लेणं दुवारेणं अणुप्पविसइ, तं चेव पुरिसं पासइ कच्छुल्लं तहेव जाव संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

૪– તત્પશ્ચાત્ ભગવાન ગૌતમ સ્વામીએ બીજીવાર છઠ્ઠના પારણાના નિમિત્તે પહેલા પહોરમાં સ્વાધ્યાય અને બીજા પહોરમાં ધ્યાન કરી ત્રીજા પહોરમાં યાવત્ ભિક્ષા માટે ગમન કરતા પાટલિષંડ નગરમાં દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કર્યો ત્યાં પણ તેમણે ખુજલી આદિ રોગોથી યુક્ત તે જ પુરુષને જોયો અને તેઓ ભિક્ષા લઈને પાછા આવ્યા બાકીનું સર્વ વર્ણન પૂર્વની જેમ (પહેલા કહ્યુ તે પ્રમાણે) જાણવું, અર્થાત આહાર કર્યા બાદ તપ સંયમથી પોતાના આત્માને ભાવિત કરતા વિચારવા લાગ્યા

५- तए णं से गोयमे तच्चं पि छट्ठक्खमणपारणगंसि तहेव जाव पच्चत्थिमिल्लेणं दुवारेणं अणुप्पविसमाणे तं चेव पुरिसं कच्छुल्लं० पासइ । चोत्थं पि छट्ठक्खमणपारणगंसि उत्तरेणं० इमेयारूवे अज्झत्थिए समुप्पन्ने, अहो णं इमे पुरिसे पुरापोराणाणं जाव एवं वयासी ।

एवं खलु अहं भंते ! छट्ठक्खमणपारणगंसि जाव रीयंते० पुरत्थिमिल्लेणं दुवारेणं पविट्ठे । तत्थ णं एगं पुरिसं पासामि कच्छुल्लं जाव कप्पेमाणं । तए णं अहं दोच्चं पि छट्ठपारणगंसि दाहिणिल्लेणं दुवारेणं० तच्चंपि छट्ठक्खमणपारणगसि पच्चत्थिमेणं तहेव०। तए णं अहं चोत्थं पि छट्ठक्खमणपारणगंसि उत्तरदुवारेणं अणुप्पविसामि, तं चेव पुरिसं पासामि कच्छुल्ल जाव वित्ति कप्पेमाणे विहरइ । चिंता मम । पुव्वभवपुच्छा०। वागरेइ ।

૫– ત્યારબાદ ભગવાન ગૌતમ સ્વામીએ ત્રીજીવાર છઠ્ઠના પારણાના નિમિત્તે તે જ નગરના પશ્ચિમ દિશાના દરવાજાથી નગરમાં પ્રવેશ કર્યો તો ત્યાં પણ તેઓએ તે જ પુરુષને જોયો. એ જ રીતે ચોથીવાર છઠ્ઠના પારણા માટે પાટલિષંડના ઉત્તર દિશાના દરવાજાથી તેમણે નગરમાં પ્રવેશ કર્યો, ત્યારે પણ તેઓએ તે જ પુરુષને જોયો, જોઈને તેના મનમાં વિચાર આવ્યો કે, અહો! આ પુરુષ પૂર્વકૃત અશુભ કર્મોના કડવા ફળને ભોગવતો કેવુ દુઃખપૂર્ણ જીવન વ્યતીત કરી રહ્યો છે? યાવત્ પાછા આવીને તેમણે ભગવાનને જે કહ્યુ તે આ પ્રમાણે છે—

હે ભગવન! મે છઠ્ઠના પારણાના નિમિત્તે યાવત્ પાટલિષંડ નગર તરફ પ્રયાણ કર્યું અને નગરના પૂર્વ દિશાના દરવાજાથી પ્રવેશ કરતા, મેં એક એવા પુરુષને જોયો જે પુરુષ ખુજલી આદિ રોગોથી પીડિત, યાવત્ ભિક્ષાવૃત્તિથી આજીવિકા ચલાવી રહ્યો છે ત્યારબાદ બીજા છઠ્ઠના પારણાના નિમિત્તે ભિક્ષા માટે તે નગરના દક્ષિણ દિશાના દરવાજાથી પ્રવેશ કર્યો તો ત્યાં પણ તે જ પુરુષને જોયો. તેમજ ત્રીજીવાર ત્યારે

६- एवं खलु, गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे विजयपुरे नाम नयरे होत्था रिद्ध०। तत्थ णं विजयपुरे नयरे कणगरहे नाम राया होत्था। तस्स णं कणगरहस्स रन्नो धन्नंतरी नामं वेज्जे होत्था अट्ठंगाउव्वेयपाढए, तंजहा--कोमारभिच्च सालागे सल्लहत्ते कायतिगिच्छा जंगोले भूयविज्जा रसायणे वाईकरणे, सिवहत्थे सुहहत्थे लहुहत्थे।

હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં આ જમ્બૂદ્વીપના ભારતવર્ષ નામના ક્ષેત્રમાં 'વિજયપુર' નામનું એક ધન, જન ધાન્ય આદિથી સમૃદ્ધ નગર હતું તેમાં 'કનકરથ' નામનો રાજા રાજ્ય કરતો હતો તે કનકરથ રાજાને આયુર્વેદના આઠ અંગોનો જ્ઞાતા, ધન્વન્તરિ નામનો એક વૈદ્ય હતો. આયુર્વેદ સંબંધી આઠ અંગોના નામ નીચે પ્રમાણે છે — (૧) કૌમારભૃત્ય, (૨) શાલાક્ય, (૩) શલ્યાહત્ય, (૪) કાયચિકિત્સા, (૫) જાંગુલ, (૬) ભૂતવિદ્યા, (૭) રસાયણ અને (૮) વાજીકરણ, તે વૈદ્ય શુભહસ્ત અને લઘુહસ્ત (કલ્યાણ ઉત્પન્ન કરનાર, સુખ ઉપજાવનાર અને કુશળતા યુક્તહાથવાળો) હતો.

७- तए णं से धण्णंतरी वेज्जे विजयपुरे नयरे कणगरहस्स रन्नो अंतेउरे य अन्नेसि बहूणं राईसर जाव सत्थवाहाणं अन्नेसिं च बहूणं दुब्बलाण य गिलाणाण य वाहियाण य रोगियाण य अणाहाण

૭– તે વૈદ્ય વિજયપુર નગરમાં મહારાજ કનકરથના અન્તઃપુરમાં નિવાસ કરનારી રાણીઓ અને દાસીદાસજનો તથા બીજા ઘણા દુર્બળ, ગ્લાન, વ્યાધિત, બાધિત, રોગીજનો તેમજ સનાથો, અનાથો તથા શ્રમણો, બ્રાહ્મણો, ભિક્ષુકો, કાપાલિકો (ભિક્ષુ વિશેષ) તેમજ આતુરોની

य सणाहाण य समणाण य माहणाण य भिक्खुगाण य करोडियाण य कप्पडियाण य आउराण य अप्पेगइयाणं मच्छमंसाइं उवदेसेइ। अप्पेगइयाणं कच्छभमंसाइं, अप्पेगइयाणं गोहामंसाइं, अप्पेगइयाणं मगरमंसाइं, अप्पेगइयाणं सुंसुमारमंसाइं एवं एलयरोज्झसूयरमिगससयगोमंसमहिसमंसाइं, अप्पेगइयाणं त्तित्तिरमंसाइं अप्पेगइयाणं वट्टकलावककवोयकुक्कुडमयूरमंसाइं अणेसिं च वहूणं जलयरथलयरखहयरमाईणं मंसाइ उवदेसेइ, अप्पणावि य णं से धण्णंतरी वेज्जे तेहिं वहूहिं मच्छमंसेहि य जाव मयूरमंसेहि य अन्नेहि य वहूहि जलयरथलयरखहयरमंसेहि य सोल्लिएहि य तलिएहि य भज्जिएहि य सुरं च आसाएमाणे विसाएमाणे विहरइ।

८- तए णं से धण्णंतरी वेज्जे एयकम्मे० सुवहु पावकम्मं समज्जिणित्ता वत्तीसं वाससयाइं परमाउयं पालइत्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उक्कोसेणं वावीससागरोवमट्ठिइएसु नेरइएसु नेरइयत्ताए उववन्ने।

९- तए णं सागरदत्तस्स सत्थवाहस्स गंगदत्ता भारिया जाईणिंदुयावि होत्था। तीसे जे जे जाया दारगा ते ते विणिघायमावज्जंति, तए णं तीसे गंगदत्ताए सत्थवाहीए अण्णया कयाइं पुव्वरत्तावरत्त-

ચિકિત્સા કરતો હતો તેમાથી કેટલાંકોને તો મત્સ્ય-માંસાદિનો ઉપદેશ કરતો અર્થાત્ મત્સ્ય માંસ ખાવાનો ઉપદેશ દેતો અને કેટલાંકને કાચબાઓના માંસનો, કેટલાંકને ગ્રાહના માંસનો કેટલાંકને મગરના માંસનો, કેટલાંકને સુસુમાર (જલચર-વિશેષ)ના માંસનો અને કેટલાંકને બકરાના માંસનો ઉપદેશ આપતો, (અર્થાત્ આ બધા જીવોના માંસને ખાવાનુ કહેતો) આ રીતે ભેડ, ગવય, કુક્કર, મૃગ, સસલા, ગાયો અને ભેંસોનું માંસ ખાવાનું કહેતો કેટલાંકને તેતર, બટેર, લાવરી, કબૂતર, કુકડા અને મોરનું માંસ ખાવાનું કહેતો આ જ પ્રમાણે બીજા ઘણાં જલચર, સ્થલચર અને ખેચર આદિ જીવોનુ માંસ ખાવાનુ કહેતો અને પોતે પણ તે મત્સ્ય માંસ યાવત્ મયૂરરસ યાવત્ ઘણાં જલચર, સ્થલચર અને ખેચર જીવોના માસથી તથા મત્સ્ય-રસ યાવત્ મયૂરરસ સાથે પકાવેલ, તળેલા અને ભૂંજેલા માસ સાથે છ પ્રકારની સુરાઆદિ મદિરાઓનુ આસ્વાદન, વિસ્વાદન આદિ કરતો સમય વ્યતીત કરતો હતો

૮- આ પાતકમય કર્મમા નિપુણ, પ્રધાન તથા તે ક્રિયાઓને જ પોતાનું જ્ઞાન, વિજ્ઞાન તેમજ સર્વોત્તમ આચરણ માનતો તે ધન્વન્તરિ નામનો વૈદ્ય અત્યત પાપકર્મોનું ઉપાર્જન કરીને બત્રીસસો વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાળ કરીને છઠ્ઠી નરકભૂમિમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિવાળા નારકોમાં નારક રૂપે ઉત્પન્ન થયો

૯- તે સમયે સાગરદત્તની ગગદત્તા નામની પત્ની, જે જાતનિન્દુ હતી (જન્મતાં વેંત જ જેના બાળક મરી જાય તે) ઉત્પન્ન થતાં જ તેના બાળકો મરણને પ્રાપ્ત થતા હતા કોઈ એક વખતે મધ્યરાત્રિએ કુટુંબ સબધી ચિન્તાથી જાગતી તે ગંગાદત્તા સાર્થવાહિનીના મનમાં જે

कालसमयंसि कुडुंबजागरियं जागरमाणीए अयं अज्झत्थिए समुप्पन्ने ।
एवं-खलु अहं सागरदत्तेण सत्थवाहेण सद्धिं बहूइं वासाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणी विहरामि । णो चेव णं अहं दारगं वा दारियं वा पयायामि तं धण्णाओ ण ताओ अम्मयाओ सपुण्णाओ ण ताओ अम्मयाओ कयत्थाओ ण ताओ अम्मयाओ कयपुण्णाओ ण ताओ अम्मयाओ कयलक्खणाओ ण ताओ अम्मयाओ सुलद्धेण तासिं अम्मयाण माणुस्सए जम्मजीवियफले जासिं मण्णे णियगकुच्छिसंभूयाइं थणदुद्धलुद्धगाइं मम्मणपयंपियाइं थणमूलकक्खदेसभाग अइसरमाणाइं मुद्धगाइ पुणो पुणो य कोमलकमलोवमेहिं हत्थेहिं गिण्हिऊण उच्छगणिवेसियाइ दिति समुल्लावए सुमहुरे पुणो पुणो मंजुलप्पभणिए ।

१०- अहण्णं अधण्णा अपुण्णा अकयपुण्णा, एत्तो एगयरमवि ण पत्ता, तं सेयं खलु ममं कल्लं जाव जलंते सागरदत्तं सत्थवाहं आपुच्छित्ता सुबहुपुप्फवत्थ-गंधमल्लालंकारं गहाय बहूहि मित्तणाइ-णियगसयणिसंबंधिपरियणमहिलाहि सद्धि पाडलिसंडाओ णयराओ पडिणिक्खमित्ता बहिया जेणेव उंबरदत्तस्स जक्खस्स जक्खायतणे तेणेव उवागच्छित्तए, उवागच्छित्ता तत्थ णं उंबरदत्तस्स जक्खस्स महरिहं पुप्फच्चणं करित्तए, करित्ता जाणुपायवडियाए उवयाइत्तए ।

૧૦– હું અધન્યા, અપુણ્યા, અકૃત પુણ્યા છું, કારણ કે હું આ પૂર્વોકત બાલસુલભ એવી ચેષ્ટાઓમાંથી એકને પણ પ્રાપ્ત કરી શકી નથી. હવે મારે માટે એ જ હિતકારક છે કે, કાલ પ્રાતઃકાળે સૂર્યોદય થતાં જ સાગરદત્ત સાર્થવાહને પૂછીને વિવિધ પ્રકારના પુષ્પ, વસ્ર, ગંધ, માળા અને અલંકાર લઇને મિત્રો, જ્ઞાતિજનો, નિજકો, સ્વજનો, સબંધીજનો અને પરિજનોની ઘણી–સ્રીઓ સાથે પાટલિષંડ નગરમાંથી નીકળીને બહાર ઉદ્યાનમાં જ્યાં ઉમ્બરદત્તનું યક્ષાયતન છે ત્યાં જાઉં અને ઉમ્બરદત્ત યક્ષની મહાર્હ પુષ્પાર્ચના (પુષ્પોથી પૂજા) કરીને અને તેના ચરણોમાં નતમસ્તક થઇને આ પ્રમાણે પ્રાર્થના કરું—

११- जइ णं अहं देवाणुप्पिया ! दारगं वा दारियं वा पयायामि, तो णं अहं जायं च दायं च भायं च अवखयणिहिं च अणु-वड्ढिस्सामित्ति कट्टु उवयाइयं उवाइ-णित्तए एवं संपेहेइ २ कल्लं जाव जलंते जेणेव सागरदत्ते सत्थवाहे तेणेव उवा-गच्छइ, उवागच्छित्ता सागरदत्तं सत्थवाहं एवं वयासी--एवं खलु अहं देवाणुप्पिया तुब्भेहिं सद्धिं जाव ण पत्ता, त इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया जाव उवाइणित्तए, तए णं से सागरदत्ते सत्थवाहे गंगदत्तं भारियं एवं वयासी-ममं पि णं देवाणुप्पिये एस चेव मणोरहे कहण्णं तुमं दारगं वा दारियं वा पयाए-ज्जासि-गंगदत्ताए भारियाए एयमट्ठं अणुजाणइ ।

૧૧- હે દેવાનુપ્રિય! જો હું હવે જીવિત રહેનાર બાળક યા બાલિકાને જન્મ આપું તો હું આપના યાગ-દેવપૂજા, દાન-દેવઅંશ ભાગ-લાભઅંશ અને અક્ષયનિધિ-દેવભંડારની વૃદ્ધિ કરીશ. તાત્પર્ય એ છે કે હું આપની પૂજા કર્યા કરીશ યા તો પૂજાનું સંવર્ધન કર્યા કરીશ, અર્થાત્ પહેલા કરતાં વધારે પૂજા કરીશ, દાન આપીશ યા આપના નામપર દાન આપ્યા કરીશ યા આપના દાનમાં વૃદ્ધિ કરીશ અર્થાત્ પહેલા કરતા વધારે દાન આપીશ, લાભાંશ-મારી આવકનો અમુક ભાગ આપીશ યા લાભાંશ-આપના દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરીશ તથા આપના દેવભંડારમાં વૃદ્ધિ કરીશ એટલે તેને ભરી દઇશ. આ રીતે ઇચ્છિત વસ્તુઓ મેળવવા માટે પ્રાર્થના કરવાનો તેણે નિશ્ચય કર્યો, નિશ્ચય કર્યા બાદ પ્રાતઃકાળ સૂર્યોદય થવાપર જ્યાં સાગરદત્ત સાર્થવાહ હતો, ત્યાં આવી આવીને સાગરદત્ત સાર્થવાહને આ પ્રમાણે કહેવા લાગી- હે દેવાનુપ્રિય! મેં તમારી સાથે મનુષ્ય સંબંધી સાંસારિક સુખોનો સંપૂર્ણ ઉપભોગ કરતાં આજ સુધીમાં એકપણ જીવતા રહેનાર બાળક યા બાલિકાને પ્રાપ્ત કર્યા નથી, તેથી હું ઇચ્છું છું કે જો આપ આજ્ઞા આપો તો હું મારા મિત્રો, જ્ઞાતિજનો, નિજકજનો, સ્વજનો, સબંધીઓ અને પરિજનોની સ્ત્રીઓ સાથે પાટલિપંડ નગરની બહાર ઉદ્યાનમાં ઉમ્બરદત્ત યક્ષની મહાર્હ પૂજા-અર્ચના કરીને પુત્ર પ્રાપ્તિ માટે તેની માનતા માનું? તેના જવાબમાં સાગરદત્ત સાર્થવાહે પોતાની ગંગાદત્તા નામની પત્નીને કહ્યુ-હે દેવાનુપ્રિયે! મારી પણ એ જ ઇચ્છા છે કે કોઇપણ રીતે તને જીવિત રહેનાર બાળક યા બાલિકા ઉત્પન્ન થાય એમ કહીને તેણે ગંગાદત્તના ઉક્ત પ્રસ્તાવનો સ્વીકાર કર્યો.

१२- तए [illegible]
मत्थ[illegible] [illegible]
समाणी सुबहु पुप्फ[illegible]
महिलाहिं सद्धिं सयाओ गिहाओ [illegible]
क्खमइ, पडिनिक्खमित्ता [illegible]
मज्झंमज्झेणं निग्गच्छइ, [illegible]
जेणेव पुक्खरिणी तेणेव उवागच्छइ,
उवागच्छित्ता पुक्खरिणीए तीरे [illegible]
पुप्फ-गंध-मल्लालंकारं ठवेइ, ठवित्ता
पुक्खरिणी ओगाहेइ, ओगाहित्ता [illegible]
ज्जणं करेइ, करित्ता [illegible]
करित्ता ण्हाया कय-कोउय-मंगल-पाय-
च्छित्ता उल्लपडसाडिया पुक्खरिणीओ
पच्चुत्तरइ पच्चुत्तरित्ता त पुप्फ० गिण्हइ
गिण्हित्ता जेणेव उंबरदत्तस्स जक्खस्स
जक्खाययणे तेणेव उवागच्छइ, उवाग-
च्छित्ता उंबरदत्तस्स जक्खस्स आलोए
पणामं करेइ, करित्ता लोमहत्थं परामु-
सइ, परामुसित्ता उंबरदत्तजक्खं लोमह-
त्थएणं पमज्जइ, पमज्जित्ता दगधाराए
अब्भुक्खेइ, अब्भुक्खित्ता पम्हल० गाय-
लट्ठिं ओलूहेइ, ओलूहित्ता सेयाइं वत्थाइ
परिहेइ, परिहित्ता महरिहं पुप्फारुहणं
वत्थारुहणं मल्लारुहणं गंधारुहणं चुण्णा-
रुहणं करेइ, करित्ता धूवं डहइ, धूव
डहित्ता जाणुपायवडिया एवं वयासी ।

जइ णं अहं देवाणुप्पिया! दारगं वा
दारियं वा पयायामि तो णं जाव
उवाइणइ, उवाइणित्ता जामेव दिसिं
पाउब्भूया तामेव दिसिं पडिगया ।

ત્યાં તેણે યક્ષને નમસ્કાર કર્યા, ત્યાર બાદ [illegible]
[illegible]પીંછી [illegible] તેના વડે યક્ષપ્રતિમાનું પ્રમાર્જન
કર્યું, ત્યાર બાદ જલધારાથી યક્ષ પ્રતિમાને સ્નાન
કરાવ્યું, ત્યાર બાદ ભગવા રંગથી રંગેલા, સુગ
ન્ધિત તેમજ સુંવાળા વસ્ત્રથી તેના (પ્રતિમાના)
શરીરને લૂંછ્યું લૂછીને શ્વેત વસ્ત્રો પહેરાવ્યાં
વસ્ત્રો પહેરાવીને મહાર્હ પુષ્પારોહણ, વસ્ત્રારોહણ
ગંધારોહણ, માલ્યારોહણ અને ચૂર્ણારોહણ કર્યું
ત્યાર બાદ ધૂપ કર્યો, ધૂપ કરીને યક્ષ
સામે ગોઠણ ટેકવીને પગોમાં પડી, આ પ્રમ
નિવેદન કરવા લાગી—

હે દેવાનુપ્રિય! જો હું એક પણ જી
રહેનાર પુત્ર યા પુત્રીને જન્મ આપું તો ય
પૂર્વવત્ યાચના કરે છે અર્થાત્ માનતા માને
માનતા માનીને જે બાજુથી આવી હતી તે
પાછી ચાલી ગઈ.

१३- तए णं से धण्णंतरी वेज्जे ताओ नरगाओ अणंतरं उवट्टित्ता इहेव जंबूद्दीवे दीवे भारहे वासे पाडलीसंडे नयरे गंगदत्ताए भारियाए कुच्छिसि पुत्तत्ताए उववण्णे। तए णं तीसे गंगदत्ताए भारियाए तिण्हं मासाणं वहुपडिपुण्णाणं अयमेयारूवे दोहले पाउब्भूए।

धण्णाओणं ताओ अम्मयाओ जाव फले, जाओ णं विउलं असणं४ उवक्खडावेंति, उवक्खडावित्ता वहुहि मित्त० जाव परिवुडाओ तं विउलं असणं४ सुरं च५ पुष्फ जाव गहाय पाडलिसंडं नयरं मज्झंमज्झेणं पडिणिक्खमंति, पडिणिक्खमित्ता जेणेव पुक्खरिणी तेणेव उवागच्छंति, उवागच्छित्ता पुक्खरिणी ओगाहेंति, ओगाहित्ता ण्हाया जाव पायच्छित्ताओ तं विउलं असणं ४ सुरं च५ वहुहि मित्तणाइ जाव सद्धि आसाएंति४ आसाइत्ता४ दोहलं विणेति।

૧૩– ત્યાર બાદ તે ધન્વન્તરિ વૈદ્યનો જીવ નરકભૂમિમાંથી નીકળીને આ જબૂદ્વીપના ભારતવર્ષ નામના ક્ષેત્રનાં પાટલિષંડ નગરમાં ગંગદત્તાની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો અર્થાત્ પુત્રરૂપે ગંગદત્તાના ગર્ભમાં આવ્યો. લગભગ ત્રણ મહિના પૂર્ણ થઇ જવા પર ગંગદત્તાને નીચે પ્રમાણે દોહદ ઉત્પન્ન થયો—

'ધન્ય છે, તે માતાઓ યાવત્ તેમણે જ જીવનના ફળને પ્રાપ્ત કર્યું છે, જે મહાન્ અશનાદિક તૈયાર કરાવે છે અને અનેક મિત્ર, જ્ઞાતિ આદિની સ્ત્રીઓથી યુકત થઈને વિપુલ ખાદ્ય સામગ્રી તથા સુરા આદિ મદિરાઓ સાથે લઇને પાટલિષંડ નગરની મધ્યમાંથી નીકળીને તલાવડી પર જાય છે ત્યાં તલાવડીમાં પ્રવેશ કરી જલસ્નાન તેમજ અશુભ સ્વપ્નાદિના ફળને નિષ્ફળ બનાવવા માટે મસ્તક પર તિલક તેમજ બીજા માંગલિકો કરીને તે વિપુલ ખાદ્ય સામગ્રીનું મિત્ર, જ્ઞાતિજન આદિની સ્ત્રીઓ સાથે આસ્વાદનાદિ કરતી, તે પોતાના દોહદને પૂર્ણ કરે છે.

१४- एवं संपेहेइ, संपेहित्ता कल्लं जाव जलंते जेणेव सागरदत्ते सत्थवाहे तेणेव उवागच्छइ उवागच्छित्ता सागरदत्तं सत्थवाहं एवं वयासी—"धन्नाओ णं ताओ जाव विणेंति," तं इच्छामि णं जाव विणित्तए।

૧૪– આ રીતે વિચાર કરીને પ્રાતઃકાળમાં તેજથી દેદીપ્યમાન સૂર્યનો ઉદય થવા પર તે સાગરદત્તા સાર્થવાહ પાસે આવી, આવીને સાગરદત્તાને આ પ્રમાણે કહેવા લાગી–હે દેવાનુપ્રિય! તે માતાઓ ધન્ય છે, યાવત્–જે પોતાના દોહદને પૂર્ણ કરે છે. હુ પણ મારા દોહદને પૂર્ણ કરવા ઇચ્છું છું.

तए णं से [illegible]
भारियाए [illegible]
सा गंगदत्ता भारिया [illegible]
वा[illegible] [illegible]
असण[illegible] उव[illegible]
विउल असण[illegible] [illegible]
परिगिण्हावेइ, परिगिण्[illegible]
जाव परिवुडा जेणेव पुक्खरिणी तेणेव उवागच्छइ उवागच्छित्ता पुक्खरिणी ओगाहेइ, ओगाहित्ता ण्हाया जाव पायच्छित्ता पुक्खरिणीओ पच्चुत्तरइ। तए णं ताओ मित्त जाव महिलाओ गंगदत्तं सत्थवाहि मल्लालंकारविभूसियं करेंति, तए णं सा गंगदत्ता भारिया ताहि मित्तजाव अण्णाहि बहूहि नयरमहिलाहि सद्धिं तं विउलं असणं४ सुरंच५ आसा-एमाणी४ दोहलं विणेइ, विणित्ता जामेव दिसि पाउब्भूया तामेव दिसिं पडिगया।

મજ્જન કરીને પુષ્કરિણીની બહાર આવે છે [illegible] ત્યાં આવેલી મહિલાઓ પણ ગંગાદત્તા શેઠાણીને આભૂષણો અને અલંકારોથી વિભૂષિત કરે છે. ત્યારબાદ તે મિત્રાદિની સ્ત્રીઓ અને બીજી નગરની સ્ત્રીઓ સાથે તે વિપુલ અશનાદિક તથા છ પ્રકારની સુરા આદિનું આસ્વાદનાદિ કરતી ગંગાદત્તા પોતાના દોહદને પૂર્ણ કરે છે. આ રીતે દોહદને પૂર્ણ કરીને તે પાછી પોતાના ઘરે આવી જાય છે.

१५- तए णं सा गंगदत्ता भारिया पसत्थदोहला तं गब्भं सुहंसुहेणं परिवहइ।

तए णं सा गंगदत्ता भारिया णवण्हं मासाणं बहुपडिपुण्णाणं जाव दारयं पयायाठ्ठिइ जाव नामे जम्हाणं अम्हं इमे दारए उंबरदत्तस्स जक्खस्स उवयाइयलद्धए तं होउ णं इमे दारए उबरदत्ते नामेणं। तए णं से उंबरदत्ते दारए पंचधाईपरि-ग्गहिए जाव परिवड्ढइ।

૧૫– ત્યારબાદ પૂર્ણ, સમ્માનિત, વિનીત, વ્યુચ્છિન્ન અને સંપન્ન દોહદવાળી તે ગંગાદત્તા તે ગર્ભને સુખપૂર્વક ધારણ કરતી આનંદપૂર્વક સમય વ્યતીત કરવા લાગી.

ત્યારબાદ લગભગ નવ માસ પૂર્ણ થઇ જવા પર ગંગાદત્તાએ એક બાળકને જન્મ આપ્યો. માતાપિતાએ કુળ પરમ્પરાનુસાર એના નામનો ઉત્સવ મનાવ્યો. (પુત્ર જન્મ મહોત્સવ મનાવ્યો) અને આ બાળક ઉબરદત્ત યક્ષની માનતા માનવાથી ઉત્પન્ન થયો છે, તેથી (માતાપિતાએ) તેનું 'ઉબરદત્ત' એવુ નામ રાખ્યું, ત્યારબાદ ઉબરદત્ત બાળક પાંચ ધાવ માતાઓથી સુરક્ષિત રહીને મોટો થવા લાગ્યો.

१६- तए ण से सागरदत्ते सत्थवाहे जहा विजयमित्ते, कालधम्मुणा संजुत्ते । गगदत्तावि। उंवरदत्ते निच्छूढे जहा उज्झियए ।

तए णं तस्स उंवरदत्तस्स दारगस्स अण्णया कयाइं सरीरगंसि जमगसमगमेव सोलस रोगायंका पाउब्भूया, तं जहा— सासे१ कासे२ जाव कोढे। तए णं से उंवरदत्ते दारए सोलसहि रोगायंकेहि अभिभूए समाणे सडियहत्थं जाव विहरइ।

एवं खलु गोयमा। उंवरदत्ते दारए पुरापुराणाणं जाव पच्चणुब्भवमाणे विहरइ ।

૧૬- ત્યારબાદ અર્થાત્ ઉબરદત્ત જ્યારે યુવાન થયો ત્યારે વિજયમિત્રની જેમ સાગરદત્ત સાર્થવાહ સમુદ્રમાં વહાણ ડૂબી જવાના કારણે કાળધર્મ પામ્યો તથા ગંગાદત્તા પણ પતિના વિયોગજન્ય અત્યંત અસહ્ય દુઃખથી દુ.ખી થઇ અને કાળધર્મને પ્રાપ્ત થઇ (મૃત્યુ પામી) ઉજ્ઝિતક કુમારની જેમ ઉબરદત્ત કુમારને પણ ઘરથી બહાર કાઢી મૂકવામાં આવ્યો.

ત્યારબાદ કોઇ વખતે ઉબરદત્તના શરીરમાં એક સાથે જ સોળ પ્રકારને। રોગો ઉત્પન્ન થયા, જેમકે-(૧) શ્વાસ, (૨) કાસ, યાવત્ કુષ્ઠરોગ. આ સોળ પ્રકારના રોગાન્તકો (ભયંકર રોગો) થી પીડિત થયેલો ઉબરદત્ત યાવત્ હાથ આદિ સડી જવાથી દુઃખપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યો

ભગવાન કહે છે–હે ગૌતમ! આ રીતે ઉબરદત્ત બાળક પૂર્વકૃત અશુભ કર્મોનુ આ ભયંકર ફળ ભોગવતો સમય વ્યતીત કરી રહ્યો છે.

१७- से णं उंवरदत्ते दारए कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ कहिं उववज्जिहिइ ?

गोयमा ! उंवरदत्ते दारए वावत्तरि वासाइं परमाउयं पालित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए णेरइयत्ताए उववज्जिहिइ, संसारो तहेव जाव पुढवीसु । तओ हत्थिणाउरे णयरे कुक्कुडत्ताए पच्चायाहिइ, जायमित्ते चेव गोट्ठिल्लवहिए तत्थेव हत्थिणाउरे णयरे सेट्ठिकुलंसि उववज्जिहिइ, वोहिं,

૧૭- ત્યારબાદ ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પૂછયું-ભગવન્ ! આ ઉબરદત્ત બાળક અહીંથી મૃત્યુના સમયમાં મૃત્યુ પામીને કયા જશે અને કયાં ઉત્પન્ન થશે ?

ભગવાને કહ્યું- હે ગૌતમ! ઉબરદત્ત બાળક ૭૨ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાળ માસમાં કાળ કરીને રત્નપ્રભા નામની નરક-ભૂમિમાં નારકીરૂપે ઉત્પન્ન થશે તે પૂર્વવત્ સંસારભ્રમણ કરતો યાવત્ પૃથ્વીકાયમાં લાખોવાર ઉત્પન્ન થશે ત્યાંથી નીકળીને હસ્તિનાપુર નગરમાં કુકડારૂપે ઉત્પન્ન થશે ત્યાં જન્મતાં જ ગોષ્ટિકો-દુરાચારી લોકોવડે વધને પ્રાપ્ત થશે તે હસ્તિનાપુરમાં એક શ્રેષ્ઠિકુળમાં ઉત્પન્ન થશે ત્યાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે, ત્યાંથી મરીને

मोहम्मे [illegible] [illegible] [illegible]
हि। निरन्तेतो।

मनमं [illegible] [illegible]।

[illegible]

શૌર્યદત્ત

આઠમા અધ્યયનની પ્રસ્તાવનાની ભાવના પૂર્વવત્ કરી લેવી જોઈએ

१- जइ णं भंते अट्ठमस्स उक्खेवो ! एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं सोरियपुरं णयरं, सोरियवडिसगं उज्जाणं, सोरिओ जवखो, सोरियदत्तो राया। सोरियपुरस्स णयरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं एगे मच्छंधपाडए होत्था। तत्थ णं समुद्दत्ते णामं मच्छंधे परिवसइ अहम्मिए जाव दुप्पडियाणंदे। तस्स णं समुद्दत्तस्स मच्छंधस्स समुद्ददत्ता णामं भारिया होत्था अहीण०। तस्स णं समुद्ददत्तस्स मच्छंधस्स पुत्ते समुद्ददत्ताए भारियाए अत्तए सोरियदत्ते णामं दारए होत्था अहीण०।

૧– સુધર્માસ્વામી કહે છે–હે જંબૂ! તે કાળ અને તે સમયમાં શૌરિકપુર નામનું એક નગર હતું ત્યાં શૌરિકાવતંસક નામનું ઉદ્યાન હતું, તેમાં શૌરિક નામના યક્ષનું યક્ષાયતન હતું. ત્યાંના રાજાનું નામ પણ શૌરિકદત્ત હતુ. શૌરિકપુર નગરની બહાર ઇશાન ખૂણામાં એક માછી-મારોનો મહોલ્લો હતો. ત્યાં સમુદ્રદત્ત નામનો એક માછીમાર નિવાસ કરતો હતો તે અધર્મી યાવત્ દુષ્પ્રત્યાનન્દ હતો, તેની સમુદ્રદત્તા નામની પરિપૂર્ણ તેમજ પાંચે ઇન્દ્રિયોથી યુક્ત શરીર-વાળી સ્ત્રી હતી તથા તેમનો શૌરિકદત્ત નામનો એક સર્વાંગ સંપૂર્ણ તેમજ પરમ સુન્દર બાળક હતો.

२- तेणं कालेणं तेणं समएणं सामी समोसढे जाव परिसा पडिगया। तेणं कालेणं तेणं समएणं समणस्स० जेट्ठे० जाव सोरियपुरे णयरे उच्चणीय० अहापज्जत्तं समुदाणियं भिक्खं गहाय सोरियपुराओ णयराओ पडिनिक्खमइ, पडिनिक्खमित्ता तस्स मच्छंधपाडगस्स अदूरसामंते णं वीइवयमाणे महइमहालयाए मणुस्सपरिसाए मज्झगयं पासइ एगं [illegible] सुक्कं भुक्खं णिम्मंसं अट्ठि[illegible]

૨– તે કાળ અને તે સમયમાં શૌરિકાવતંસક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. યાવત્ પરિષદ્ અને રાજા ધર્મદેશના સાંભળી પાછા ચાલ્યા ગયા. તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ-સ્વામી યાવત્ શૌરિકપુર નગરમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે [illegible] પર્યાપ્ત આહાર લઈને નગરની [illegible] તથા માછીમારોના મહોલ્લા [illegible] અત્યંત વિશાળ મનુષ્ય [illegible]

३- एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे णंदिपुरे णामं णयरे होत्था । मित्ते राया, तस्स णं मित्तस्स रन्नो सिरीए नामं महाणसिए होत्था अहम्मिए जाव दुप्पडियाणंदे । तस्स णं सिरीयस्स महाणसियस्स बहवे मच्छिया य वागुरिया य साउणिया य दिण्णभइभत्तवेयणा कल्लाकल्लि बहवे सण्हमच्छे य जाव पडागाइपडागे य अए य जाव महिसे य तित्तिरे य जाव मयूरे य जिवियाओ ववरोवेंति, ववरोवित्ता सिरीयस्स महाणसियस्स उवणेंति । अण्णे य से बहवे तित्तिरा य जाव मयूरा य पंजरंसि सण्णिरुद्धा चिट्ठति, अण्णे य बहवे पुरिसा

હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં આ જંબૂદ્વીપના ભારતવર્ષમાં નન્દિપુર નામનું એક પ્રસિદ્ધ નગર હતું. ત્યાંના રાજાનું નામ 'મિત્ર' હતું. તે રાજાનો શ્રીક નામનો એક અત્યંત અધર્મી યાવત મુશ્કેલીથી પ્રસન્ન કરી શકાય એવો એક રસોઇયો હતો. તેને રૂપિયા, પૈસા અને ધાન્યાદિ રૂપે પગાર ગ્રહણ કરનારા અનેક માછીમારો, જાળમાં પશુઓને ફસાવનારા, તેમજ પક્ષીઓનો વધ કરનારા અનેક નોકરો હતા, જેઓ હમેશાં કોમળ ચામડીવાળા મત્સ્યો અથવા નાના મત્સ્યો યાવત પતાકાતિપતાકા નામક મત્સ્ય વિશેષો તથા બકરાઓ યાવત્ ભેંસો તેમજ તેતર યાવત્ મયૂરાદિ પ્રાણીઓને મારીને શ્રીક રસોઇયાને લાવી આપતા હતા. તેને ત્યાં પાંજરાઓમાં અનેક તેતર યાવત્ મયૂરાદિ પક્ષીઓ પૂરેલા રહેતા હતા.

दिण्णभइभत्तवेयणा वहवे तित्तिरे य जाव मयूरे य जीवियए चेव णिप्पखेति, णिप्पखित्ता सिरीयस्स महाणसियस्स उवणेति। तए णं से सिरीए महाणसिए बहूणं जलयर-थलयर-खहयराणं मंसाइं कप्पणीकप्पियाइं करेइ, तंजहा सण्हखंडियाणि य वट्टखंडियाणि य दीहखंडियाणी य रहस्सखंडाणि य हिमपक्काणि य जम्मपक्काणि य घम्मपक्काणि य मारुयपक्काणि य कालाणि य हेरंगाणि य महिट्ठाणि य अमलरसियाणि य मुद्दियारसियाणि य कविट्ठरसियाणि य दालिमरसियाणि य मच्छरसियाणि य तलियाणि य भज्जियाणि य सोल्लियाणि य उवक्खडावेइ।

अण्णे य वहवे मच्छरसए य एणिज्जरसए य तित्तिररसए य जाव मयूररसए य अण्णं च विउलं हरियसागं उवक्खडावेइ, उवक्खडावित्ता मित्तस्स रण्णो भोयणमंडवंसि भोयणवेलाए उवणेइ। अप्पणावि य णं से सिरीए महाणसिए तेहि च वहुहि जाव जलयर-थलयर-खहयर-मंसेहि रसिएहि य हरियसागेहि य सोल्लेहि य तलिएहि य भज्जिएहि य सुरं च ५ आसाएमाणे ४ विहरइ। तए णं से सिरीए महाणसिए एयकम्मे ४ सुबहुं पावकम्मं समज्जिणित्ता तेत्तीसं वाससयाइं परमाउं पालित्ता कालमासे कालं किच्चा छट्ठीए पुढवीए उववण्णे।

શ્રીક રસોઇયાના બીજા અનેક રૂપિયા પૈસા અને ધાન્યાદિ રૂપે પગાર લઇને કામ કરનારા પુરુષો તેતર યાવત્ મયૂરાદિ પક્ષીઓને પાંખરહિત કરીને લાવી આપતા હતા ત્યાર બાદ તે શ્રીક રસોઇયો અનેક જલચર, સ્થલચર ખેચર જીવોનાં માંસના છરીથી સૂક્ષ્મ, ગોળાકાર, મોટા, નાના અનેક પ્રકારના ટુકડા કરતો હતો. તે ટુકડાઓમાંથી કેટલાંકને બરફમાં પકાવતો હતો, કેટલાંકને જુદા રાખી દેતો, જેથી તે ટુકડાઓ સ્વતઃ (પોતાની મેળેજ) પાકી જતા હતા કેટલાંકને તડકાથી અને કેટલાંકને હવા દ્વારા પકાવતો હતો, કેટલાંકને કાળા અને કેટલાકને લાલ રંગના કરતો હતો, અને તે તે ટુકડાઓને છાશથી, આંબળાના રસથી, દ્રાક્ષના રસથી, કપિત્થ-કોઠાના રસથી, દાડમના રસથી તથા અન્ય મત્સ્યરસોથી યુક્ત કરતો હતો ત્યારબાદ તે માંસના ટુકડાઓમાંથી કેટલાંકને તેલથી તળતો, કેટલાંકને અગ્નિપર ભૂંજતો (શેકતો) અને કેટલાંકને શૂળથી પકાવતો.

આ રીતે મત્સ્ય માંસના રસોને, મૃગ માંસના રસોને, તેતર માંસના રસોને યાવત્ મયૂરના માસના રસોને તથા બીજા ઘણાં લીલાશાક તે તૈયાર કરતો હતો. તૈયાર કરીને મહારાજ મિત્રના ભોજન મંડપમાં લઇ જઇને મહારાજ પાસે હાજર કરતો તથા તે શ્રીક રસોઇયો પોતે પણ પૂર્વોક્ત કોમળ ચામડીવાળા મત્સ્યાદિ સમસ્ત જીવોના માંસ, રસ, લીલાશાક [illegible] પકાવેલા, તળેલા ભૂંજેલા [illegible] તેની સાથે છ પ્રકારની સુરા આદિ મદિરાઓનું આસ્વાદનાદિ કરતો સમય વ્યતીત કરી રહે[illegible]

ત્યારબાદ આ કર્મોનેજ [illegible] પ્રધાન માનનાર તે શ્રીક [illegible] ઘણાં પાપ કર્મોનું ઉપાર્જન કરીને [illegible] આયુષ્યને ભોગવીને [illegible] કરીને છઠ્ઠી નરકભૂમિમાં ઉત્પન્ન [illegible]

तए णं से समुद्ददत्ते अण्णया कयाइं कालधम्मुणा संजुत्ते। तए णं से सोरियदत्ते दारए बहूहिं मित्त० रोयमाणे ३ समुद्ददत्तस्स णीहरणं करेइ।

५- अण्णया कयाइं से सयमेव मच्छंधमहत्तरगत्तं उवसंपज्जित्ताणं विहरइ। तए णं से सोरियदत्ते दारए मच्छंधे जाए अहम्मिए जाव दुप्पडियाणंदे।

तए णं तस्स सोरियदत्तस्स मच्छंधस्स बहवे पुरिसा दिन्नभइभत्तवेयणा कल्लाकल्लिं एगट्ठियाहिं जउणं महाणइं ओगाहिंति, ओगाहित्ता बहूहिं दहगालणेहि य दहमलणेहि य दहमद्दणेहि य दहमहणेहि य दहवहणेहि य दहपवहणेहि य पवंपुलेहि य जंभाहि य तिसराहि य भिसराहि य घिसराहि य विसराहि य हिल्लिरीहि य झिल्लिरीहि य जालेहि य गलेहि य कूडपासेहि य वक्कवंधेहि य सुत्तबंधेहि य वालबंधेहि य बहवे सण्हमच्छे य जाव

શૌરિકદત્ત બાળકે ઘણા મિત્ર, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીજનો તેમજ નોકરો સાથે સ્મશાનયાત્રા કાઢી અને અગ્નિકર્મ તેમજ બીજી લૌકિક મૃતક્રિયાઓ કરી.

૫ કાલાન્તરમાં તે શૌરિકદત્ત પોતે માછીમારોનો નેતા બની ગયો. તે મહા અધર્મી, પાપી યાવત્ તેને પ્રસન્ન કરવો બહુ મુશ્કેલ હતો.

તેણે રૂપિયા, પૈસા અને ભોજનાદિ રૂપ વેતન લઈને કામ કરનારા અનેક પગારદાર માણસો રાખ્યા હતા, કે જેઓ નાની નૌકાઓ દ્વારા યમુના નદીમાં પ્રવેશ કરીને ગળાવનુ પાણી ઉલેચી નાખી, દરિયાના પાણીમાં વારવાર પરિભ્રમણ કરીને અર્થાત્ પાણી ઉલેચ્યા પછી શેષ રહેલા કીચડનુ મર્દન કરીને, થોરનુ દૂધ નાખી પાણીને વિકૃત કરીને, વૃક્ષની શાખાઓથી તળાવના પાણીને ડોળીને, તળાવનું પાણી નાલિકાથી બહાર કાઢીને, તળાવના પાણીને વિશેષરૂપે પ્રવાહિત કરીને પ્રપંચુલ, જભા, તિસરા, ભિસરા, ઘિસરા, દ્વિસરા, હિલ્લિરિ, ઝિલ્લિરિ, જાલ, ગલ, કૂટપાશ, વલ્કબંધ, સૂત્રબંધ અને પાશબંધ વિગેરે માછલા પકડવાના સાધનોથી અનેક જાતિના કોમળ મત્સ્યો યાવત્ પતાકાતિપતાકા નામના

पडागाइपडागे य गिण्हंति, गिण्हित्ता एगट्ठियाओ भरेंति, भरित्ता कूलं गाहिंति कूलं गाहित्ता मच्छखलए करेंति, करित्ता आयवंसि दलयंति । अण्णे य से बहवे पुरिसा दिण्णभइभत्तावेयणा आयवतत्तेहिं मच्छेहिं तलिएहि य भज्जिएहि य सोल्लिएहि य रायमग्गंसि वित्ति कप्पेमाणा विहरंति । अप्पणावि य णं से सोरियदत्ते बहूहिं सण्हमच्छेहि य जाव पडागाइपडागेहि य तलिएहि य भज्जिएहि य सोल्लिएहि य सुरं च ५ आसाएमाणे४ विहरइ ।

મત્સ્યોને પકડે છે અને પકડીને તેનાથી નૌકા ભરે છે, ભરીને નદીના કિનારા પર લાવે છે. લાવીને બહાર એક જગ્યા પર તેનો ઢગલો કરે છે, ત્યાર બાદ તેને ત્યાં તડકામાં સૂકવવા માટે રાખે છે

આ રીતે રૂપિયા, પૈસા અને ધાન્યાદિ લઈને પગારદાર પુરુષો તડકામાં સૂકાયેલા તે મત્સ્યોના માસને શૂળમા પરોવીને પકાવતા, તળતા અને ભૂજતા અને તેને રાજમાર્ગમાં વેચવા માટે રાખીને તેના દ્વારા જ આજીવિકા કરતા સમય વ્યતીત કરી રહ્યા હતા તદુપરાંત શૌરિકદત્ત પોતે પણ તે શૂળથી પકાવેલ, ભૂજેલ અને તળેલ મત્સ્યના માંસ સાથે વિવિધ પ્રકારની સુરાઓનુ સેવન કરતો સમય વીતાવવા લાગ્યો

६- तए णं तस्स सोरियदत्तस्स मच्छंधस्स अण्णया कयाइं ते मच्छे तलिए भज्जिए सोल्लिए य आहारेमाणस्स मच्छकंटए गलए लग्गे यावि होत्था । तए णं से सोरियदत्ते मच्छंधे महयाए वेयणाए अभिभूए समाणे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी--गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सोरियपुरे णयरे सिंघाडग जाव पहेसु महया२ सद्देणं उग्घोसेमाणा२ एवं वयह--एवं खलु देवाणुप्पिया ! सोरियदत्तस्स मच्छकंटए गलए लग्गे, जं जो णं इच्छइ, विज्जो वा विज्जपुत्तो वा सोरियदत्तस्स मच्छियस्स मच्छकंटगं गलाओ णीहरित्तए तस्स णं सोरियदत्ते विउलं अत्थसंपयाणं दलयइ ।

तए णं ते कोडुंबियपुरिसा जाव उग्घोसेंति ।

૬– તદનન્તર કોઈ વખતે શૂળ દ્વારા પકાવેલા, તળેલા અને ભુજેલા મત્સ્ય માંસોનો આહાર કરતા તે શૌરિકદત્ત માછીમારના ગળામા માછલીનો કાંટો લાગી ગયો, તેના કારણે તે મહાન વેદનાનો અનુભવ કરવા લાગ્યો ત્યારે અત્યંત દુખી થયેલા શૌરિકદત્તે પોતાના અનુચરો નોકરોને બોલાવીને આ પ્રમાણે કહ્યુ– હે ભદ્ર પુરુષો! શૌરિકપુર નગરના ત્રિકોણ માર્ગો યાવત્ સમસ્ત માર્ગો પર જઈને મોટા અવાજથી આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કરો– હે મહાનુભાવો! શૌરિકદત્તના ગળામા મત્સ્યનો કાંટો લાગી ગયો છે. જો કોઇ વૈદ્ય યા વૈદ્યપુત્ર આદિ તે મત્સ્યકંટક કાઢી દેશે, તેને શૌરિકદત્ત ઘણુ ધન આપશે

ત્યારે કૌટુંબીપુરુષો–અનુચરોએ તેની આજ્ઞાનુસાર આખા નગરમાં ઉદ્‌ઘોષણા કરી દીધી

७- तए ण ते वहवे विज्जा य इम एयारूवं उग्घोसणं उग्घोसिज्जंतं णिसामेंति, णिसामित्ता जेणेव सोरियदत्तस्स गिहे जेणेव सोरियदत्ते मच्छंधे तेणेव उवागच्छंति, उवागच्छित्ता वहूहि उप्पत्तियाहि य ४ बुद्धीहि य परिणममाणा वमणेहि य छड्डणेहि य ओवीलणेहि य कवलग्गाहेहि य सल्लुद्धरणेहि य विसल्लीकरणेहि य इच्छंति सोरियदत्तस्स मच्छधस्स मच्छकंटगं गलाओ णीहरित्तए वा विसोहित्तए वा, णो चेव णं संचाएंति णीहरित्तए वा विसोहित्तए वा । तए णं ते वहवे विज्जा य जाहे णो संचाएंति सोरियदत्तस्स मच्छकंटगं गलाओ णीहरित्तए वा २ ताहे संता ३ जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया ।

૭– તે ઢંઢેરાના સાંભળીને ઘણા વૈદ્ય અને વૈદ્યપુત્રો શૌરિકદત્તના ઘેર આવ્યા. ત્યાંને ઔત્પાત્તિકી આદિ બુદ્ધિઓ દ્વારા નાડી જોઈને નિદાનને જાણવા તે વૈદો વમન, છર્દન તથા અવપીડન સ્નાનપાનથી તથા કવલગ્રાહથી શલ્ય (કાંટા)ના ઉદ્ધાર કરવા માટે, તેને વિશલ્ય કરવા માટે, શૌરિકદત્તના ગળામાંથી મત્સ્યના કાંટાને કાઢવાની ઇચ્છા કરે છે પરન્તુ તેમાં તેઓ સફળ ન થઈ શક્યા અર્થાત્ તેઓ વડે શૌરિકદત્તના ગળાનો કાંટો કાઢી શકાયો નહિ અને નીકળતા પરુ તથા લોહીને બંધ પણ તેઓ કરી ન શક્યા ત્યારે તેઓ શ્રાન્ત, તાન્ત અને પરિતાન્ત થઈને અર્થાત્ નિરાશ તેમજ ઉદાસ થઈને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા. અર્થાત્ પોતપોતાના સ્થાને ગયા.

८. तए णं से सोरियदत्ते मच्छंधे विज्जपडियारणिव्विण्णे तेणं दुक्खेणं अभिभूए सुक्के जाव विहरइ, एवं खलु गोयमा! सोरियदत्ते मच्छंधे पुरापोराणाणं जाव विहरइ ।

૮– ત્યારે વૈદ્યોનો ઇલાજ સફળ નહિ થવાથી નિરાશ થયેલો તે શૌરિકદત્ત મહાન વેદનાને ભોગવતો સુકાઈ ગયો, યાવત્ હાડપિંજર માત્ર બાકી રહી ગયુ તે દુઃખપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યો ભગવાન મહાવીર સ્વામી કહે છે. હે ગૌતમ! આ રીતે તે શૌરિકદત્ત પૂર્વકૃત યાવત્ અશુભ કર્મોના ફળને ભોગવી રહ્યો છે.

९- सोरियदत्ते णं भंते! मच्छंधे इओ कालमासे कालं किच्चा कहिं गच्छिहिइ। कहि उववज्जिहिइ ?

गोयमा ! सत्तरिवासाइं परमाउं पालित्ता कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए संसारो तहेव

૯– ગૌતમસ્વામીએ પ્રશ્ન કર્યો–ભંતે! શૌરિકદત્ત માછીમાર અહીંથી કાલમાસે કાળ કરીને ક્યા જશે અને ક્યાં ઉત્પન્ન થશે?

આ પ્રશ્નના ઉત્તરમા પ્રભુ મહાવીર બોલ્યા હે ગૌતમ! ૭૦ વર્ષના પરમ આયુષ્યને ભોગવીને કાલમાસમાં કાળ કરીને રત્નપ્રભા નામની પહેલી નરકભૂમિમાં ઉત્પન્ન થશે તેનુ બાકીનુ સંસાર ભ્રમણ પૂર્વવત્ જ જાણવું જોઈએ, યાવત્ તે પૃથ્વી-

जाव पुढवीसु। से णं तओ हत्थिणाउरे णयरे मच्छत्ताए उववज्जिहिइ। से णं तओ मच्छिएहिं जीवियाओ ववरोविए समाणे तत्थेव सेट्ठिकुलंसि० बोहिं० सोहम्मे० महाविदेहे वासे सिज्झिहिइ५। णिक्खेवो।

। अट्ठमं अज्झयणं समत्तं ।

કાયમા લાખોવાર ઉત્પન્ન થશે ત્યાંથી હસ્તિનાપુરમાં મત્સ્ય બનશે. ત્યાં માછીમારો દ્વારા વધને પ્રાપ્ત થઈ, ત્યાં જ હસ્તિનાપુરમાં એક શ્રેષ્ઠીકુળમાં જન્મ લેશે, ત્યાં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થશે. ત્યાંથી મરણ પામીને સૌધર્મ નામના દેવલોકમાં ઉત્પન્ન થશે ત્યાંથી આવીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મશે અને ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને. તેની (ચારિત્રની) સમ્યક્ આરાધનાથી સિદ્ધપદને પ્રાપ્ત કરશે

ઉપસંહારની કલ્પના પૂર્વની જેમ કરી લેવી જોઈએ.



દેવદત્તા

१- जइ णं भंते! उवखेवो णवमस्स। एवं खलु जंबू! तेणं कालेणं तेणं समएण रोहीडए णामं णयरे होत्था रिद्ध०। पुढवीवडिंसए उज्जाणे। धरणे जक्खो। वेसमणदत्ते राया। सिरी देवी। पूसणंदी कुमारे जुवराया। रोहीडए णयरे दत्ते णामं गाहावई परिवसइ अड्ढे०। कण्हसिरी भारिया। तस्स णं दत्तस्स धूया कण्हसिरीए अत्तया देवदत्ता णामं दारिया होत्था, अहीण जाव उक्किट्ठ-सरीरा।

૧–જંબૂ સ્વામી પ્રશ્ન કરે છે કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અધ્યયનનો અર્થ આ પ્રમાણે કહ્યો છે તો નવમા અધ્યયનનો શો અર્થ કહ્યો છે? ઉત્તરમાં સુધર્મા સ્વામી કહેવા લાગ્યા હે–જંબૂ! તે કાળ અને તે સમયમાં રોહીતક નામનું ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતું. ત્યાં પૃથિવીઅવતંસક નામનુ એક ઉદ્યાન હતુ, તેમાં ધરણ નામના યક્ષનુ યક્ષાયતન હતું ત્યાં વૈશ્રમણ દત્ત નામના રાજાનુ રાજ્ય હતું તેને શ્રી નામની રાણી હતી. તેને યુવરાજ પદથી અલંકૃત પુષ્પનંદી નામનો કુમાર હતો. તે નગરમા દત્ત નામનો એક ગાથાપતિ રહેતો હતો, જે ધનવાન યાવત્ પોતાની જ્ઞાતિમાં ઘણો સન્માનનીય હતો, તેને કૃષ્ણશ્રી નામની પત્ની હતી. તેને સંપૂર્ણ તેમજ નિર્દોષ, પાંચ ઇન્દ્રિયોથી યુક્ત ઉત્તમ શરીરવાળી દેવદત્તા નામની એક બાલિકા હતી.

२- तेणं कालेणं तेणं समएणं सामी समोसड्ढे जाव परिसा णिग्गया। तेणं कालेणं तेणं समएणं जेट्ठे अंतेवासी छट्ठक्खमणपारणगंसि तहेव जाव रायमग्गं ओगाढे हत्थी आसे पुरिसे पासइ। तेंसि पुरिसाणं मज्झगयं पासइ एगं इत्थियं अवउडगबंधणं उक्कित्तकण्णणासं जाव सूले भिज्जमाणं पासइ, पासित्ता इमे अज्झत्थिए ४ तहेव णिग्गए जाव

૨– તે કાળ અને તે સમયમાં પૃથિવીઅવતંસક નામના ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, યાવત્ તેમની ધર્મદેશના સાંભળીને પરિષદ અને રાજા વિગેરે પાછા ચાલ્યા ગયા તે વખતે ભગવાનના જ્યેષ્ઠ શિષ્ય ગૌતમ સ્વામી છઠ્ઠના પારણા માટે ભિક્ષાર્થે ગયા, યાવત રાજમાર્ગમાં પધાર્યા, ત્યાં તેઓ હાથીઓ, અશ્વો અને પુરુષોને જુએ છે તેમની વચ્ચે તેમણે (ગૌતમ સ્વામીએ) અવકોટક બંધનથી બાંધેલી, કાન, નાક કાપેલી, યાવત્ શૂળી વડે ભેદન કરાતી એક સ્ત્રીને જોઇ, જોઇને તેમના મનમાં પહેલાની

एवं वयासी-एसि णं भंते! ते इत्थिया पुव्वभवे का आसी? ।

જેમ વિચાર ઉત્પન્ન થયો, યાવત્ પહેલાની જેમ ભિક્ષા લઈને નગરમાંથી નીકળ્યા અને ભગવાનની પાસે આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા–હે ભદન્ત! આ સ્ત્રી પૂર્વભવમાં કોણ હતી?

३- एवं खलु गोयमा! तेणं कालेणं तेणं समएणं इहेव जंबूद्दीवे दीवे भारहे वासे सुपइट्ठे णामं णयरे होत्था रिद्ध० ३। तत्थ महासेणे राया, तस्स णं महासेणस्स रण्णो धारिणीपामोक्खं देवीसहस्सं ओरोहे यावि होत्था। तस्स णं महासेणस्स रण्णो पुत्ते धारिणीए देवीए अत्तए सीहसेणे णामं कुमारे होत्था अहिण० जुवराया।

तए णं तस्स सीहसेणस्स कुमारस्स अम्मापियरो अण्णया कयाइं पच पासायवडिंसयसयाइं कारेंति, अब्भुगय०। तए णं तस्स सीहसेणस्स अम्मापियरो अण्णया कयाइं सामापामोक्खाणं पंचण्हं रायवरकण्णगसयाणं एगदिवसेणं पाणि गिण्हावेंति। पंचसयओ दाओ। तए णं सीहसेणे कुमारे सामापामोक्खेहिं पंचहिं देवीसएहि सद्धि उप्पि जाव विहरइ।

૩– ભગવન્તે ઉત્તર આપ્યો–હે ગૌતમ! તે કાળ અને તે સમયમાં આ જંબુદ્વીપના ભારત વર્ષમાં સુપ્રતિષ્ઠ નામનું એક ઋદ્ધ, સ્તિમિત અને સમૃદ્ધ નગર હતું ત્યાં મહારાજ મહાસેન રાજ્ય કરતા હતા તેના અન્તઃપુરમાં ધારિણી વિગેરે એક હજાર રાણીઓ હતી મહારાજ મહાસેનનો પુત્ર અને મહારાણી ધારિણી દેવીનો આત્મજ સિંહસેન નામનો રાજકુમાર હતો, જે સંપૂર્ણ, તેમજ નિર્દોષ પાંચ ઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળો તથા યુવરાજ પદથી અલંકૃત હતો

સિંહસેન રાજકુમારના માતા પિતાએ કોઈ વખતે અત્યંત વિશાળ પાંચસો ઉત્તમ મહેલો બનાવડાવ્યા. ત્યાર બાદ કોઈ સમયે તેમણે સિંહસેન રાજકુમારના શ્યામા વિગેરે પાંચસો સુંદર રાજકન્યાઓ સાથે લગ્ન કરી દીધા અને પાંચસો પ્રીતિદાન એટલે હિરણ્ય–સુવર્ણથી લઈને દાસ–દાસી સુધીની ગૃહસ્થી માટે ઉપયોગી પ્રત્યેક વસ્તુ આપી ત્યાર બાદ રાજકુમાર સિંહસેન શ્યામા વિગેરે તે પાંચસો રાજકન્યાઓ સાથે મહેલોમાં રમણ કરતો આનંદપૂર્વક સમય વીતાવવા લાગ્યો

४- तए णं से महासेणे राया अण्णया कयाइं कालधम्मुणा संजुत्ते णीहरणं० राया जाए महया०।

૪– ત્યાર બાદ કોઈ વખતે મહારાજ મહાસેનનું મૃત્યુ થઈ ગયું. રુદન, આક્રંદન અને વિલાપ કરતાં રાજકુમારે તેનું નિસ્સરણ કાર્ય કર્યું. એટલે કે મૃતકક્રિયા કરી ત્યાર બાદ સિંહસેન રાજસિંહાસન પર આરૂઢ થઈ [illegible] વિભૂષિત થઈને હિમવન્ત [illegible] પર્વતો [illegible] પ્રાપ્ત [illegible] આમે.

५- तए णं से सीहसेणे राया सामाए देवीए मुच्छिए४ अवसेसाओ देवीओ णो आढाइ णो परिजाणाइ, अणाढियमाणे अपरिजाणमाणे विहरइ।

तए णं एगूणगाणं पंचण्हं देवीसयाणं एगूणाइं पंचमाइसयाइं इमीसे कहाए लद्धट्ठाइं समाणाइं–एवं खलु सीहसेणे राया सामाए देवीए मुच्छिए ४ अम्हं धूयाओ णो आढाइ णो परिजाणाइ तं सेयं खलु अम्हं साम दीव अग्गिप्पओगेण वा विसप्पओगेण वा सत्थप्पओगेण वा जीवियाओ ववरोवित्तए, एवं संपेहेंति, संपेहित्ता सामाए देवीए अंतराणि य छिद्दाणि य विरहाणि य पडिजागरमाणीओ २ विहरंति।

૫- ત્યાર બાદ મહારાજ સિંહસેન શ્યામા રાણીમાં મૂર્છિત-તેના ધ્યાનમાં જ પાગલ, ગૃદ્ધ-તેની જ આકાંક્ષાવાળો, ગ્રથિત-તેના સ્નેહબંધનમાં બંધાએલ અને અધ્યુપપન્ન તેમાં જ આસક્ત થઇ ગયો તે બીજી રાણીઓનો ન તો આદર કરતા હતા અને ન તેમનુ ધ્યાન પણ રાખતા હતા, એટલે તેમનો અનાદર અને તિરસ્કાર કરી અનાદર-પૂર્વક સમય વીતાવવા લાગ્યો

ત્યારે તે ૪૯૯ રાણીઓની ૪૯૯ માતાઓએ જ્યારે જાણ્યુ કે મહારાજ સિંહસેન શ્યામા રાણીમાં મૂર્છિત, ગૃદ્ધ, ગ્રથિત અને અધ્યુપપન્ન થઇને આપણી કન્યાઓનો અનાદર કરે છે અને તેઓનું ધ્યાન પણ રાખતો નથી, ત્યારે તે સર્વેએ મળીને નિશ્ચય કર્યો કે આપણે માટે એ જ ઉચિત છે કે, આપણે શ્યામા રાણીને અગ્નિ પ્રયોગ, વિષ પ્રયોગ અથવા શસ્ત્ર પ્રયોગથી જીવન રહિત કરી નાખીએ. આ પ્રમાણે વિચાર કર્યા પછી તેઓ શ્યામા રાણીના અતર, છિદ્ર તથા વિરહની રાહ જોવા લાગી

६- तए णं सा सामा देवी इमीसे कहाए लद्धट्ठा समाणी एवं वयासी--एवं खलु ममं एगूणाणं पंचण्हं सवत्तीसयाणं एगूणाइं पंचमाइसयाइं इमीसे कहाए लद्धट्ठाइं समाणाइं एवं वयासी--एवं खलु सीहसेणे राया जाव पडिजागरमाणीओ विहरंति, तं ण णज्जइ णं ममं केणइ कुमारेणं मारिस्संति त्तिकट्टु भीया४ जेणव कोवघरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता ओहय जावज्झियाइ।

૬- આ બાજુ શ્યામા રાણીને પણ આ ષડ્યંત્રની ખબર પડી ગઇ. જ્યારે તેને આ સમાચારો મળ્યાં ત્યારે તે વિચારવા લાગી કે મારી ૪૯૯ સપત્નીઓની ૪૯૯ માતાઓ મહારાજ સિંહસેન શ્યામામાં અત્યંત આસક્ત થઇ આપણી પુત્રીઓનો અનાદર કરે છે" એમ જાણીને એકત્રિત થઈ અને "અગ્નિ, વિષ યા શસ્ત્રના પ્રયોગથી શ્યામાના જીવનનો અત કરી દેવો એ જ આપણા માટે શ્રેષ્ઠ છે" એવો વિચાર કરીને તેઓ તે સમયની રાહ જોઇ રહી છે. જો એમ જ છે તો ન જાણે તેઓ મને કેવા કમોતે મારશે? એવો વિચાર કરીને તે શ્યામા ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન અને ભયવિહ્વલ થઇ ગઇ, તથા જ્યાં કોપ ભવન હતુ ત્યાં આવી અને ઉદાસીન મનવાળી થઇને અર્થાત્ નિરાશ મનથી બેઠી, યાવત્ વિચાર કરવા લાગી.

७- तए णं से सीहसेणे राया इमीसे कहाए लद्धट्ठे समाणे जेणेव कोवघरे जेणेव सामा देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता, सामं देविं ओहय जाव पासइ, पासित्ता एवं वयासी-कि णं तुमं देवाणुप्पिया ! ओहय जावज्झियासि ?

